RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ અષાઢ સુદ -૯ મંગળવાર તા.૨૧-૦૭-૨૦૨૬ અંક : ૧૭૨ વર્ષ : ૨૧ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

# દિલ્હીના જંતર-મંતર ખાતે ફરી વિદ્યાર્થીઓનું વિરોધ પ્રદર્શન

## સંસદ કૂચ બાદ મોડીરાત્રીના જંતર-મંતર ખાતે ફરી પ્રદર્શનકારીઓનો જમાવડો - આજે ફરી સંસદ તરફ કૂચનું એલાન,સરકાર સાથે હવે કોઈ વાતચીત નહીં,જેને બોલવાની જરૂર હશે તે જંતર મંતર આવશે : અભિજિત દીપકે

નવી દિલ્હી

કોકરોચ જનતા પાર્ટીએ દિલ્હીના જંતર-મંતર ખાતે ફરી વિરોધ પ્રદર્શન શરૂ કર્યા છે. સોમવારના ભારે હોબાળા બાદ, દિલ્હી પોલીસે જંતર-મંતર ખાલી કરાવ્યું હતું, પરંતુ મોડી રાત્રે વિરોધીઓ ફરીથી ત્યાં ભેગા થવા લાગ્યા. પ્રદર્શનકારીઓને સંબોધતા અભિજીત દીપકે જણાવ્યું હતું કે, સરકાર સાથે હવે કોઈ વાતચીત થશે નહીં; જેને બોલવાની જરૂર હોય તે જંતર-મંતર આવશે.દરમિયાન તેમણે આજે પણ સંસદ તરફ કૂચ લઈ જવાનું એલાન કર્યું હતું.

કોકરોચ જનતા પાર્ટીએ દિલ્હીના જંતર-મંતર ખાતે ફરી વિરોધ પ્રદર્શન શરૂ કર્યા છે. સોમવારના ભારે હોબાળા બાદ, દિલ્હી પોલીસે જંતર-મંતર ખાલી કરાવ્યું હતું,



પરંતુ મોડી રાત્રે વિરોધીઓ ફરીથી ત્યાં ભેગા થવા લાગ્યા. અહેવાલો અનુસાર, પોલીસે આ સમયગાળા દરમિયાન કોઈને રોક્યા નહીં. પોલીસે જણાવ્યું હતું કે શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓને રોકવામાં આવશે નહીં અને સ્પષ્ટ કર્યું હતું કે કોઈપણ ખલેલ પહોંચાડનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.દરમિયાન, સીજેપી નેતાઓએ કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડા સાથે મુલાકાત કરી છે. સીજેપીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, સરકારે તેમને વિચારણા કરવાની ખાતરી આપી છે. જો કે, રાત્રે પ્રદર્શનકારીઓમાં રહેલા અભિજીત દીપકેએ જણાવ્યું હતું કે સરકાર સાથે હવે કોઈ વાતચીત થશે નહીં; જેને બોલવાની જરૂર હોય તે જંતર-મંતર આવશે.

### પોલીસે સુરક્ષા વધારી સંસદ તરફનો માર્ગ કર્યો બંધ

જંતર-મંતર ખાતે પ્રદર્શનકારીઓએ ફરી સ્ટેજ સ્થાપિત કર્યું છે, ત્યારે પોલીસે પણ સુરક્ષા વધારી દીધી છે. જંતર-મંતર તરફ જતા રસ્તા ખુલ્લા રહે છે, પરંતુ સંસદ તરફ જતા રસ્તાઓ પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. દરમિયાન, પોલીસને ડર છે કે પ્રદર્શનકારીઓ આજે ફરીથી સંસદ તરફ કૂચ કરી શકે છે. વધુમાં, ઘણા વિપક્ષી નેતાઓ જંતર-મંતર પર આવી શકે છે. એકંદરે, પોલીસ આજે હાઈ એલર્ટ પર છે અને કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયારી કરી રહી છે. બીજી તરફ સીજેપીના સ્થાપક અભિજિત દીપકેએ આજે પણ સંસદ તરફ કૂચ લઈ જવા એલાન કર્યું છે આથી સુરક્ષાદળો સતર્ક બન્યા છે.

### દિલ્હી પોલીસે ૭૦ લોકોની કરી અટકાયત

દિલ્હી પોલીસે હવે સીજેપી વિરોધ પ્રદર્શન દરમિયાન પથ્થરમારો, વાહનોની તોડફોડ અને હિંસા સામે કાર્યવાહી શરૂ કરી છે. પોલીસકર્મીઓ પર હુમલો, પથ્થરમારો અને પોલીસકર્મીઓને ઈજા પહોંચાડવા અંગે અલગ અલગ એફઆઈઆર નોંધ્યા બાદ, હવે સીસીટીવી ફૂટેજ દ્વારા બદમાશોની ઓળખ કરવામાં આવી રહી છે. દરમિયાન, હિંસા અને વિરોધના સંદર્ભમાં પોલીસે ૭૦ લોકોની અટકાયત કરી છે.

સોમવારે સાંજે વિરોધ પ્રદર્શનમાં સામેલ બદમાશો દ્વારા કરવામાં આવેલા હુમલામાં ૧૦ આઈપીએસ અને દિલ્હી પોલીસ અધિકારીઓ સહિત ૧૧૮ થી વધુ પોલીસ અને અર્ધલશ્કરી દળના કર્મચારીઓ ઘાયલ થયા હતા. દિલ્હી પોલીસ કમિશનર અનુરાગ કુમારે હોસ્પિટલમાં જઈને ઘાયલોને મળ્યા, તેથી હવે શાંતિપૂર્ણ વિરોધની આડમાં પથ્થરમારો કરનારા અને હંગામો મચાવનારા બદમાશોને ઓળખવાનો વારો છે.

# ખેડૂતોની દિલ્હી તરફ કૂચ : સરકારે રસ્તો રોક્યો

## અમેરિકા સાથેના વેપાર કરારના વિરોધમાં ખેડૂતોએ દિલ્હીની વાટ પકડતા પોલીસે શંભુ બોર્ડર અને ટોલ પ્લાઝા સીલ કરી : સરકાર યુવાનો અને ખેડૂતોને સંભાળવા ઈચ્છુક ન હોવાનો કિસાન નેતાનો આરોપ

નવી દિલ્હી

અમેરિકા સાથે પ્રસ્તાવિત ટ્રેડ ડીલના વિરોધમાં કિસાન સંગઠનોએ આજે 'દિલ્હી કૂચ'ની જાહેરાત કરી છે. ખેડૂતોએ દિલ્હીના કિસાન ઘાટ પહોંચીને વિરોધ પ્રદર્શન કરવાનું આહ્વાન કર્યું છે. આ બાબતને ધ્યાનમાં રાખીને હરિયાણાના અંબાલા સ્થિત શંભુ બોર્ડર અને ટોલ પ્લાઝા પર સુરક્ષા વ્યવસ્થા સજ્જડ કરી દેવામાં આવી છે.સુરક્ષાના કારણોસર પોલીસે પંજાબ અને હરિયાણાને જોડતી શંભુ બોર્ડર સંપૂર્ણપણે બંધ કરી દીધી છે. સવારે લગભગ ૫.૩૦ વાગ્યે પોલીસે બંને રસ્તાઓ બંધ કરી દીધા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે રસ્તાઓ બંધ કરવાની તૈયારી રાતથી જ કરવામાં આવી રહી હતી. ખેડૂતોને સમજાવવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો, પરંતુ જ્યારે કોઈ સહમતિ ન સધાઈ ત્યારે બેરિકેડિંગ કરી દેવામાં આવ્યું. બીજી તરફ, ફતેહગઢ સાહેબથી ખેડૂતોનો કાફલો રવાના થઈ ગયો છે.

માહિતી મુજબ, ખેડૂતોએ દિલ્હી તરફ આગળ વધવાનું શરૂ કરી દીધું છે અને ખેડૂતોને શંભુ બોર્ડર પર રોકવા માટે હરિયાણા પોલીસ દ્વારા પણ તૈયારીઓ કરી લેવામાં આવી છે.

ખેડૂતોના વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને પોલીસ પ્રશાસન સંપૂર્ણપણે એલર્ટ પર છે. શંભુ બોર્ડર પર ભારે બેરિકેડિંગ કરવામાં આવ્યું છે અને મોટી સંખ્યામાં પોલીસ બળ તેમજ સુરક્ષાકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા છે. કોઈ પણ આકસ્મિક પરિસ્થિતિને પહોંચી વળવા માટે સમગ્ર વિસ્તારના ખૂણે-ખૂણા પર સુરક્ષાની કડક વ્યવસ્થા કરવામાં આવી છે.

બીજી તરફ, નેશનલ હાઈવે-૪૪ પર વાહનવ્યવહાર સંપૂર્ણપણે રોકી દેવામાં આવ્યો છે. અનેક સ્થળોએ બેરિકેડ્સ લગાવીને ટ્રાફિકને ડાયવર્ટ કરવામાં આવ્યો છે, જેના કારણે સામાન્ય લોકોને વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવો પડી રહ્યો છે.

ખેડૂત નેતા સરવન સિંહ પંઢેરનું કહેવું છે કે ભારત-અમેરિકા ડીલ રદ થવી જોઈએ. અમને માહિતી મળી રહી છે કે શંભુ બોર્ડર બંધ કરી દેવામાં આવી છે. અમને લાગે છે કે સરકાર ખેડૂતો સાથે વાતચીત કરીને મુદ્દાનો ઉકેલ લાવવાના બદલે ટકરાવની નીતિ અપનાવી રહી છે, દમનની નીતિ અપનાવી રહી છે. દેશના યુવાનોની વાત સાંભળવામાં નથી આવી રહી. ખેડૂતો અને શ્રમિકોની વાત પણ સાંભળવામાં નથી આવતી. ખેડૂત નેતાનું કહેવું છે કે તેઓ માત્ર ચાર કલાક માટે જવા માંગતા હતા. કિસાન ઘાટ ખેડૂતોનો છે, પરંતુ ત્યાં પણ જવાની મંજૂરી નથી.

વિરોધ કરી રહેલા ખેડૂતોનું માનવું છે કે સરકાર જે ડીલ (વેપાર કરાર) કરી રહી છે તેમાં ગુપ્ત કરાર છે, જે દેશહિતમાં નથી.

# સિક્કિમમાં નિર્માણાધીન ટનલમાં વિસ્ફોટ થતા આઠના મોત

ગંગટોક

સિક્કિમના નામચી જિલ્લામાં બની રહેલી એક નિર્માણાધીન સુરંગની અંદર સંદિગ્ધ મીથેન ગેસ વિસ્ફોટથી મોટી દુર્ઘટના સર્જાઇ છે. વિસ્ફોટ બાદ નિર્માણાધિન સમરદુંગ ટનલનો એન્ટ્રી ગેટ બંધ થઈ જતાં સોમવારથી જ ઘણા મજૂરો અંદર ફસાયેલા હતા. અત્યાર સુધી આ દુર્ઘટનામાં ૦૮ મજૂરોના મોત નીપજ્યા છે. જ્યારે ૨૭ જેટલા શ્રમિકો અંદર ફસાયાની આશંકા છે. શ્રમિકોને સુરંગમાંથી બહાર કાઢવા માટે મોટા પાયે અભિયાન ચલાવાઈ રહ્યું છે. ટનલમાં મિથેન ગેસ લીક થવાના કારણે સ્થિતિ વધુ કફોડી બની ગઈ હતી. શ્રમિકોને બહાર કાઢવા માટે એનડીઆરએફ, એસિડિયારેફ, સિક્કિમ પોલીસ અને ફાયર બ્રિગેડ તથા ઈમરજન્સી સર્વિસિસની ટીમો યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી ચલાવી રહી છે.

નામચી જિલ્લાના સમરદુંગ, ઝોલુંગે ખાતે આવેલા એનેચપીસીના તીસ્તા સ્ટેજ હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટની નિર્માણાધીન ટનલમાં ફસાયેલા મજૂરોને બહાર કાઢવામાં રેસ્ક્યુ ટીમોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ટનલની અંદર ગેસ ગળતરથી કેટલાક રેસ્ક્યુ વર્કર્સ પણ ચક્કર આવીને બેભાન થઈ ગયા હતા.

રાહત અને બચાવ કામગીરી સોમવારથી જ સતત ચાલુ છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ૭ મજૂરોના મોતની માહિતી આપવામાં આવી છે.

WE HAVE 15 BACKWARD INTEGRATED FACILITIES* MANUFACTURING OVER 9,000 PRODUCTS.**

6 IN INDIA, 6 IN THE US, 2 IN THE UK AND ONE IN MEXICO.*



25+ years of experience in the MIM# industry
#Metal Injection Moulding

Customers in 55 countries^
^Over the last three Fiscals

1,100+ Indian & Global OEM Customers*
*Served during Fiscal 2026

- World's largest manufacturer of precision engineering components using MIM# technology, for the past 6 years^
- Diverse product portfolio caters to automotive, defence, medical, consumer and aerospace sectors
- Expanded manufacturing capabilities over the years and as of March 31, 2026, have the world's largest installed capacity for MIM products (Source: F&S Report)
- Customers across 55 countries in the last three fiscals; long-standing relationships with Indian and global OEMs
- Deployed 436 robots and 476 Internet of Things enabled machines, as of March 31, 2026

INDO-MIM®
COMPLEXITY SIMPLIFIED
www.indo-mim.com

*As of the date of the Red Herring Prospectus | **In Fiscal 2026 | ^ With a market share of 6.8% in terms of revenue from MIM in Calendar Year 2025 (Source: F&S Report)

**INDO-MIM LIMITED** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP along with the Abridged Prospectus dated July 17,2026. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.indo-mim.com and on the websites of the Book Running Lead Managers ("**BRLMs**"), i.e. HDFC Bank Limited, Axis Capital Limited, ICICI Securities Limited, Kotak Mahindra Capital Company Limited and SBI Capital Markets Limited at www.hdfc.bank.in, www.axiscapital.co.in, www.icicisecurities.com, https://investmentbank.kotak.com/ and www.sbicaps.com, respectively. **Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see *'Risk Factors'* on page 18 of the RHP filed with SEBI and the Stock Exchanges. Potential investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges for making any investment.**

The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended, or any state securities laws in the United States, and unless so registered may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, such Equity Shares are being offered and sold (i) outside of the United States in offshore transactions in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur; and (ii) within the United States to "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act), pursuant to the private placement exemption set out in Section 4(a) of the U.S. Securities Act.

Adfactors 186/26

# અમેરિકન સૈનિકના મૃત્યુનો બદલો મોટો હુમલો કરી લઈશું : ડોનાલ્ડ ટ્રમ્પ



## ઈરાન ઉપર સતત દસમા દિવસે અમેરિકાની એરસ્ટ્રાઈક : હોર્મુઝમાં તંગદિલી વધતા ક્રૂડ ઓઈલના ભાવમાં ભડકો

તેહરાન

હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલાવવાના હેતુથી અમેરિકન સેનાએ ઈરાન પર સતત ૧૦મી રાત્રે પણ જોરદાર હવાઈ હુમલા ચાલુ રાખ્યા છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ સોશિયલ મીડિયા પર કડક શબ્દોમાં ચેતવણી આપતા કહ્યું છે કે, 'જ્યારે પણ ઈરાન કોઈ અમેરિકન સૈનિકની હત્યા કરશે, ત્યારે તેણે તેની ઘણી મોટી કિંમત ચૂકવવી પડશે!' બીજી તરફ ઈરાની મીડિયાના અહેવાલો અનુસાર, અમેરિકન હુમલામાં અત્યાર સુધીમાં ૫૦થી વધુ લોકોના મોત થયા છે અને ૫૧૭ લોકો ઘાયલ થયા છે, જ્યારે ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા યુદ્ધમાં અત્યાર સુધીમાં ૧૭ અમેરિકન સૈનિકોએ જીવ ગુમાવ્યો છે.

અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે સોશિયલ મીડિયા પર માહિતી આપતા જણાવ્યું હતું કે, 'આ હુમલાઓનો મુખ્ય હેતુ હોર્મુઝ સ્ટ્રેટમાં વ્યાપારી જહાજો પર હુમલો કરવા માટે વપરાતી ઈરાની સૈન્ય ક્ષમતાઓને નષ્ટ કરવાનો છે. અમેરિકન હવાઈ હુમલામાં ઈરાની મિલિટ્રી કમાન્ડ સેન્ટર્સ, એર ડિફેન્સ, કોસ્ટલ સર્વેલન્સ સાઈટ્સ, મિસાઈલ અને ડ્રોન લોન્ચ સાઈટ્સ તેમજ કમ્યુનિકેશન નેટવર્કને નિશાન બનાવવામાં આવ્યા છે.'

ઈરાની સરકારી ન્યૂઝ એજન્સી "ઈર્નાછ અનુસાર, તબરીઝ શહેર અને બંદર ઈમામ ખોમેની, સિરિક, જસ્ક, કોનારાક અને ચાબહાર જેવા દરિયાકાંઠાના વિસ્તારો પર મોટા પ્રમાણમાં બોમ્બમારો કરવામાં આવ્યો છે.

# હિમાચલમાં એકસાથે ત્રણ સ્થળોએ વાદળ ફાટ્યા

## દેશના ૧૬ રાજ્યોમાં વાવાઝોડા સાથે વરસાદની હવામાન વિભાગની આગાહી

નવી દિલ્હી

રાજધાની દિલ્હી અને ઉત્તર પ્રદેશના અનેક વિસ્તારોમાં સવારથી જ હળવો વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગના અનુમાન પ્રમાણે આજે રાજધાની દિલ્હી, ઉત્તર પ્રદેશ અને બિહાર સહિત દેશના ૧૬ રાજ્યોમાં ભારે વરસાદ સાથે વાવાઝોડાની ચેતવણી આપવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હવામાનનો મિજાજ આક્રમક રહી શકે છે. લગભગ ૭૦ થી ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ભારે પવન ફુંકાઈ શકે છે.

હવામાન વિભાગે જે ૧૬ રાજ્યો માટે ખાસ કરીને ભારે વરસાદ અને વાવાઝોડાની આગાહી બહાર પાડી છે, તેમાં ઉત્તર પ્રદેશ, બિહાર, દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, પંજાબ, જમ્મુ-કાશ્મીર, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, ગુજરાત અને કેરળનો સમાવેશ થાય છે.

હવામાનમાં ફેરફારની સૌથી વધુ અસર ઉત્તરના રાજ્યોમાં જોવા મળી શકે છે, જ્યાં તોફાની પવનોનું રૌદ્ર સ્વરૂપ લોકોની મુશ્કેલીઓ વધારી શકે છે. અચાનક હવામાન બગડવાની આશંકાને ધ્યાનમાં રાખીને વિભાગે ખાસ કરીને ઉત્તર ભારતના રહીશોને એલર્ટ અને સુરક્ષિત રહેવાની સલાહ આપી છે.

હિમાચલમાં ભારે વરસાદના 'રેડ એલર્ટ' વચ્ચે સોમવારે ચંબા જિલ્લાના પાંગીમાં ત્રણ જગ્યાએ વાદળ ફાટવાથી નાળાઓમાં પૂર આવ્યું હતું. અહીં કામ કરી રહેલા શ્રમિકો ફસાઈ ગયા હતા, જેમને ગ્રામજનોએ નાળાની સામસામે લોખંડની સીડી મૂકીને બહાર કાઢ્યા હતા.

પૂરના કારણે નાળા પરના પુલ અને રસ્તાઓ ક્ષતિગ્રસ્ત થવાની સાથે રોકડિયા પાક પણ તબાહ થઈ ગયા છે. મંડી જિલ્લામાં ટેકરી ધસી પડવાથી કુફરુ રોડની નીચે ૯૦ ફૂટ લાંબુ કૃત્રિમ તળાવ (સરોવર) બની ગયું છે.

ઉત્તરાખંડમાં વરસાદ અને

# સુરતના નાસીરનગરમાં થયેલા વિવાદિત ડિમોલિશન મામલે ૨૬ પીડિતોએ ન્યાય માટે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા

## ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને કહ્યું; કોર્ટની આંખમાં ધૂળ ન નાખો, ૧૫૦ પરિવારોને રસ્તા પર કેમ આવ્યા?

અમદાવાદ/સુરત,

સુરતના નાસીરનગરમાં થયેલા વિવાદિત અને ભૂતિયા ડિમોલિશનના વિરોધમાં ૨૬ પીડિતોએ ન્યાય મેળવવા માટે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા છે ત્યારે ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકાર અને સુરત મહાનગરપાલિકા સામે કડક વલણ દાખવ્યું છે.

આ મામલે ૨૬ અરજદારો દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. અરજીમાં રાજ્ય સરકાર, સુરત મહાનગરપાલિકા, સુરત પોલીસ કમિશ્નર, વિશેષ કામગીરી જૂથના પોલીસ અધિકારી રાજદીપસિંહ નકુમ, ખાનગી બિલ્ડર, મહાનગરપાલિકા અને પોલીસના અધિકારીઓ-કર્મચારીઓ તેમજ ટોરેન્ટ પાવરને પક્ષકાર બનાવવામાં આવ્યા છે.



સુનાવણી દરમિયાન રાજ્ય સરકાર તરફથી એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ કોર્ટને જણાવ્યું હતું કે નાસીરનગરના લાયકાત ધરાવતા અસરગ્રસ્ત પરિવારોના પુનઃવસન માટે ૧૨૦ ફ્લેટ ઉપલબ્ધ છે. સાથે જ સમગ્ર ઘટનાની તપાસ માટે રાજ્ય સરકારે ઉચ્ચસ્તરીય સમિતિ બનાવવાનો નિર્ણય કર્યો છે. આ સમિતિમાં શહેરી આવાસ અને શહેરી વિકાસ વિભાગના બે વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ કરવામાં આવશે.

જોકે, હાઈકોર્ટે આ રજૂઆતથી અસંતોષ વ્યક્ત કરતાં પૂછ્યું હતું કે સમિતિ કયા મુદ્દાની તપાસ કરશે તે જ સ્પષ્ટ નથી. કોર્ટે કહ્યું કે માત્ર "તલસ્પર્શી અભ્યાસ" શબ્દો લખવાથી ચાલશે નહીં, પરંતુ તપાસનો ચોક્કસ વિષય પણ જણાવવો પડશે.

એડવોકેટ જનરલે કોર્ટમાં જણાવ્યું કે સમગ્ર ઘટનામાં સામેલ દરેક અધિકારી અને કર્મચારીની ભૂમિકાની તપાસ કરવામાં આવશે. જોકે કોર્ટે નોંધ્યું કે સુરત મહાનગરપાલિકા કમિશ્નરના મોબાઈલ નંબર સાથે જોડાયેલા સંદેશાનો રેકોર્ડ સામે આવ્યો છે. ઉપરાંત સસ્પેન્ડ કરાયેલા મહાનગરપાલિકાના કર્મચારીએ સોગંદનામામાં સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે કમિશ્નરના કહેવાથી જ ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવી હતી.

# રૂ. ૩૫૯ કરોડના ખર્ચે યાત્રાધામ પાવાગઢની કાયાકલ્પ માટે રાજ્ય સરકારનો મેગા પ્લાન

## ગુજરાતનું સુપ્રસિદ્ધ યાત્રાધામ અને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન પામેલું ચાંપાનેર-પાવાગઢ હવે વૈશ્વિક સ્તરની સુવિધાઓથી સજ્જ થશે

અમદાવાદ,

ગુજરાતનું સુપ્રસિદ્ધ યાત્રાધામ અને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન પામેલું ચાંપાનેર-પાવાગઢ હવે વૈશ્વિક સ્તરની સુવિધાઓથી સજ્જ થઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્રને સાકાર કરવા ગુજરાત સરકારે પાવાગઢના સર્વાંગી વિકાસ માટે રૂ. ૩૫૯ કરોડથી વધુનો મેગા માસ્ટર પ્લાન અમલી બનાવ્યો છે. ચાર તબક્કાના આ પ્રોજેક્ટમાં પ્રથમ બે તબક્કાની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે, જ્યારે ત્રીજા અને ચોથા તબક્કાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ગત ૧૮ જૂન, ૨૦૨૨ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાવાગઢના નવનિર્મિત શિખર પર ૫૦૦ વર્ષ બાદ ઐતિહાસિક ધ્વજારોહણ કર્યું હતું. આ પુનરુદ્ધારના ૪ વર્ષ પૂર્ણ થતાં જ અહીં આવતા



શ્રદ્ધાળુઓની સંખ્યામાં અભૂતપૂર્વ ઉછાળો આવ્યો છે.

વર્ષ ૨૦૧૬-૧૭માં જ્યાં વાર્ષિક માત્ર ૩૮.૬૭ લાખ શ્રદ્ધાળુઓ આવતા હતા, તેની સરખામણીએ વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં આ આંકડો છ ગણો વધી ગયો છે.

# ગુજરાતમાં ૭૯ વર્ષ બાદ જેલ વિભાગમાં બદલાવની માંગ

## પોલીસ સમક્ષ રેન્ક, આધુનિક યુનિફોર્મ અને જેલ મેન્યુઅલમાં મોટા સુધારા માટે ગૃહરાજ્યમંત્રીને રજૂઆત

અમદાવાદ,

બ્રિટિશ યુગના સિપાઈ, હવાલદાર હોદ્દા ને બદલવા માટે ૨ સોલ્ડર બેજ અને દંડની પદ્ધતિમાં ફેરફાર સહિતના ચાર મહત્વપૂર્ણ માંગણીયો રાજ્યના જેલ વિભાગમાં દાયકાઓથી અમલમાં રહેલી બ્રિટિશ કાળની વ્યવસ્થામાં સમયાનું કુળ પરિવર્તન લાવવા માટે મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે ભારતને આઝાદી મળ્યા ને ૭૯ વર્ષ પછી પણ જલ વિભાગમાં અનેક હોદ્દાઓ, શિસ્તની જોગવાઈઓ અને યુનિફોર્મ સંબંધિત નિયમો બ્રિટિશ શાસન કાલની જ પરંપરા મુજબ અમલમાં છે. જ્યારે કેન્દ્ર સરકારના મોડલ પ્રિઝમ મેન્યુઅલ મુજબ આધુનિક જેલ વ્યવસ્થામાં જેલ કર્મચારીઓની ભૂમિકા માત્ર કેદીઓની દેખરેખ પૂર્તિ મર્યાદિત નથી પરંતુ સુરક્ષા સાથે સુધારાત્મક અને પુનર્વસન આધારિત કામગીરી પણ એટલી જ મહત્વપૂર્ણ બની છે આ બદલાયેલા દ્રષ્ટિકોણને અનુરૂપ રાજ્યના જેલ મેન્યુઅલ માં સુધારા સમયની માંગ હોવાનું રજૂઆતમાં જણાવ્યું છે. રજૂઆતમાં ભારપૂર્વક જણાવાયું છે કે જેલ ગરમચારીઓ ચાર દીવાલોની અંદર સમાજને સૌથી જોખમી અને સંવેદનશીલ વર્ગ સાથે સતત ફરજ બજાવે છે અનેક વખત તેઓ પોતાના જીવના જોખમે કાયદો અને વ્યવસ્થાની જાળવણીની જવાબદારી નિભાવે છે તેમ છતાં તેમની ફરજની ગંભીરતાને અનુરૂપ ઓળખ અને સુવિધાઓ હજી સુધી પણ ઉપલબ્ધ નથી.

# અમદાવાદમાં ફટાકડા ફેક્ટરી બ્લાસ્ટ કેસઃ પોલીસે આરોપીઓને સાથે રાખી કર્યું ઘટનાનું રિકન્સ્ટ્રક્શન

## અમદાવાદ ગેરકાયદેસર ફટાકડા ફેક્ટરી બ્લાસ્ટમાં વધુ ૧નું મોત, મૃત્યુઆંક ૧૦ પર પહોંચ્યો

અમદાવાદ,

શહેરના રામોલ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ચાલતી ફટાકડાની ફેક્ટરીમાં થયેલા બ્લાસ્ટની ઘટનામાં વધુ એક ઘાયલનું સારવાર દરમિયાન મોત થતાં મૃત્યુઆંક વધીને ૧૦ થયો છે. ઘાયલોને એલજી હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવ્યા હતા. ૪ લોકોને ઘટનાસ્થળે જ મૃત જાહેર કરવામાં આવ્યા હતા, જેમની ડેડબોડી એલજી હોસ્પિટલમાં લાવવામાં આવી હતી. મૃતક ૯૫ ટકા સુધી દાઝ્યા હોવાથી તેમની હાલત અત્યંત ગંભીર હતી અને સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

અમદાવાદના રામોલ વિસ્તારમાં RAF કેમ્પની પાછળ મહેમદપુરામાં ચાલતી ગેરકાયદેસર ફટાકડાની ફેક્ટરીમાં આગ લાગી હોવાની ઘટના બની હતી. ફટાકડાની ફેક્ટરીમાં આગના મામલે રામોલ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ૩ વ્યક્તિઓને રાઉન્ડઅપ કર્યા છે. ગેરકાયદેસર ફટાકડા ફેક્ટરીના માલિક મેહુલ ડોડિયા સહિત ૩ વ્યક્તિઓની અટકાયત કરી છે.

રામોલ ફટાકડા ફેક્ટરી બ્લાસ્ટ કેસમાં પોલીસે ૨૦મી જુલાઈએ આરોપીને ઘી કાંટા કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે મુખ્ય આરોપી મેહુલ ડોડિયા અને સાદિક સૈયદના ૨૭મી જુલાઈ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. આરોપીના રિમાન્ડ બાદ પોલીસ મેહુલ ડોડીયા અને સાદિકને સાથે રાખી ઘટનાસ્થળે પહોંચી પંચનામું કર્યું હતું.

રામોલ ફટાકડા ફેક્ટરી બ્લાસ્ટના બંને આરોપી સાદિક અને મેહુલને પોલીસ ૨૦મી જુલાઈએ પંચનામું કરવા અર્થે ઘટનાસ્થળે પહોંચીને ઘટનાનો તાગ મેળવવાની કાર્યવાહી કરી હતી. જેને લઈને પોલીસે જણાવ્યું હતું કે, 'બનાવ સમયે આરોપી કે ભોગ બનનાર વ્યક્તિ કઈ જગ્યા હતા, કઈ રીતે ઘટના ઘટી, તે બાબતે આરોપીને ઘટનાસ્થળે લાવી જીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. તેમજ આરોપના ફોન ઘટનામાં સળગી ગયા હોવાનું જણાવતા તેની તપાસ ચાલી રહી છે. એક જ જગ્યાએ મેહુલ અને સાદિકના અલગ અલગ યુનિટ હતા. આ જગ્યા ભાડાના હતી, જેનું ૧૫૦૦૦ જેટલું ભાડું હતું. જમીન માલિકની હાલ પૂછપરછ કરવાની કામગીરી ચાલી રહી છે.'

પોલીસે ફટાકડા ફેક્ટરી બ્લાસ્ટ કેસમાં સંડોવાયેલા મુખ્ય આરોપી મેહુલ ડોડિયા, તેની માતા રમીલાબહેન ડોડિયા અને સાદિક સૈયદને કોર્ટ સમક્ષ રજૂ કરીને સઘન પૂછપરછ માટે રિમાન્ડની માંગણી કરી હતી. જોકે, મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ ડી. આર. ઠાકુરની કોર્ટે કેસની ગંભીરતાને ધ્યાને રાખીને મુખ્ય આરોપી મેહુલ ડોડિયા અને સાદિક સૈયદના ૭ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે.

# રાજ્યમાં અત્યાર સુધીમાં ચાંદીપુરા વાયરસના કુલ ૬૩ શંકાસ્પદ કેસો નોંધાયા

## રાજ્યમાં ચાંદીપુરા વાયરસની હાલની સ્થિતિ અને નિયંત્રણ અંગે સમીક્ષા બેઠક યોજાઈ

ગાંધીનગર,

ગુજરાતમાં ચાંદીપુરા વાયરસ કેસની વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયાની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજયના વિવિધ જિલ્લાઓમાં નોંધાયેલા કેસોની ભૌગોલિક સ્થિતિ, વાયરસના ફેલાવાના કારણો, લેબોરેટરી ટેસ્ટિંગ અને વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલા પગલાઓની ઊંડાણપૂર્વક સમીક્ષા કરવામાં આવી હતી.

રાજયમાં અત્યાર સુધીમાં ચાંદીપુરા વાયરસના કુલ ૬૩ શંકાસ્પદ કેસો નોંધાયા છે. જેમાંથી ૧૨ દર્દીઓના રીપોર્ટ પોઝિટિવ આવ્યા છે. જેમાંથી ૯ કેસ ગુજરાતના અને ૩ કેસ રાજસ્થાનના દર્દીઓના છે.

આ ઉપરાંત કુલ ૬૩ શંકાસ્પદ કેસોના નમૂનાઓમાંથી ૫૫ ના પરીક્ષણ પરિણામો પ્રાપ્ત થઈ ચૂક્યા છે અને બાકીના ૮ નમૂનાઓનું પરીક્ષણ પરિણામ આવવાનું હજુ બાકી છે.

આરોગ્ય મંત્રીશ્રીએ વિગતો આપતા જણાવ્યું કે હાલમાં નોંધાયેલા પોઝિટિવ કેસો ગુજરાતના પંચમહાલ અને ખેડા જિલ્લામાં ૨, સાબરકાંઠા, મહેસાણા, ભરૂચ, ભાવનગર અને અમદાવાદ કોર્પોરેશન વિસ્તારમાં એક કેસ નોંધાયેલા છે.

# ગુજરાત સરકારે કર્મચારીઓ માટે નવી પેન્શન યોજનામાં રોકાણના નિયમોમાં કર્યો ફેરફાર

## લાઈફ સાયકલ ફંડમાં હવે ઈક્વિટી રોકાણની મહત્મ મર્યાદા ૭૫ ટકા સુધીની રહેશે

ગાંધીનગર

ગુજરાત સરકારના કર્મચારીઓ માટે નવી પેન્શન યોજનાના રોકાણ નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ નવી સૂચના મુજબ આક્રમક લાઈફ સાયકલ ફંડમાં હવે ઈક્વિટી રોકાણની મહત્મ મર્યાદા ૭૫ ટકા સુધીની રહેશે. ૪૫ વર્ષની ઉંમર સુધી ૭૫ ટકા ઈક્વિટી રોકાણની મંજૂરી મળશે. ગુજરાત સિવિલ સર્વિસિસ ન્યૂ કોન્ટ્રિબ્યુટરી પેન્શન સ્કીમ નિયમોમાં સુધારો કરવામાં આવ્યો છે. સરકારે જાહેરનામું બહાર પાડીને સુધારેલા નિયમો અમલમાં મૂક્યા છે.

ગુજરાત સરકારના નાણા વિભાગ દ્વારા ગુજરાત સરકારના કર્મચારીઓ માટે નવી પેન્શન યોજનાના રોકાણ નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ગુજરાત સરકારે ગુજરાત સિવિલ સર્વિસિસ (નવી અંશદાન પેન્શન યોજના) નિયમો ૨૦૨૪માં સુધારો કરીને નવા રોકાણ વિકલ્પો ઉમેર્યા છે.

નિયમ ૨૮(૨) (બી)(ત્રણ) હેઠળ હાલ જે વિકલ્પો છે તે ઉપરાંત નવા બે લાઈફ સાયકલ ફંડ ઉમેરવામાં આવ્યા છે.

૧. એગ્રેસિવ લાઈફ સાયકલ ફંડમાં ઈક્વિટી (શેર બજાર)મા મહત્તમ રોકાણની મર્યાદા ૭૫% સુધીની રહેશે.

૨. બેલેન્સ્ડ લાઈફ સાયકલ ફંડમાં ઈક્વિટીમાં મહત્તમ રોકાણની મર્યાદા ૫૦% રહેશે અને કર્મચારીની ઉંમર ૪૫ વર્ષ થાય ત્યારથી ઈક્વિટીનું પ્રમાણ ધીમે ધીમે ઘટતું જશે.

આ નિયમો "ગુજરાત સિવિલ સર્વિસીસ (ન્યૂ કોન્ટ્રિબ્યુટરી પેન્શન સ્કીમ) (સુધારા) નિયમો, ૨૦૨૬" કહેવાશે.

સરકારી ગેઝેટમાં પ્રકાશિત થયાની તારીખથી જ અમલમાં આવી જશે. નવી સૂચના મુજબ આક્રમક લાઈફ સાયકલ ફંડમાં હવે ઈક્વિટી રોકાણની મહત્તમ મર્યાદા ૭૫ ટકા સુધી, ૪૫ વર્ષની ઉંમર સુધી ૭૫ ટકા ઈક્વિટી રોકાણની મળશે મંજૂરી ગુજરાત સિવિલ સર્વિસિસ ન્યૂ કોન્ટ્રિબ્યુટરી પેન્શન સ્કીમ નિયમોમાં સુધારો.

# અમદાવાદ ફટાકડા ફેક્ટરી બ્લાસ્ટ કેસમાં મુખ્ય બે આરોપીઓના ૨૭ જુલાઈ સુધી રિમાન્ડ મંજૂર

અમદાવાદ,

મહેમુદપુરા વિસ્તારમાં આવેલી ન્યૂ ગુજરાત ફાયર વર્ક્સ ફટાકડા ફેક્ટરીમાં થયેલા ભયાનક બ્લાસ્ટ અને આગના કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓને મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. કેસની વધુ તપાસ માટે એસઆઈટી દ્વારા ૧૪ દિવસના પોલીસ રિમાન્ડની માંગ કરવામાં આવી હતી. જોકે કોર્ટે મુખ્ય બે આરોપી મેહુલ ડોડીયા અને સાદિક સૈયદના ૨૭ જુલાઈ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે.

આ કેસમાં ન્યૂ ગુજરાત ફાયર વર્ક્સના સંચાલક મેહુલ ડોડીયા, તેમની માતા રમીલા ડોડીયા અને ભાગીદાર સાદિક સૈયદની પોલીસે ધરપકડ કરી હતી. જોકે મહિલા આરોપી રમીલા ડોડીયાની તબિયત બગડતા તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાથી કોર્ટમાં માત્ર મેહુલ ડોડીયા અને સાદિક સૈયદને જ રજૂ કરવામાં આવ્યા હતા.

સરકારી વકીલ ભરત આર બારોટે કોર્ટમાં રિમાન્ડ માટે મહત્વના કારણો રજૂ કરતા દલીલ કરી કે આરોપીઓને સાથે રાખીને બનાવ સ્થળનું પંચનામું કરવું જરૂરી છે. ઉપરાંત ફટાકડા ફેક્ટરીના આર્થિક અને નાણાકીય વ્યવહારોની તપાસ, વિસ્ફોટક સામગ્રીની ખરીદી-વેચાણની વિગતો, સ્ટોક રજિસ્ટર, કામદારોની યાદી અને અન્ય દસ્તાવેજો કબજે લેવા માટે આરોપીઓની પૂછપરછ જરૂરી છે. આરોપીઓએ કોઈપણ પ્રકારના પાસ અથવા પરવાના વિના ફેક્ટરી ચલાવવામાં આવી રહી હતી અને આ કામ માટે AMCના કોઈ અધિકારીની સંડોવણી હતી કે નહીં, તેમજ આ પ્રકારની અન્ય ગેરકાયદેસર ફટાકડા ફેક્ટરીઓ પણ ચાલી રહી છે કે કેમ તેની તપાસ માટે આરોપીઓના રિમાન્ડ જરૂરી છે.

# છેલ્લા ૧૨ વર્ષમાં દેશમાં ૧૫૨ જેટલા પેપર લીક થયા, કરોડો વિદ્યાર્થીઓના ભવિષ્ય પર પ્રશ્નચિહ્ન : અમિત ચાવડા

## શિક્ષણ માફિયાઓના કારણે લાયક ઉમેદવારોને નુકસાન, સરકાર પાસે વિદ્યાર્થીઓના પ્રશ્નોના કોઈ જવાબ નથી

અમદાવાદ,

નીટ સહિત વિવિધ ભરતી અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પેપર લીકના મુદ્દે ગુજરાત પ્રદેશ કોંગ્રેસે કેન્દ્ર સરકાર સામે આકરા પ્રહારો કર્યા છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું કે, "છેલ્લા ૧૨ વર્ષમાં દેશમાં અંદાજે ૧૫૨ જેટલા પેપર લીક થયા છે, જેના કારણે કરોડો વિદ્યાર્થીઓના ભવિષ્ય પર પ્રશ્નચિહ્ન ઊભું થયું છે."

તેમણે કહ્યું કે, દેશભરના લગભગ ૭.૫ કરોડ વિદ્યાર્થીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. પ્રાઈવેટ સેક્ટરમાં મંદી જેવી સ્થિતિને કારણે યુવાનો સરકારી નોકરી તરફ વળી રહ્યા છે. પરંતુ માત્ર ૬ લાખ સરકારી જગ્યાઓ સામે આશરે ૯ કરોડ ઉમેદવારો પરીક્ષા આપે છે, જેમાં સરેરાશ ૧૫૦ ઉમેદવારોમાંથી માત્ર એકને જ નોકરી મળે છે.

અમિત ચાવડાએ આક્ષેપ લગાવ્યો કે, શિક્ષણ માફિયાઓના કારણે લાયક ઉમેદવારોને નુકસાન થઈ



રહ્યું છે અને સમગ્ર શિક્ષણ વ્યવસ્થા પર લોકોનો વિશ્વાસ ડગમગી રહ્યો છે. તેમણે ડબલ એન્જિન સરકારની શિક્ષણ નીતિને નિષ્ફળ ગણાવી અને કહ્યું કે સરકાર પાસે વિદ્યાર્થીઓના પ્રશ્નોના કોઈ જવાબ નથી.

કોંગ્રેસે કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની પણ માંગ કરી છે. સાથે જ નીટના પેપર લીકમાં લાખો રૂપિયાના સોદા થતા હોવાનો આરોપ લગાવી સમગ્ર કૌભાંડની નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી છે.

# ઘર વિહોણા પરિવારોનું ઘરનું સપનું સાકાર થશે, મફત પ્લોટ યોજના હેઠળ સરકારે સહાય વધારી

## ગામતળની ખાડા ટેકરાવાળી જમીન સમતળ કરવા માટેની સહાય પ્રતિ હેક્ટર પચાસ હજાર રૂપિયાથી વધારી બે લાખ રૂપિયા કરવામાં આવી

ગાંધીનગર,

સરકારી પ્લોટની ફાળવણી અંગે સરકાર તરફથી મહત્વની જાહેરાત કરવામાં આવી છે. સરકારે ગ્રામ્ય વિસ્તારમાં ઘર વિહોણા પરિવારોને મફત પ્લોટ યોજના હેઠળ વધુ સહાયની જાહેરાત કરી છે. મકાન માટે પ્લોટ વિકાસ ખર્ચમાં પાંચ ગણો વધારો કરાયો છે. હવે પ્લોટ દીઠ વિકાસ ખર્ચ એક હજાર રૂપિયાથી વધારી પાંચ હજાર રૂપિયા કરવામાં આવ્યો છે. ગામતળની ખાડા ટેકરાવાળી જમીન સમતળ કરવા માટેની સહાય પ્રતિ હેક્ટર પચાસ હજાર રૂપિયાથી વધારી બે લાખ રૂપિયા કરવામાં આવી છે. નવો ઠરાવ અમલમાં આવતા ગ્રામ્ય આવાસ યોજનાના લાભાર્થીઓને વધુ રાહત મળશે.

ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ૧૭મી જુલાઈ ૨૦૨૬ના રોજ ઠરાવ બહાર પાડીને આ અંગે જાહેરાત કરવામાં આવી છે. આ ઠરાવ ગ્રામ વિસ્તારના ઘરવિહોણા કુટુંબોને મકાન બાંધકામ માટે રહેણાંકના મફત પ્લોટ આપવાની યોજના અંગેના તા. ૦૧/૦૫/૨૦૧૭ના ઠરાવની જોગવાઈ નં. ૧૨માં સુધારો કરવા બાબતનો છે.

અત્રે જણાવવાનું કે ગ્રામ વિસ્તારના ઘર વિહોણા કુંટુંબો પોતાનું ઘર બનાવી શકે તે માટે ૧૦૦ ચોરસવારના ઘરથાળના મફત પ્લોટ ફાળવવાની યોજના ૦૧/૦૫/૨૦૧૭ના ઠરાવથી અમલમાં છે. ત્યારબાદ સમયાંતરે તેમાં સુધારા કરાયા છે. હાલ વિકાસ કમિશનરની કચેરી દ્વારા આ યોજનાની જોગવાઈ નં ૧૨માં સુધારો કરવાની દરખાસ્ત હતી જે સરકારના વિચારણા હેઠળ હતી. પ્લોટ દીઠ જમીન વિકાસ ખર્ચ ૧૦૦૦ રૂપિયા હતો. ગામતળની ખાડા-ટેકરાવાળી જમીન સમતળ કરવા ૫૦,૦૦૦ રૂપિયા પ્રતિ હેક્ટર સુધીની સહાય મળતી હતી.

પ્લોટ દીઠ જમીન વિકાસ ખર્ચ ૫,૦૦૦ રૂપિયા કરવામાં આવ્યો છે. ખાડા-ટેકરાવાળી જમીન સમતળ કરવા સહાય ૨,૦૦,૦૦૦ પ્રતિ હેક્ટર કરવામાં આવી છે.

# ડ્રગ્સ મુક્ત ગુજરાતના સંકલ્પને સાકાર કરવા પોલીસની સાથે સામાજિક સંસ્થાઓ અને નાગરિકો પણ ભાગીદાર બને: નાયબ મુખ્યમંત્રી

## નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ભરૂચના દહેજ ખાતે રૂ.૨૧૫૩ કરોડના ડ્રગ્સનો નાશ કરાયો

ભરૂચ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના 'નશા-મુક્ત ગુજરાત'ના સંકલ્પને વધુ દ્રઢ બનાવવાના ભાગરૂપે, રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી ભરૂચના દહેજ ખાતે 'એન્વાયરો ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ' દ્વારા આયોજિત ડ્રગ્સ નાબૂદી કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન નાયબ મુખ્યમંત્રીશ્રી તથા ડ્રગ્સ નિકાલ કમિટીના સભ્યોએ ડ્રગ્સના જથ્થાનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી વિગતો મેળવી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહના 'ડ્રગ્સ-ફ્રી ઈન્ડિયા'ના આહ્વાન અને 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અંતર્ગત વૈજ્ઞાનિક પદ્ધતિથી આ તમામ નાર્કોટિક્સ જથ્થાનો બિનહાનિકારક નાશ કરવામાં આવ્યો હતો. આ જ સ્થળેથી નાયબ મુખ્યમંત્રીશ્રીએ લાકડીયા (ભચાઉ) ખાતે યોજાયેલા નાર્કોટિક્સ જથ્થાના નાશ કાર્યક્રમનો પણ ઓનલાઈન પ્રારંભ કરાવ્યો હતો.

આ કાર્યક્રમમાં રાજયના ૨૪ એકમો દ્વારા કુલ ૮૬૭ ગુનાઓમાં જપ્ત કરવામાં આવેલ રૂ.૨૧૫૩ કરોડની કિંમતનો નાર્કોટિક્સ જથ્થો (૧૩,૨૪૯.૧૨૭ કિલોગ્રામ ડ્રગ્સ અને ૫,૭૧,૦૨૮ બોટલો) નાશ કરવામાં આવ્યો હતો.

આ કાર્યવાહીમાં ભરૂચ, નર્મદા, સુરત ગ્રામ્ય, સુરત શહેર, નવસારી, તાપી-વ્યારા, દાહોદ, છોટાઉદેપુર, પંચમહાલ, ડાંગ-આહવા, વલસાડ, વડોદરા ગ્રામ્ય, વડોદરા શહેર, આણંદ, ખેડા-નડિયાદ, પશ્ચિમ રેલવે (વડોદરા અને અમદાવાદ), અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ શહેર, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા સહિત સી.આઈ.ડી. ક્રાઈમ (CID Crime) અને એ.ટી.એસ. (ATS) ની ટીમની કામગીરી આવરી લેવાઈ હતી.

ત્યારબાદ GACL કંપની (દહેજ) ખાતે એન.ડી.પી.એસ. (NDPS) હેન્ડબુકના વિમોચનનો આયોજિત કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાત પોલીસની એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ દ્વારા તૈયાર કરાયેલી આ હેન્ડબુકનો મુખ્ય હેતુ તપાસ અધિકારીઓને સુદ્રઢ માર્ગદર્શન પૂરું પાડવાનો અને કાયદાનું કડક અમલીકરણ કરવાનો છે.

આ ઉપરાંત, પોલીસ વિભાગ દ્વારા તૈયાર કરાયેલા 'ડ્રગ મુક્ત ગુજરાત' જાગૃતિ વીડિયો અને વ્યસનમુક્ત થયેલા પીડિતોના પ્રતિભાવો દર્શાવતી લઘુફિલ્મ તથા વિશેષ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યા હતા.

પોલીસ વિભાગને અભિનંદન આપતાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આજના સમયમાં સમાજનું સૌથી મોટું દૂષણ ડ્રગ્સ છે. આ દૂષણ સામે ગુજરાત પોલીસ જે પ્રકારે જંગ લડી રહી છે તે ખરેખર વંદનીય છે.

# કલામ ઈનોવેટીવ સ્કૂલના પ્રવેશોત્સવ અને વાલી સંમેલનમાં ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીનું પ્રેરણાદાયી માર્ગદર્શન







(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલીઃ

ડૉ. કલામ ઈનોવેટીવ સ્કૂલ, અમરેલી ખાતે નવા શૈક્ષણિક વર્ષની ઉજ્જવળ શરૂઆત નિમિત્તે શાળા પ્રવેશોત્સવ અને વાલી સંમેલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા ઈફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણીએ વિદ્યાર્થીઓ અને વાલીઓને સંબોધતા શિક્ષણ, સંસ્કાર, શિસ્ત, ટેકનોલોજી અને જીવનમાં સતત પ્રગતિ માટે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું.

તેમણે પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે આજના વિદ્યાર્થીઓ જ આવતીકાલના ભારતના જવાબદાર નાગરિકો છે. શિક્ષણ સાથે સંસ્કાર, નવીનતા, મહેનત અને આત્મવિશ્વાસનું સંવર્ધન થાય ત્યારે જ સાચા અર્થમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. તેમણે વાલીઓને પણ બાળકોના સર્વાંગી વિકાસમાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો.કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ શ્રી જયંતીભાઈ પાનસૂરિયા, ટ્રસ્ટના પ્રમુખશ્રી ઠાકરશીભાઈ મેતલીયા તેમજ ટ્રસ્ટીશ્રીઓ માવજીભાઈ ગોલ, ધીરુભાઈ વાળા, કનુભાઈ ગોજારીયા, મગનભાઈ ગોલ અને પરબતભાઈ રજોડીયા ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ માટે રચાયેલ વિશેષ વિદ્યાર્થી મંત્રીમંડળની શપથવિધિ યોજાઈ હતી. મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓએ શપથ ગ્રહણ કરી શાળાના વિવિધ વિભાગોની જવાબદારી સ્વીકારી હતી. આ પહેલનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નેતૃત્વ, જવાબદારી, શિસ્ત અને ટીમવર્ક જેવા ગુણોનો વિકાસ કરવાનો છે.કાર્યક્રમ દરમિયાન શૈક્ષણિક, સહશૈક્ષણિક અને સર્વાંગી વિકાસમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને "સંકલ્પથી સિદ્ધિ સન્માન"થી સન્માનિત કરવામાં આવ્યા હતા.આ તકે વિદ્યાર્થીઓના શિક્ષણને વધુ આધુનિક, રસપ્રદ અને અનુભવાત્મક બનાવવા માટે આધુનિક 7D ઈમર્સિવ ટેકનોલોજીનું વિશેષ ડેમો પણ યોજવામાં આવ્યો હતો. આ ટેકનોલોજી દ્વારા વિદ્યાર્થીઓ અભ્યાસને જીવંત અનુભવી શકે છે અને વિષયને વધુ સરળતાથી સમજી શકે છે. ઉપસ્થિત મહાનુભાવોએ આ નવીન શૈક્ષણિક પહેલને બિરદાવી હતી અને ભવિષ્યલક્ષી શિક્ષણ માટેના શાળાના પ્રયાસોની પ્રશંસા કરી હતી.


આ પ્રસંગે ઈફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણીના માર્ગદર્શન અને સહયોગથી ઈફકો ટોકિયો જનરલ ઈન્શ્યોરન્સના સી.એસ.આર અંતર્ગત ડૉ. કલામ ઈનોવેટીવ સ્કૂલને પ્રાપ્ત થયેલી નવી સ્કૂલ બસનું ભવ્ય લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું. આ બસ દ્વારા ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને વધુ સુરક્ષિત, સુવિધાસભર અને સરળ પરિવહન સેવા ઉપલબ્ધ બનશે, જે તેમના શિક્ષણના માર્ગને વધુ સુગમ બનાવશે.

આ તકે શાળા પરિવાર, ટ્રસ્ટીશ્રીઓ, વાલીઓ તથા વિદ્યાર્થીઓએ ગ્રામ્ય શિક્ષણ માટે સતત સહયોગ આપવા બદલ ઈફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી તથા ઈફકો ટોકિયો જનરલ ઈન્શ્યોરન્સનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. મહાનુભાવોએ પણ શાળાના નવીન શિક્ષણ અભિગમ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે થઈ રહેલા પ્રયાસોની પ્રશંસા વ્યક્ત કરી હતી

સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રી જિગરભાઈ નાગલા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના સફળ આયોજન માટે શાળાના સંચાલક જયભાઈ કાથરોટીયા તેમજ આચાર્યશ્રી રીનાબેન ધાધલએ વિશેષ જહેમત ઉઠાવી હતી. શિક્ષકગણ, સ્ટાફ, ટ્રસ્ટીશ્રીઓ અને વાલીઓના સહયોગથી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

ડૉ. કલામ ઈનોવેટીવ સ્કૂલ દ્વારા આયોજિત પ્રવેશોત્સવ, વાલી સંમેલન, વિદ્યાર્થી મંત્રીમંડળની શપથવિધિ, "સંકલ્પથી સિદ્ધિ સન્માન" તથા આધુનિક 7D ઈમર્સિવ ટેકનોલોજીના પ્રદર્શન જેવા કાર્યક્રમોએ શિક્ષણને મૂલ્યનિષ્ઠ, જવાબદારીસભર અને ટેકનોલોજી આધારિત બનાવવાની શાળાની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી છે.શાળાના વિદ્યાર્થીઓ માટે રચાયેલ વિશેષ વિદ્યાર્થી મંત્રીમંડળની શપથવિધિ યોજાઈ.

# ચાંદીપુરા વાયરસથી જિલ્લાને સુરક્ષિત રાખવા આરોગ્ય વિભાગ કટીબધ્ધ




અમરેલીઃ

ચાંદીપુરા વાયરસનાં કારણે હાલ રાજ્યનાં વિવિધ જિલ્લાઓમાં કેસો નોંધાય રહ્યા છે ત્યારે અમરેલી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સતર્કતા દાખવી ધનિષ્ઠ કાર્યવાહી કરવામાં આવી રહી છે. આજ દિન સુધી જિલ્લામાં ચાંદીપુરા વાયરસનો એક પણ શંકાસ્પદ કેસ નોંધાયેલ નથી. તેમજ ભવિષ્યમાં પણ અમરેલી જિલ્લો આ વાયરસનાં ભરડામાં ન સપડાય તેવી કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાનાં IMA-IAP એસોસિએશન સાથે એક ઝસ્ઈ (મીટીંગ)નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં જિલ્લાનાં પ્રાઈવેટ પીડીયાટ્રીશ્યનશ્રી, ફિઝીશ્યનશ્રી તેમજ જનરલ પ્રેક્ટીશ્નરશ્રીઓને ચાંદીપુરા વાયરસ વિષે સમજ આપવામાં આવેલ અને કોઈ શંકાસ્પદ કેસ મળે તો તાત્કાલિક આરોગ્યતંત્રને જણાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

હાલ જિલ્લાના તમામ આરોગ્ય કેન્દ્રો ખાતે ઉક્ત વાયરસને લઇ સર્વેલન્સની કામગીરી ચાલુ છે અને કોઈ શંકાસ્પદ કેસ જણાય તો તેને તાત્કાલિક સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ/જનરલ હોસ્પિટલ ખાતે રીફર કરવા જણાવેલ છે. ચાંદીપુરા વાયરસના સંક્રમણની અગમચેતીના ભાગરૂપે અમરેલી જિલ્લાના પ્રજાજનોમાં કોઈ ભય ન ફેલાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા જન-જાગૃતિની પ્રવૃત્તિ કરવામાં આવી રહેલ છે અને લોકોને તકેદારી રાખવા, સાવચેત રહેવા સમજણ આપવામાં આવી રહેલ છે. તેમ છતાં જો કોઈને ચાંદીપુરા વાયરસનાં લક્ષણો જણાય તો તાત્કાલિક નજીકનાં સરકારી દવાખાનાનો સંપર્ક કરવા અમરેલી જિલ્લા આરોગ્ય વિભાગ તંત્ર દ્વારા એક યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

# સાવરકુંડલા માર્કેટયાર્ડમાં નવા કપાસની આવક, મુહુર્તમાં રૂા. ૨૬૦૧ મણના ભાવે કપાસ ખરીદાયો

## ખેડુતો તથા વેપારીઓને મો મીઠું કરાવતા ચેરમેન દિપકભાઈ માલાણી



(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલીઃ

સાવરકુંડલા માર્કેટયાર્ડમાં ચાલુ સિઝનનો નવા કપાસની આજે આવક થવા પામેલ છે. જેમાં ધારી તાલુકાના આંબરડી ગામના ખેડુત કરશનભાઈ સવજીભાઈ ટાંકએ સાવરકુંડલા યાર્ડના મહેતા ભરતકુમાર દલીચંદના કમીશનમાં વેચવા માટે આપેલ હતો. સિઝનના નવા કપાસની આવકના શ્રીગણેશ થયેલ હોય, જેનું ચેરમેન દિપકભાઈ માલાણીના વરદ હસ્તે વિધીસર પુજન કરી શ્રીફળ વધેરીને ખેડુતો તથા વેપારીઓનું મો મીઠુ કરાવી અને નવા કપાસની હરરાજીની શુભ શરૂઆત કરવામાં આવી હતી.

કપાસ ખરીદનાર વેપારીઓ, યાર્ડના સ્ટાફગણ તેમજ વા.ચેરમેન અને ડીરેકટરની ઉપસ્થિતીમાં ખરીદનાર વેપારીઓમાં મુહુર્તનો કપાસ ખરીદવા માટે બોલીઓ બોલવામાં આવતા વેપારી પેઢી સીતારામ ટ્રેડીગ દ્વારા રૂા.૨૬૦૧ ની ઊચી બોલી બોલીને કપાસ ખરીદ કરેલ. જેથી મુહુર્તના સારા ભાવ બોલાતા ખેડુતોમાં પણ ખુશીનો માહોલ છવાયો હતો.

# લીલીયા સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, ખાતે 'મહિલા સુરક્ષા અને લિંગભેદ' અંગે વ્યાખ્યાન યોજાયું




(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલીઃ

અમરેલી જિલ્લાના લીલીયા ગામે આવેલ સરકારી વિનયન અને વાણિજય કૉલેજના ઝઉઢઝ, સમાજશાસ્ત્ર વિભાગ તથા દ્વજીજી ના સંયુક્ત ઉપક્રમે મહિલા સુરક્ષા, લિંગભેદ અને કાર્યસ્થળે થતી જાતિય સતામણી જેવા સંવેદનશીલ મુદ્દાઓ પર એક વિશેષ વ્યાખ્યાન યોજાયું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે બાબરા કૉલેજના અધ્યાપક ડૉ.રાધિકાબેન ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સ્ત્રી-પુરુષ સમાનતા અને મહિલાઓના કાયદાકીય અધિકારો વિશે વિદ્યાર્થીનીઓને સચોટ માર્ગદર્શન આપતા જણાવ્યું કે, "મહિલાઓએ પોતાના અધિકારો પ્રત્યે જાગૃત થઈ અન્યાય સામે અવાજ ઉઠાવવો અનિવાર્ય છે."

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી કૉલેજના આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ એ. રાઠોડે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. આ તકે ઝઉઢઝ ના કન્વીનર ડૉ. વિરાજબેન રાઠોડ, સમાજશાસ્ત્ર વિભાગના ડૉ. મહેશ ગઢીયા અને ડૉ. પ્રદીપ બલોલીયા તેમજ દ્વજીજી પ્રોગ્રામ ઓફિસર દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી ઉદબોધન કર્યું હતું.

આ કાર્યક્રમમાં કૉલેજના સ્ટાફ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ આ ચર્ચા-વિચારણામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ સંસ્થાના પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવેલ હતી.

# એ.આર.ટી.ઓ. કચેરી ખાતે અનઅધિકૃત્ત વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામુઃ હુકમ ઉલ્લંઘન કરનાર સામે કાનૂની કાર્યવાહી થશે

અમરેલીઃ અમરેલી સ્થિત સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી ખાતે વ્યાજબી કામ સિવાય આવેલા તમામ અન અધિકૃત્ત ઈસમ કે ઈસમોની ટોળી, જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલા ઈસમોના પ્રવેશ પર પ્રતિબંધ ફરવામતું જાહેરનામું અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

આ હુકમ ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનૂની કાર્યવાહી થશે તથા તે સજાપાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે ફરજ પરના સહાયક મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૩) કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા એ.આર.ટી.ઓ. કચેરીના કર્મચારી તથા જિલ્લાના કોઈ પણ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમ સામે ફરિયાદ માંડવા માટે અધિકૃત્ત કરવામાં આવે છે. આ હુકમ તા.૧૧.૦૯.૨૦૨૬ સુધી અમલી રહેશે.

# જામનગર-ભાવનગર બાદ ગીર સોમનાથ જિલ્લામાં ચાંદીપુરા વાયરસ ફેલાયો

## ઉનાનાં સોંદરડી ગામનાં પાંચ વર્ષના બાળકનું ચાંદીપુરા વાયરસથી શંકાસ્પદ મોત : ગામમાં આરોગ્ય ટીમો દોડી આવીઃબાળકને મહુવા બાદ ભાવનગર સર ટી હોસ્પિટલમાં ખસેડાતા મોત : મૃત બાળકનાં સેમ્પલો પરીક્ષણ માટે ગાંધીનગર લેબમાં મોકલાયા

ગીર સોમનાથઃ

ઉના તાલુકાના સોદરડી ગામે ૫ વર્ષ ના બાળક નું શંકાસ્પદ ચાંદી પુરા વાયરસ ના કારણે મોત થતાં શોકમય વાતાવરણ છવાયું છે જેના કારણે ૧૫૦ મકાન ધરાવતા ગામે દોડી આરોગ્ય તંત્ર એલર્ટ મોડમાં સર્વે ચલાવી રહ્યું છે આઠ જેટલી ટીમો ધરે ધરે ફરી લોકો અને શાળા ના બાળકો, શિક્ષકો ને આ વાયરસ થી કેમ બચાવી શકાય તેનું માર્ગદર્શન અપાઈ રહ્યું છે.

સોંદરડી ગામના યુવરાજસિંહ ધીરૂભાઈ ગોહિલ (ઉ.વ.૫૫)નામનો બાળક બીમાર પડતાં તેની સારવાર જાફરાબાદ ના ટીબી ગામે બી એચ એમ ડોક્ટર પાસે ચાલતી હતી અને તા ૧૬ ના બિમાર પડેલા આ બાળક ને મહુવા સારવાર અર્થે ખસેડાયો હતો પરંતુ શંકાસ્પદ ચાંદીપુરા વાયરસ જેવા લક્ષણો જોવા મળતાં તેને તાત્કાલીક તા ૧૮ જુલાઈ ના ભાવનગરની સર ટી. હોસ્પિટલના પીડિયાટ્રિક વિભાગમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે.

હાલ બાળકને આઈસોલેશન વોર્ડમાં રાખી નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા સઘન સારવાર આપવામાં આવી રહી હતી પરંતુ બાળક એ તા ૧૯ ની મોડી રાત્રીના દમ તોડયો હતો અને મૃત્યુ પામતા પરીવાર ને જાણ કરાતાં શોકનું મોજું ફરી વળ્યુ હતું. બાળક નો મૃતદેહ તેના ધરે આવતાં સમગ્ર ગ્રામજનો આ બાળક ના પરીવાર ના દુઃખ મા સહભાગી બનવા દોડી આવ્યા હતા





યુવરાજસિંહ ધીરુભાઈ ગોહિલ (ઉંમર: 5 વર્ષ)

સોદરડી ગામે દોડી આવેલી મેડિકલ ટીમ ના વડા ડોક્ટર વિપુલ દુમાતર નો સંર્પક કરતાં તેણે જણાવ્યું હતું કે બાળક ને છેલ્લા ત્રણ દિવસથી, પેટમાં અસહ્ય દુખાવો રહેતો હોય અને બેભાન જેવી ગંભીર સ્થિતિમાંથી પસાર થઈ રહ્યું હતું. પ્રાથમિક સારવાર માટે તેને સર્વ પ્રથમ ટીબી ખાતે આવેલ આરોધયમ નામે ચાલતા બી એચ એમ એસ તબીબ પાસે રૂટીગ દવા આપવામાં આવતી હતી.

પરંતુ કોઈ ફેર નહીં પડતાં મહુવા સારવાર અર્થે ખસેડાયો હતો. જોકે તબિયત વધુ લથડતા તેને તાત્કાલિક ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો ત્યાં તેનું કરૂણ મોત નિપજયું હતું હાલ આરોગ્ય વિભાગની ટીમો સોંદરડી ગામે પહોંચી ચાંદી પુરા વાયરસ થી બચવા શિક્ષૈણીક સંસ્થા ના બાળકો ને જાગૃત કર્યા હતા અને તાવ ઊલ્ટી આંચકી અને અન્ય રોગ થી બિમાર પડેલા બાળકો યુવાનો વડીલો ને સરકારી હોસ્પિટલ અથવા નજીકના નિષ્ણાત તબીબ પાસે સારવાર લેવા ભાર પુર્વક આગ્રહ કર્યો હતો.

# જુવાર, બાજરા, રાગી, સામા, કાંગની, ચીના, કોડો, કુટકી, કુત્તુ - સ્વાસ્થ્યવર્ધક મિલેટ



મિલેટ એટલે જુવાર, બાજરા, રાગી, સામા, કાંગની, ચીના, કોડો, કુટકી, કુત્તુ. એ નાના-બીજવાળા ઘાસનો અત્યંત વૈવિધ્યસભર સમૂહ છે, જે સમગ્ર વિશ્વમાં ધાન્ય પાકો અને પશુ ચારા માટે ઉપયોગમાં આવે છે.

એશિયા અને આફ્રિકા (ખાસ કરીને દક્ષિણ ભારત, માલી, નાઈજીરિયામાં) જેવા અર્ધ-ઉષ્ણકટિબંધીય વિસ્તારોમાં બાજરી મહત્વનો પાક છે. આ પાક તેની ઉત્પાદકતા અને શુષ્ક, ઉચ્ચ-તાપમાનની સ્થિતિમાં અનુકૂળ છે. મિલેટનાં ઘણા પ્રકાર છે. મિલેટનાં સમૂહને બાજરી તરીકે પણ ઓળખાય છે. ઘઉં અને ચોખા સૌથી વધુ લોકપ્રિય અનાજમાં હોઈ શકે છે, પરંતુ બાજરી આજે ઉપલબ્ધ અનાજમાં સૌથી આરોગ્યપ્રદ છે. બાજરી એ કુદરતી રીતે ધાન્યનાં લોટમાં રહેલ નત્રિલ દ્રવ્યથી મુક્ત છે અને મોટાભાગની વાનગીઓમાં ચોખા અને ઘઉંનો ઉત્તમ વિકલ્પ છે. મોટાભાગનાં પ્રદેશોમાં બાજરી તેમના સ્થાનિક નામોથી ઓળખાય છે. સૌથી વધુ લોકપ્રિય ભારતીય બાજરી પર્લ બાજરી છે જેને હિન્દીમાં બાજરા કહે છે. ભારત દેશમાં તો આઝાદી પહેલાનાં સમયમાં બાજરી જ ભોજન તરીકે લેવાતી હતી. એવું માનવામાં આવે છે કે ભારતીય મોસમને બાજરી જ અનુકૂળ ખોરાક છે જેનું પાચન દરેક ઋતુમાં સરળતાથી થઈ જાય છે. એક માન્યતા અનુસાર ઘઉં તો ભારતમાં અંગ્રેજોએ લાવ્યા હતા એવું કહેવાય છે. મિલેટ પ્રમાણમાં સસ્તું પણ છે.

મિલેટનાં અસંખ્ય સ્વાસ્થ્ય લાભો છે તે બ્લડ સુગર, કોલેસ્ટ્રોલ, ઓબેસિટી, હાઈપર ટેન્શનનાં સ્તરને ઘટાડવામાં મદદ કરે છે. હૃદય સંબંધી રોગોમાં ફાયદાકારક છે. પેટ અને લીવરની બીમારીઓથી લડવા માટે પણ ઉપયોગી છે. મિલેટનાં ઉચ્ચ પોષક તત્વોને કારણે તેને "પોષક-અનાજ" ગણવામાં આવે છે. તેઓ વિટામિન્સ અને ખનિજોથી સમૃદ્ધ છે, જેમાં આયર્ન અને કેલ્શિયમનો સમાવેશ થાય છે. આખા અનાજ તરીકે,મિલેટ વિવિધ પ્રમાણમાં ફાઈબર પ્રદાન કરે છે જે આંતરડાંનાં કાર્ય નિયંત્રિત કરે છે.ભારતનાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ પોતાના 'મન કી બાત' કાર્યક્રમમાં મિલેટના મહત્વ વિષે સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, "યુનાઈટેડ નેશન્સએ ૨૦૨૩નાં વર્ષને 'ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટસ' તરીકે જાહેર કર્યું છે. ભારત વિશ્વમાં મિલેટનું સૌથી વધુ ઉત્પાદક દેશ છે. મિલેટની લણણી બાદ વધેલા ભૂસાને પશુઓ માટે ઘાસચારા તરીકે ઉપયોગમાં લેવાય છે.

# લાઠી જોગાણીના કેરાળા ગામે સમસ્ત જોગાણી પરિવારનું મહાસંમેલન યોજાયું

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલીઃલાઠી તાલુકા જોગાણીના કેરાળા ગામે સમસ્ત જોગાણી પરિવારનું ઐતિહાસિક મહાસંમેલન યોજાયું, ટ્રસ્ટ રચનાનો સર્વાનુમતે નિર્ણય જોગાણીના કેરાળા ગામે શ્રી ગેલ માતાજીના પવિત્ર સાનિધ્યમાં સમસ્ત જોગાણી પરિવારનું ભવ્ય મહાસંમેલન યોજાયું હતું. શ્રી ગેલ માતાજીની કૃપા, વડીલોના આશીર્વાદ તેમજ માતાઓ, બહેનો અને ભાઈઓની વિશાળ ઉપસ્થિતિમાં સમાજની એકતા અને સંગઠન માટે મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા.કાર્યક્રમની શરૂઆત ભવ્ય શોભાયાત્રા સાથે થઈ હતી. ત્યારબાદ ભક્તિભાવપૂર્વક શ્રી ગેલ માતાજીને ધજા અર્પણ કરવામાં આવી હતી. મંદિર પ્રાંગણમાં માતાજીની આરાધના સાથે રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં સમાજના લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ પ્રસંગે સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું કે સમસ્ત જોગાણી પરિવાર



ટ્રસ્ટના માધ્યમથી સમાજના આધ્યાત્મિક, શૈક્ષણિક, સામાજિક અને સેવાકીય કાર્યોને વધુ વેગ આપવામાં આવશે. ટ્રસ્ટ સાથે ૮૪ ગામ, ૩૦ શહેર અને ૧૦ દેશોમાં વસતા જોગાણી પરિવારના સભ્યોને મા ગેલ માતાજીની એક છત્રછાયા હેઠળ સંગઠિત કરવામાં આવશે.ટ્રસ્ટના સંચાલનમાં દરેક ગામ, શહેર, તાલુકા, જિલ્લા તેમજ દેશમાંથી પ્રતિનિધિઓને ટ્રસ્ટી તથા વિવિધ સમિતિઓમાં સ્થાન આપવામાં આવશે, જેથી સમગ્ર સમાજના સહયોગથી સેવા અને સદ્કાર્યોને નવી દિશા મળી શકે.

કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ પરિવારજનોએ શ્રી ગેલ માતાજીના દર્શન કરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા તેમજ સૌએ સાથે મળીને મહાપ્રસાદ (સામૂહિક ભોજન) ગ્રહણ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ ધાર્મિક આસ્થા, ભાઈચારો અને સમાજની એકતાનું પ્રેરણાદાયી પ્રતિક બન્યો હતો.

# જાહેરનામુંઃબગસરા-ચલાલા માર્ગ પર હાલરિયા મેજર બ્રિજ ભારે વાહનો માટે બંધ

અમરેલીઃબગસરા તાલુકાના હાલરિયા ગામ નજીક બગસરા-ચલાલા-સાવરકુંડલા રોડ પર આવેલા રોડ કિ.મી ૧૪ પર આવેલા ૧૧ બાય ૫૯ મીટર મેજરબ્રીજની જર્જરીત સ્થિતિને ધ્યાને લઈને લોકોની સલામતી અને સુરક્ષાના હિતમાં કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે આ મેજર બ્રિજ પરથી પસાર થતા ભારે વાહનો માટે ટ્રાફિકની અવર-જવર સંપૂર્ણ બંધ કરવામાં આવી છે.

નિવાસી અધિક કલેક્ટરશ્રી દિલિપસિંહ ગોહિલે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) હેઠળ જાહેરનામું પ્રસિદ્ધી કર્યુ છે. આ જાહેરનામા મુજબ ભારે વાહન ચાલકોએ તા. ૧૫મી જુલાઈ, ૨૦૨૬થી હામાપુર,ભાયાવદર-ડાંગાવદર-ધારી-ઝર-મોરઝર-ચલાલા રસ્તા પરથી પસાર થવાનું રહેશે.

આ હુકમનો ભંગ કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષા કરવામાં આવશે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## હરિયાળી ક્રાંતિનું નવું સ્વરૂપ

ભારતની સાચી હરિયાળી ક્રાંતિ માત્ર વધુ અનાજ ઉત્પાદન સુધી મર્યાદિત નથી, પરંતુ પ્રકૃતિ સાથે સંતુલન જાળવીને ખેડૂત, જમીન અને સમાજને સમૃદ્ધ બનાવવાની દિશામાં આગળ વધે ત્યારે જ તેનો સાચો અર્થ સાકાર થાય છે. આજે સમગ્ર વિશ્વ આબોહવા પરિવર્તન, જમીનની ઘટતી ફળદ્રુપતા, પાણીની અછત અને રાસાયણિક ખેતીની આડઅસરોથી ચિંતિત છે. આવા સમયમાં ભારત ફરી પોતાની પ્રાચીન કૃષિ પરંપરા તરફ નજર કરી રહ્યું છે. બળદ આધારિત ખેતી, ગાયના છાણ અને ગૌમૂત્રથી તૈયાર થતા સેન્દ્રીય ખાતરો, પાક ફેરબદલી અને કુદરતી જંતુ નિયંત્રણ જેવી પદ્ધતિઓ આજે આધુનિક વૈજ્ઞાનિક અભિગમ સાથે ફરી જીવંત બની રહી છે. આ જ નવી હરિયાળી ક્રાંતિ છે. તેનો હેતુ માત્ર વધુ ઉત્પાદન મેળવવાનો નથી, પરંતુ જીવંત જમીન, શુદ્ધ પાણી, સ્વસ્થ પાક અને સમૃદ્ધ ખેડૂતનું નિર્માણ કરવાનો છે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળી રહ્યું છે. ખેડૂતો હવે સમજવા લાગ્યા છે કે જમીન માત્ર ઉત્પાદનનું સાધન નથી, પરંતુ જીવંત સંપત્તિ છે. ભાવનગર સ્થિત સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (ઝજીસ્ઝ્રૈં) દ્વારા ખારા પાણીમાં ખેતીના સફળ પ્રયોગો પણ દેશની કૃષિમાં નવા અધ્યાયની શરૂઆત સમાન છે. દરિયાકાંઠાના વિસ્તારો માટે આ સંશોધન આશાનું કિરણ બની રહ્યું છે. પરંપરાગત જ્ઞાન અને આધુનિક વિજ્ઞાનનો આ સમન્વય ભારતને ફરી હરિયાળું, આત્મનિર્ભર અને પર્યાવરણમૈત્રી કૃષિ તરફ દોરી શકે છે. તેથી હવે સમય આવી ગયો છે કે હરિયાળી ક્રાંતિને માત્ર ઉત્પાદન સાથે નહીં, પરંતુ પ્રકૃતિ સાથેના પુનઃસંવાદ તરીકે પણ જોવામાં આવે.ભારતની કૃષિ સંસ્કૃતિ હજારો વર્ષોથી પ્રકૃતિ સાથે તાલમેલ રાખીને વિકસતી આવી છે. એક સમય એવો હતો જ્યારે ખેડૂત જમીનને માતા સમાન માનતો હતો. ખેતીમાં ગાય-બળદ માત્ર પશુ નહોતા, પરંતુ સમગ્ર કૃષિ વ્યવસ્થાના કેન્દ્રમાં હતા. રાસાયણિક ખાતરો અને ઝેરી દવાઓના અભાવે જમીનની ફળદ્રુપતા લાંબા સમય સુધી જળવાઈ રહેતી હતી. પાક ભલે ઓછો મળતો હોય, પરંતુ તેની ગુણવત્તા ઉત્તમ અને આરોગ્યપ્રદ હતી.

હરિત ક્રાંતિએ દેશને અનાજની તંગીમાંથી બહાર કાઢવામાં ઐતિહાસિક ભૂમિકા ભજવી હતી. પરંતુ વધુ ઉત્પાદનની સ્પર્ધામાં જમીનની તંદુરસ્તી ધીમે ધીમે નબળી પડતી ગઈ. રાસાયણિક ખાતરો અને જંતુનાશકો પર વધતી નિર્ભરતાએ ખેતીનો ખર્ચ વધાર્યો, ભૂગર્ભ જળ પ્રદૂષિત કર્યું અને જમીનમાં રહેલા લાભદાયી સૂક્ષ્મજીવોનો નાશ કર્યો. આજે અનેક વિસ્તારોમાં જમીનની ઉત્પાદન ક્ષમતા જાળવી રાખવા માટે વધુ ખાતરનો ઉપયોગ કરવો પડે છે, જે ટકાઉ કૃષિ માટે ચિંતાજનક સ્થિતિ છે.

આજનો સૌથી મોટો પ્રશ્ન માત્ર વધુ અનાજ ઉત્પાદનનો નથી, પરંતુ સુરક્ષિત અને પૌષ્ટિક ખોરાકનો છે. જીવનશૈલી સંબંધિત રોગોમાં વધારો અને ખોરાકમાં રહેલા રાસાયણિક અવશેષોને કારણે લોકો હવે સેન્દ્રીય ઉત્પાદનો તરફ આકર્ષાઈ રહ્યા છે. વિશ્વના વિકસિત દેશોમાં સેન્દ્રીય કૃષિ ઉત્પાદનોની માંગ સતત વધી રહી છે. ભારત માટે પણ આ એક મોટી આર્થિક તક બની શકે છે.સેન્દ્રીય અને પ્રાકૃતિક ખેતીનું સૌથી મોટું બળ તેની ટકાઉપણામાં રહેલું છે. ગાયના છાણમાંથી બનતું ખાતર, જીવામૃત, ઘન જીવામૃત, વર્મી કમ્પોસ્ટ, લીલું ખાતર અને બાયોફર્ટિલાઇઝર જેવી પદ્ધતિઓ જમીનની જૈવિક શક્તિ વધારવામાં મદદ કરે છે. આવી ખેતીમાં જમીન વધુ ભેજ જાળવી રાખે છે, પાણીની જરૂરિયાત ઓછી રહે છે અને આબોહવા પરિવર્તનની અસર સામે પાક વધુ સક્ષમ બને છે.ગુજરાતમાં પણ છેલ્લા કેટલાક વર્ષોમાં પ્રાકૃતિક ખેતીને નવી ગતિ મળી છે.

# અદ્વૈત આત્મભાવ

**પોતાનું પહાડ જેવડું દુઃખ રજ જેટલું અને મિત્રનુ રજ જેવડુ દુઃખ પહાડ જેટલું સમજનારા બે મિત્રોમાં એવો અદ્વૈત આત્મભાવ નિરુપાયો કે પાકટ વયે એક મિત્રના અવસાન પછી બીજાએ તેના મિત્રની પ્રેરણાને જીવંત રાખી**







**અલપ ઝલપ** -ડો. મનહર ઠાકર

પ્રાથમિક શાળાનાં પગથિયેથી પાંગરેલી મનોજ અને મિલનની અતૂટ દોસ્તી આજે તો સાઈઠના ઉંબરે આવીને ઊભી છે. મનોજની બિન્ધાસ્ત લહેરગીરી અને મિલનનું બુદ્ધિ ચાતુર્ય, એમ બન્ને વચ્ચે આસમાન જમીનનું અંતર છતાં, સ્કૂલ-કૉલેજમાં તો એ કહેવત પડી ગયેલી કે, 'મનોજ-મિલનની જોડી કોઈ શકે ના તોડી.'

વિધવા માના એકના એક મધ્યમવર્ગીય સંતાન તરીકે ઉછરેલા મનોજના હાથમાં સંઘર્ષની રેખા સૌથી મોટી અને મજબૂત રહી છે. છતાં કૉલેજકાળ દરમિયાન જ્યારે તેને વ્યસનમાં ગરકાવ થયેલો જાણ્યો ત્યારે મિલન સ્હેજ ગુસ્સામાં ઉછળી પડેલો. પણ જૂઈના ખિલતા ફૂલ જેવી તેની મિત્રતાની સુગંધે છલકાવતી પ્રેરણાએ મનોજના જીવનમાં સંઘર્ષ - રેખા સામે ઝઝુમવા માટેની એક ટક્કરી મજબૂતી ઊભી કરી. અને જે, મિલનની ખાનદાની પર વારી જઈને એના જીવનમાં હૂંફ હતી, એ તેના સખાભાવ સાથે વ્યસનને તિલાંજલિ આપીને પોતાના જીવનને મઠારવાની મહેનતમાં લાગી ગયેલો. તેથી પોતાની યુવાનીના ઓજસ પથરાવા લાગ્યાં. પરિણામ એ આવ્યું કે વહીવટી અધિકારીની સ્પર્ધાત્મક પરીક્ષામાં ડાયરેક્ટ સેક્શન ઑફિસર તરીકેની નિમણૂંક પામ્યો.

મધ્યમવર્ગીય વસાહતમાંથી સરકારી અફસરી ક્વાર્ટરમાં રહેવા માટે તેણે પ્રયાણ કર્યું. સન્મિત્ર ,હસમુખા, શીળા સ્વભાવવાળા મિલનના બુદ્ધિ ચાતુર્યનું પ્રેરણાનું ઝરણું તેના માટે સવેળાએ કામ આવ્યું. જેણે તેની હથેળીમાંની પેલી સંઘર્ષ-રેખાને ભૂંસી નાંખેલી.

પરંતુ તેની સાથેના સુખ-સુગંધ છલકતા મૈત્રીભાવને છઠ્ઠો દસક પૂરો કર્યામાં તો પેલી સંઘર્ષ-રેખા ફરી એકવાર મનોજની હથેળીમાં ફૂટી નીકળેલી. સાઈકલ સવાર થઈને શાકભાજી ખરીદવા નીકળેલા મિલનને બાઈક સવારે જોરદાર ટક્કર મારી અને બેલેન્સ ગુમાઈ જતાં તે નીચે પથ્થરીફર્શ પર પટકાઈ પડ્યો ત્યારે એની ખોપરી જ ફાટી ગઈ.

તેના મોબાઈલ ફોન પર છેલ્લી વાત થયા મુજબના નંબર પર રાહદારીએ ફોન કર્યો ને તેની જાણ મનોજને થઈ. એટલે તત્કાળ તે સ્થળે પહોંચી ગયો. ગાડી લઈને તેને દવાખાને લઈ જવા આવેલો મનોજ, આજે એની સામે સાવ ફિક્કો થઈને તેના છ દાયકાના સ્મરણો વાગોળે છે. તેની વયસ્ક આંખો એક ભૂકંપી આઘાતમઢ્યા આશ્ચર્યમાં થિજી જઈને, મિત્રના કરમાઈ ગયેલા ચહેરા પર થિજેલા લોહી સામે જડાઈ ગઈ છે. પોતાને વ્યસન છોડાવતી વખતના મિલનના એ શબ્દો તેના કાનના પડદાને ચીરીને ભીતરમાં ફાટતા જવાળામુખીના લાવાની જેમ ઘુમરાઈ રહ્યાં "મિલન દોસ્ત ! આપણાં બચપનની દોસ્તીના જે પ્રેમાગ્રહથી તું મને વ્યસન છોડાવી ભણવા માટે પાછો ફરવા દબાણ કરી રહ્યો હતો, એની સામે મારે એનો બદલો વાળવાની તક આપ્યા વગર આમ અલવિદા કરી જવાનું !!! "

બુઢાપામાં મિત્રતાનો સાથ નિભાવવાનાં ઓરતાં અધૂરાં રહ્યાં ને આવી પડેલા આ અકાળ આઘાતે એક મહિનામાં મનોજના અડધા વાળ સફેદ કરી મૂકેલા. પણ મિલનના પ્યારને પ્રેરણા બનાવી, ફરી તે જિંદગી સામે એકલા હાથે મેદાનો પડેલો.

તેણે સ્વતઃ ઉચ્ચાર્યું, “મિલન ! જિંદગીમાં ફરી એકવાર મેં મારી હથેળીમાંથી સંઘર્ષ-રેખાને ભૂંસી નાંખી છે.સરકારી નોકરીમાંથી રિટાયર્ડ થયો. બસ હવે રિટાયરમેન્ટ પછી કોઈ જ આર્થિક પ્રવૃત્તિ નથી કરવી. ઘણુંબંધુ વાંચવાનું અને થોડું ઘણું લખવાનું, જે આજ સુધી મારી સંઘર્ષયાત્રા દરમિયાન બાકી રહ્યું છે એ પૂરું કરવું છે. જે તું ન કરી શક્યો તેને મારે કરવું છે, તારા પૌત્ર - પૌત્રીને ભણાવવા છે, અને તેમની ઉજ્જવળ કારકિર્દી માટે મથવું છે. તારા હૈયામાં અકબંધ જળવાઈ રહેલા પ્રેરણાના પ્યારે, હજી તારો એવોને એવોજ મજબૂત સુદઢ મિત્ર બની રહેવુ છે. મને એવું લાગે છે કે, જાણે તું કૉલેજના એક આદર્શ વિદ્યાર્થી તરીકેની ઉંમરનું બારણું ઓળંગવાનું જ ભૂલી ગયો છે. મારી સાથે આજે તારા જેવા સિન્સીયર, અનુભવી અને પ્રામાણિક માણસની જરૂર છે, જે મને ભીતરથી ટેકો આપતો રહેશે. એટલે કે તારો આત્મા જ્યાં ગયો હશે ત્યાંથી મારામાં એક અદ્વૈત આત્મભાવનો સંચાર કરતો રહેશે."

મનોજની હથેળીની સંઘર્ષ રેખાને મિલનની પ્રેરણાએ ભૂંસી નાખ્યાની વાત તે ક્યારેય ભુલ્યો નથી. એટલું જ નહીં પણ મિલનના ગંભીર,અનુભવી અને પ્રામાણિકતાના ગુણો પોતે કાયમ યાદ કરીને પ્રેરણા મેળવતો રહ્યો. મિલન જેવો એક સાલસ, હસમુખો અને શીળા સ્વભાવવાળો સન્મિત્ર ભાગ્યે જ કોઈને મળે ન મળે....! એટલે જ મનોજે પોતાનું પહાડ જેવડું દુઃખ રજ જેટલું ગણ્યું અને મિત્રનું દુઃખ પહાડ જેટલું ગણીને સ્વીકાર્યું કે મિલન જેવા મિત્રના દુઃખે જે દુઃખી ન થાય તેને મોટું પાપ લાગે છે.

# બહારનું ખાવાનું વધુ સ્વાદિષ્ટ લાગે છે? તેમાં રહેલા જોખમો વિશે પણ જાણી લ્યો

**હેલ્થ ટીપ્સ**

મિત્રો અથવા મહેમાનો માટે જ્યારે પણ બહારથી તમારી મનપસંદ ડિશનો ઓર્ડર આપો ત્યારે જાણી લેવું કે આ ભોજનની કિંમત પૈસાની સાથે તમારા સ્વાસ્થ્યથી તમે ચૂકવશો. સંશોધકોના મતે હોટલોનું ખાવાનું તેમજ ફાસ્ટ ફૂડ ખોરાક શરીરમાં થેલેટ્સ નામના કેમિકલમાં વધારો કરે છે. આ કેમિકલ શરીર માટે કેટલાક હાનિકારક છે તેના વિશે થોડું જાણી લઈએ.

થેલેટ્સ શું છે

થેલેટ્સ કેમિકલોનું એક જૂથ છે જેનો ઉપયોગ ફૂડ પેકેજિંગ અને પ્રોસેસિંગ વસ્તુઓમાં થાય છે. આ કેમિકલ માનવ શરીરમાં પ્રવેશે તો હોર્મોન્સનું સંતુલન ખોરવી શકે છે અને સ્વાસ્થ્ય સંબંધિત અનેક સમસ્યા માટે કારણરૂપ હોવા માટે જાણીતા છે.

સંશોધકોએ યુએસ નેશનલ હેલ્થ એન્ડ ન્યુટ્રિશન એક્ઝામિનેશન સર્વેમાંથી ડાટા મેળવીને કરાયેલા અભ્યાસને જરનલ એન્વાર્યન્મેન્ટલ ઈન્ટરનેશનલમાં પ્રકાશિત કર્યો છે. અભ્યાસમાં જણાવાયું છે કે તમામ વય જૂથમાં બહારના ખાવામાં મળી આવતા થેલેટનું મોટું જોખમ સમાયેલું છે. પણ આ જોખમ ટીનેજરોમાં સૌથી વધુ જણાયું હતું.

અભ્યાસમાં ફાસ્ટ ફૂડ જોઈન્ટ્સમાં ખવાતી સેન્ડવિચ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો જે તમામ વય જૂથમાં ૩૦ ટકા વધુ થેલેટ સ્તર સાથે સંકળાયેલા છે. બહારનું ખાવામાં અન્ય જોખમો પણ સામેલ છે જેની પણ જાણકારી હોવી આવશ્યક છે.

અસ્વચ્છતા

હોટલ અને રેસ્ટોરન્ટનું ખાધા પછી ગ્રાહકોની સૌથી મોટી સમસ્યા ફૂડ પોઈઝનીંગની છે. હોટલો અને રેસ્ટોરન્ટમાં ઊંદરો, વાંદા અને માખીની હાજરી અસ્વસ્થતાની સૌથી મોટી નિશાની છે. બહારનું ખાવામાં સૌથી મોટી સમસ્યા છે કે અહીં અસ્વચ્છતા વધુ હોય છે અને અહીં ખાધા પછી લોકો બીમાર વધુ પડે છે. કોઈપણ મોંઘી હોટલ હોય, તેમાં ઘર જેવી સ્વચ્છતા નહિ મળે.

તંદુરસ્ત જીવનશૈલી નથી

હાલ લોકોમાં વધુ જાગૃકતા હોવાથી ઘણી હોટલો અને રેસ્ટોરન્ટ આરોગ્યપ્રદ વિકલ્પો ઓફર તો કરે છે, પણ તેમાં પસંદગી મર્યાદિત હોય છે. મોટાભાગના ખોરાકમાં વધુ પ્રમાણમાં કેલરી અને ચરબી હોય છે. આવો ખોરાક જો નિયમિત ખાવામાં આવે તો સ્વાસ્થ્ય પર વિપરીત અસર કરે છે. ઘરના ખોરાકમાં ઓછી ચરબી અને ઓછી કેલરી ધરાવતા ઘટકો વાપરી શકાય છે. દાખલા તરીકે હોટલની વાનગીમાં સ્વાદ માટે વધુ પ્રમાણમાં બટર અને ચીઝનો ઉપયોગ થાય છે. ઉપરાંત મસાલા પણ વધુ પ્રમાણમાં ઉમેરવામાં આવે છે જે સામાન્યપણે ઘરમાં નથી કરતા.

ખોરાકના ઘટકોની જાણકારી નથી મળતી

બહારનું ખાવાનો અન્ય ગેરલાભ છે કે તમને જે પીરસવામાં આવે છે તેની માહિતી નથી આપવામાં આવતી. તમારી ડિશમાં કયા મસાલા અને ગ્રેવીનો ઉપયોગ થયો છે તેની જાણકારી તમારી પાસે નથી હોતી. ઉપરાંત ઘણીવાર હોટલના શેફ ભૂલ પણ કરી લેતા હોય છે અને તેઓ તમારા ખોરાકમાં ભળતા જ મસાલાનો ઉપયોગ કરી બેસે છે. બીજી તરફ ઘરના ખાવામાં તમારી પ્લેટમાં કયો ખોરાક છે તેની તમારી પાસે ચોક્કસ જાણકારી હોય છે.

સ્વાદ અને ગુણવત્તા

જો તમે સ્વાદ અને ગુણવત્તાની બાબતમાં ચોક્કસ છો તો બહારનું ખાવાનું તમારા માટે યોગ્ય નથી. માત્ર અમુક જ રેસ્ટોરન્ટ ખોરાકની પોષક ગુણવત્તા પર ધ્યાન આપે છે. બહારનું ખાવાનો અન્ય એક ગેરલાભ છે ખોરાકની ગુણવત્તાની કોઈ ખાતરી નથી હોતી. મોટી રકમ ખર્ચ્યા પછી પણ તમને યોગ્ય ગુણવત્તાનો ખોરાક મળવાની કોઈ ગેરન્ટી નથી.

હોટલોની છેતરામણી જાહેરાતો

રેસ્ટોરન્ટ ગ્રાહકોને આકર્ષવા લલચામણી ઓફર આપે છે. રેસ્ટોરન્ટમાં ખાવા જઈએ ત્યારે તમને વધુ ખાવા માટે લલચાવવામાં આવે છે. ઘરની સરખામણીએ વધુ મિઠાઈ ખવાય છે અથવા વધુ માદક દ્રવ્યોનું સેવન થઈ જાય છે. બહાર ખાવા જઈએ ત્યારે ખોટા નિર્ણયો લઈએ તેવી ઓફરો કરવામાં આવે છે.

ખોરાક યોગ્ય રીતે રાંધવામાં નથી આવતો

સ્વાસ્થ્ય માટે હાનિકારક એવા પિત્ઝા, તળેલા ખોરાક, ફ્રીજમાં રાખેલા શાકભાજી અને બ્રેડ જેવી વાનગી ફાસ્ટ ફૂડ જોઈન્ટમાં યોગ્ય રીતે રાંધવામાં નથી આવતી. તેમાં વપરાતા તેલ, ચીઝ અથવા અન્ય ઘટકો જૂના હોઈ શકે છે. વારંવાર હોટલનું ખાવાથી બીમાર પડવાનું આ પણ એક કારણ છે. રેસ્ટોરન્ટ માલિકોની અન્ય પ્રાથમિક્તા હોવાથી તેમજ તેમનું ધ્યાન વાનગી સ્વાદિષ્ટ બને એના પર જ હોવાથી ગ્રાહકનું આરોગ્ય જોખમાય છે.

પ્રમાણનું ભાન નથી રહેતું

વારંવાર હોટલમાં ખાવાથી ખોરાકનું પ્રમાણ વધી જાય છે, ખાસ કરીને મિઠાઈ અને ફરસાણનું સેવન વધુ પ્રમાણમાં કરવામાં આવે છે જે આરોગ્ય પર નકારાત્મક અસર કરે છે. ઘરમાં ભૂખ ન હોય તો વ્યક્તિ ઓછો ખોરાક ખાય છે અથવા માત્ર નાસ્તો કરે છે, પણ હોટલના ભોજનમાં પીરસાતા ખોરાકમાં પોતાનું નિયંત્રણ નથી હોતું. ઘણી વાર થાળી જેવી આઈટમ અમર્યાદિત હોય છે. ઘણા લોકો પૈસા વસૂલ કરવા વધુ પ્રમાણમાં ખાય છે જેની અસર તેના આરોગ્ય પર પડે છે.

ખર્ચાળ હોય છે

હોટલનો ખોરાક ઘરની સરખામણીએ અત્યંત ખર્ચાળ હોય છે. ઘરના ખોરાકમાં વધુ આરોગ્યપ્રદ ઘટકોનો ઉપયોગ થઈ શકે છે. હોટલના ખોરાકમાં આરોગ્યપ્રદ ઘટકો મોંઘા હોય તો તેઓ સસ્તા ઘટકોનો ઉપયોગ કરવા પ્રેરાય છે. હાલમાં જ ઘણી હોટલોમાં ચીઝ અને બટરના સ્થાને વેજિટેબલ ઓઈલ વપરાયું હોવાના કિસ્સા બન્યા હતા.

સાવચેતી ટલ્લે ચડે છે

રેસ્ટોરન્ટ અથવા ફાસ્ટ ફૂડ જોઈન્ટમાં ખોરાક અનેક હાથોમાંથી પસાર થાય છે. રાંધતી વખતે રસોઈયો છીંક ખાય અથવા ખાંસે ત્યારે તેની સાથે ખોરાકમાં જંતુ પણ પેસી જાય છે. આવી વાતોથી અજાણ ગ્રાહક કળી નશકાય તેવી બીમારીનો ભોગ બને છે.

પ્લેટ અને અન્ય વાસણો અસ્વચ્છ હોઈ શકે

બહારના ખાવામાં આ વધારાનો ગેરલાભ છે. ઘરની સરખામણીએ હોટલ અને રેસ્ટોરન્ટમાં જે વાસણોમાં ખોરાક પીરસવામાં આવે છે તે ગંદા હોઈ શકે છે.

# ચોમાસુ સત્ર : લોકશાહીની કસોટીનું મંચ

## સંવાદ, સહમતિ અને જવાબદારીથી જ મજબૂત બનશે સંસદીય પરંપરા

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

ભારતનું સંસદીય લોકતંત્ર માત્ર કાયદા ઘડવાનું મંચ નથી, પરંતુ દેશના વિવિધ વિચારો, પ્રાદેશિક આશાઓ અને લોકહિતના પ્રશ્નોને એકસાથે સાંભળીને રાષ્ટ્રીય દિશા નક્કી કરવાની સર્વોચ્ચ લોકશાહી સંસ્થા છે. દરેક ચોમાસુ સત્ર દેશની રાજકીય દિશા, સરકારની પ્રાથમિકતાઓ અને વિપક્ષની જવાબદારીનું પ્રતિબિંબ બની રહે છે. આ વર્ષે ચોમાસુ સત્ર પહેલાં યોજાયેલી સર્વપક્ષીય બેઠક પણ એ જ સંદેશ લઈને આવી હતી કે લોકશાહીમાં મતભેદ હોવા સ્વાભાવિક છે, પરંતુ સંવાદનો દરવાજો ક્યારેય બંધ થવો જોઈએ નહીં. લગભગ ત્રણ કલાક સુધી ચાલેલી આ બેઠકમાં વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓએ પોતાના વિચારો રજૂ કર્યા, જ્યારે કેટલાક મુદ્દાઓને લઈને વિપક્ષે વિરોધ પણ નોંધાવ્યો. આ સમગ્ર ઘટનાક્રમ એ વાતની યાદ અપાવે છે કે લોકશાહીનું સૌંદર્ય માત્ર બહુમતીમાં નહીં, પરંતુ ચર્ચા, સહમતિ અને જવાબદારીમાં રહેલું છે.

ચોમાસુ સત્ર દેશ માટે અનેક દૃષ્ટિએ મહત્વનું બની રહેવાનું છે. સરકાર વિવિધ મહત્વપૂર્ણ વિધેયકો રજૂ કરવાની તૈયારીમાં છે, જ્યારે વિપક્ષ પણ અનેક જાહેરહિતના પ્રશ્નો સાથે સરકારને જવાબદાર ઠેરવવા સજ્જ છે. સંસદમાં સરકાર અને વિપક્ષ બંનેની ભૂમિકા સમાન રીતે મહત્વપૂર્ણ છે. સરકાર નીતિઓ અને કાયદાઓ દ્વારા વિકાસની દિશા નક્કી કરે છે, જ્યારે વિપક્ષ તેની સમીક્ષા કરીને લોકહિતના પ્રશ્નોને ઉજાગર કરે છે. બંને વચ્ચેનું સ્વસ્થ સંતુલન જ લોકશાહીની તાકાત છે.સર્વપક્ષીય બેઠક દરમિયાન કેટલાક રાજકીય વિવાદો પણ સામે આવ્યા. કેટલાક પક્ષોએ બેઠકમાં ચોક્કસ જૂથોને આમંત્રણ આપવા અંગે પ્રશ્નો ઉઠાવ્યા અને પ્રતીકાત્મક વોકઆઉટ કરીને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો. બીજી તરફ સરકારે સ્પષ્ટ કર્યું કે સંવાદની પ્રક્રિયામાં શક્ય તેટલા બધા પક્ષો અને જૂથોને સાંભળવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. લોકશાહી વ્યવસ્થામાં આવા મતભેદો નવી બાબત નથી, પરંતુ મહત્વનું એ છે કે અંતે ચર્ચાનો માર્ગ ખુલ્લો રહે અને કોઈપણ પ્રશ્નનો ઉકેલ સંવાદ દ્વારા જ શોધવામાં આવે.

ચોમાસુ સત્ર દરમિયાન અનેક મહત્વપૂર્ણ વિધેયકો ચર્ચા માટે રજૂ થવાના છે. તેમાં રાષ્ટ્રીય પ્રતીકોના સન્માન સાથે જોડાયેલા કાયદામાં સુધારા, ન્યાયવ્યવસ્થાને વધુ કાર્યક્ષમ બનાવવા માટે સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા વધારવા સંબંધિત પ્રસ્તાવો સહિત અન્ય કાયદાકીય સુધારાઓનો સમાવેશ થાય છે. કોઈપણ કાયદો માત્ર સરકારની ઈચ્છાથી નહીં, પરંતુ સંસદમાં વ્યાપક ચર્ચા અને વિવિધ મંતવ્યોના આધારે જ વધુ અસરકારક બની શકે છે. તેથી દરેક વિધેયક પર ગંભીર અને રચનાત્મક ચર્ચા થવી એ સમયની માંગ છે.વિપક્ષે પણ ચોમાસુ સત્ર દરમિયાન અનેક મુદ્દાઓ ઉઠાવવાની તૈયારી દર્શાવી છે. શિક્ષણ વ્યવસ્થામાં પારદર્શિતા, મોંઘવારી, બેરોજગારી, આંતરિક સુરક્ષા, વિદેશ નીતિ અને અન્ય જાહેરહિતના પ્રશ્નો પર ચર્ચાની માંગ લોકશાહી માટે સ્વસ્થ સંકેત છે. સરકાર પાસે પોતાની નીતિઓ અને નિર્ણયોને યોગ્ય રીતે રજૂ કરવાની તક હશે, જ્યારે વિપક્ષ પાસે જનતાના પ્રશ્નોને અસરકારક રીતે રજૂ કરવાની જવાબદારી રહેશે. આ પ્રક્રિયા જેટલી ગંભીર અને તથ્યઆધારિત બનશે, તેટલો જ લોકશાહી પ્રત્યેનો વિશ્વાસ મજબૂત બનશે.

આ સત્રમાં સીમાંકન, મહિલા અનામત અને અન્ય બંધારણીય સુધારાઓ જેવા મુદ્દાઓની ચર્ચા પણ ફરી કેન્દ્રસ્થાને આવી શકે છે. આવા વિષયો માત્ર રાજકીય નહીં, પરંતુ દેશના ભવિષ્ય સાથે જોડાયેલા છે. બંધારણીય સુધારાઓ માટે વિશાળ બહુમતીની જરૂરિયાત એ દર્શાવે છે કે આવા નિર્ણયો વ્યાપક રાજકીય સહમતિથી જ લેવાવા જોઈએ. સંખ્યાબળનું ગણિત મહત્વનું છે, પરંતુ તેના કરતાં વધુ મહત્વપૂર્ણ બાબત એ છે કે તમામ પક્ષો દેશહિતને પ્રાથમિકતા આપીને ચર્ચામાં ભાગ લે.

ભારતીય સંસદીય પરંપરામાં ઘણી વખત તીવ્ર મતભેદો છતાં ઐતિહાસિક નિર્ણયો સર્વસંમતિથી લેવામાં આવ્યા છે. બંધારણ નિર્માણથી લઈને અનેક મહત્વપૂર્ણ સુધારાઓ સુધી ભારતે સાબિત કર્યું છે કે વિવિધ વિચારો હોવા છતાં દેશહિત સર્વોચ્ચ રહે છે. આજના સમયમાં પણ આ જ પરંપરાને આગળ વધારવાની જરૂર છે. સતત હોબાળો, કાર્યમાં વિક્ષેપ અને સમયનો બગાડ અંતે દેશની જનતાનું નુકસાન કરે છે. સંસદનું દરેક મિનિટ જનતાના કરમાંથી ચાલે છે, તેથી દરેક ક્ષણનો ઉપયોગ રચનાત્મક ચર્ચા માટે થવો જોઈએ.આધુનિક ભારત ઝડપથી બદલાઈ રહ્યું છે. વૈશ્વિક અર્થવ્યવસ્થા, નવી ટેક્નોલોજી, કૃત્રિમ બુદ્ધિમત્તા, રોજગારી, શિક્ષણ, પર્યાવરણ, ઊર્જા સુરક્ષા અને ડિજિટલ અર્થતંત્ર જેવા અનેક નવા પડકારો દેશ સામે ઊભા છે. આવા સમયમાં સંસદની જવાબદારી વધુ વધી જાય છે. માત્ર રાજકીય ટકરાવમાં સમય પસાર કરવાને બદલે ભવિષ્યલક્ષી નીતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું વધુ જરૂરી છે. દેશના યુવાનો, ખેડૂતો, મહિલાઓ, ઉદ્યોગકારો અને સામાન્ય નાગરિકોની અપેક્ષા છે કે સંસદ તેમના જીવનને વધુ સારું બનાવતા નિર્ણયો લે.ભારત વિશ્વના સૌથી મોટા લોકતંત્ર તરીકે ઓળખાય છે. વિશ્વના અનેક દેશો ભારતની સંસદીય પરંપરા અને લોકશાહી પ્રક્રિયાને ધ્યાનથી નિહાળે છે. તેથી સંસદની દરેક કાર્યવાહી દેશની આંતરિક રાજનીતિ પૂરતી મર્યાદિત રહેતી નથી, પરંતુ વૈશ્વિક સ્તરે પણ ભારતની છબી પર અસર કરે છે. પરિપક્વ ચર્ચા, તર્કસંગત દલીલો અને શિસ્તબદ્ધ વર્તન ભારતના લોકતંત્રને વધુ વિશ્વસનીય બનાવે છે.ચોમાસુ સત્રમાં સરકાર અને વિપક્ષ બંને માટે એક સમાન તક છે. સરકાર પોતાના વિકાસકાર્યો, નીતિઓ અને ભવિષ્યના આયોજનને સ્પષ્ટ રીતે રજૂ કરી શકે છે, જ્યારે વિપક્ષ જનતાના પ્રશ્નોને જવાબદારીપૂર્વક રજૂ કરીને વૈકલ્પિક વિચારધારા આપી શકે છે. લોકશાહીમાં વિરોધ એટલે વિરોધ માટે વિરોધ નહીં, પરંતુ વધુ સારા શાસન માટે રચનાત્મક સૂચનો આપવાની પ્રક્રિયા છે. એ જ રીતે સરકાર માટે પણ વિપક્ષના સૂચનોને ખુલ્લા મનથી સાંભળવાની પરિપક્વતા જરૂરી છે.ભારતીય લોકશાહીની સૌથી મોટી શક્તિ તેની વિવિધતા છે. ભાષા, સંસ્કૃતિ, પ્રદેશ અને રાજકીય વિચારધારામાં ભિન્નતા હોવા છતાં દેશ એક બંધારણ અને એક સંસદીય વ્યવસ્થા હેઠળ આગળ વધી રહ્યો છે. આ એકતા જ ભારતની સાચી ઓળખ છે. સંસદમાં થતી ચર્ચાઓ અને લેવાતા નિર્ણયો કરોડો લોકોના જીવનને અસર કરે છે. તેથી દરેક સાંસદે પક્ષીય હિત કરતાં રાષ્ટ્રીય હિતને વધુ મહત્ત્વ આપવું જોઈએ.



આગામી દિવસોમાં સંસદમાં તીવ્ર ચર્ચાઓ થવાની સંભાવના છે. કેટલાક મુદ્દાઓ પર સરકાર અને વિપક્ષ વચ્ચે તીવ્ર મતભેદ પણ જોવા મળી શકે છે. પરંતુ અંતે દેશની પ્રજા એ જ અપેક્ષા રાખે છે કે તમામ રાજકીય પક્ષો લોકશાહીની મર્યાદા જાળવી રાખીને ચર્ચા કરે, જરૂરી કાયદાઓ પર ગંભીર વિચારવિમર્શ કરે અને દેશના સર્વાંગી વિકાસને ગતિ આપતા નિર્ણયો લે. લોકશાહીનું સાચું સૌંદર્ય બહુમતીના અહંકારમાં નહીં, પરંતુ સહમતિના સંસ્કારમાં રહેલું છે. જો ચોમાસુ સત્ર આ ભાવનાને આગળ વધારશે, તો તે માત્ર સંસદીય પ્રક્રિયાની સફળતા નહીં, પરંતુ ભારતના લોકતંત્રની વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ ગણાશે.

# ઈંગ્લેન્ડમાં કારમી હાર બાદ ભારતીય ટીમની હવે ઝિમ્બાબ્વે સામે ટી૨૦ શ્રેણી રમવાની તૈયારી

નવીદિલ્હી,

ટીમ ઈન્ડિયાનો ઈંગ્લેન્ડ પ્રવાસ સમાપ્ત થઈ ગયો છે. જોકે, તે વિનાશક રહ્યો. પહેલા, ભારતીય ટીમ ટી ૨૦ શ્રેણીમાં વ્હાઈટવોશ થઈ હતી, અને પછી વનડે શ્રેણીમાં હારનો સામનો કરવો પડ્યો હતો. આ પહેલા, ટીમ ઈન્ડિયા આયર્લૅન્ડ સામે પણ શ્રેણી હારી ગઈ હતી.વનડે શ્રેણીમાં હાર બાદ શુભમન ગિલે નારાજગી વ્યક્ત કરી હતી. આગળ જોતાં, ટીમ ઈન્ડિયા ટૂંક સમયમાં ઝિમ્બાબ્વેનો પ્રવાસ કરશે. શ્રેણી શરૂ થવામાં હવે થોડો જ સમય બાકી છે, તેથી તમારે કોઈપણ મેચ ચૂકી ન જવા માટે સમયપત્રક પર ધ્યાન આપવું જોઈએ.



ભારતીય ટીમ હવે ઝિમ્બાબ્વે સામે શ્રેણી રમશે. ટીમ અને કેપ્ટન એક અલગ ટીમ હશે. ઝિમ્બાબ્વે સામેની શ્રેણી ટી ૨૦ આંતરરાષ્ટ્રીય હોવાથી, કેપ્ટનશીપ શ્રેયસ ઐયર પાસે રહેશે, જેમણે હજુ સુધી તેમની કેપ્ટનશીપ હેઠળ એક પણ મેચ જીતી નથી. શ્રેણી માટે ત્રણ મેચ સુનિશ્ચિત થયેલ છે. દરમિયાન, શુભમન ગિલ, વિરાટ કોહલી અને રોહિત શર્મા ગેરહાજર રહેશે. તમારે તેમના પ્રદર્શન માટે રાહ જોવી પડશે. જોકે, વૈભવ સૂર્યવંશી અને અભિષેક શર્મા જેવા બેટ્સમેન, જેઓ તેમની વિસ્ફોટક બેટિંગ માટે જાણીતા છે, ટૂંક સમયમાં મેદાનમાં પાછા ફરશે.

ભારત વિરુદ્ધ ઝિમ્બાબ્વે શ્રેણીની વાત કરીએ તો, ચાર દિવસમાં ત્રણ મેચ રમાશે. શ્રેણીની પહેલી મેચ ગુરુવાર, ૨૩ જુલાઈના રોજ રમાશે. બીજી મેચ ૨૫ જુલાઈ, શનિવારના રોજ અને અંતિમ મેચ ૨૬ જુલાઈ, રવિવારના રોજ રમાશે. આ સાથે શ્રેણીનો અંત આવશે. દરમિયાન, ઝિમ્બાબ્વે અને બાંગ્લાદેશે તાજેતરમાં ત્રણ મેચની ૨૦ શ્રેણી રમી હતી, જેમાં ઝિમ્બાબ્વેએ એક મેચ જીતી હતી. જોકે તેઓ બે મેચ હારી ગયા હતા, પરંતુ સ્પર્ધા ઉગ્ર અને તીવ્ર હતી. આમ, ભારતીય ટીમને મુશ્કેલ પડકારનો સામનો કરવો પડે છે.

# જો તમને વાંધો હોય તો ચૂંટણી લડો; રસ્તાઓ પર અરાજકતા ન ફેલાવો, કંગના રનૌતનું નિવેદન

નવીદિલ્હી,

સંસદના ચોમાસા સત્રમાં પહેલા જ દિવસે અંધાધૂંધી જોવા મળી રહી છે. સત્રમાં હાજરી આપવા પહોંચેલા ભાજપ સાંસદ અને અભિનેત્રી કંગના રનૌતે "કોકરોચ જનતા પાર્ટી" અને વિપક્ષ પર નિશાન સાધ્યું છે. હકીકતમાં, વિપક્ષના સતત વિરોધને કારણે ચોમાસા સત્રના પહેલા જ દિવસે સંસદ સત્ર વારંવાર મુલતવી રાખવામાં આવ્યું છે. કંગના રનૌતે પોતાની નારાજગી વ્યક્ત કરતા કહ્યું, "સંસદનું સત્ર ચાલી રહ્યું છે જેથી આપણે દરેક મુદ્દા પર ચર્ચા કરી શકીએ. પરંતુ જો લોકો હંગામો મચાવે છે, તો તે યોગ્ય નથી. કારણ



કે લોકોએ એક સરકાર પસંદ કરી છે અને તેને તે કેવી રીતે ચાલશે તે નક્કી કરવાનો અધિકાર છે. વારંવાર હોબાળો અને સૂત્રોચ્ચારથી ગૃહની કાર્યવાહી ખોરવાઈ ગઈ છે."

કંગના રનૌતે ચોમાસા સત્રના પહેલા જ દિવસે જંતર-મંતર પર કોકરોચ જનતા પાર્ટીના વિરોધ પર પણ નિશાન સાધ્યું. તેણીએ કહ્યું, "તમે રસ્તાઓ પર આ રીતે અંધાધૂંધી ફેલાવીને ચૂંટાયેલી સરકારને હાથથી નકારી શકો." તેણીએ સ્પષ્ટ કર્યું કે દેશના લોકો દ્વારા ચૂંટાયેલી સરકારને જ કોને જાળવી રાખવા કે કાઢી મૂકવાનો નિર્ણય લેવાનો અધિકાર છે. તેમણે વિરોધીઓને સલાહ આપી કે લોકશાહીમાં, નીતિઓ સામે વાંધો ઉઠાવવાનો માર્ગ ચૂંટણી લડવાનો છે, શેરીમાં અંધાધૂંધી અને બ્લેકમેલ કરીને નહીં."

કંગના રનૌતે જણાવ્યું હતું કે ચોમાસુ સત્ર મહત્વપૂર્ણ રાષ્ટ્રીય મુદ્દાઓ પર ગંભીર ચર્ચા કરવા અને જનતાનો અવાજ ઉઠાવવા માટે છે, અને સરકાર દરેક પ્રશ્નનો જવાબ આપવા માટે તૈયાર છે. જોકે, વિપક્ષનો હેતુ ચર્ચા કરવાનો નથી, પરંતુ અંધાધૂંધી અને વિક્ષેપ પેદા કરવાનો છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે આવા વિક્ષેપો દેશના કિંમતી સમય અને સંસાધનોનો બગાડ કરે છે, જે સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે. વિપક્ષ ફક્ત દબાણની રાજનીતિમાં જોડાવા માંગે છે. તેમણે ઉમેર્યું હતું કે સંપૂર્ણ બહુમતી સાથે લોકો દ્વારા ચૂંટાયેલી સરકારને દેશ ચલાવવાનો સંપૂર્ણ અધિકાર છે. વિપક્ષ સરકારને કોને જાળવી રાખવા અથવા કોને કાઢી મૂકવા તે નક્કી કરવા માટે દબાણ કે બ્લેકમેલ કરી શકતું નથી.

# અર્જુન કપૂર અને સાહિબા બાલી લંડનના લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર સાથે જોવા મળ્યા

લોર્ડ્સ,

અર્જુન કપૂર બોલિવૂડના સૌથી લોકપ્રિય કલાકારોમાંના એક છે, જેમની લવ લાઈફ હંમેશા સમાચારમાં રહે છે. હવે, 'લોક અપ ૨' માં પામેલાને આપેલા રમતિયાળ પ્રપોઝના થોડા દિવસો પછી, અર્જુન સાહિબા સાથે જોવા મળ્યો છે. અર્જુન કપૂર અને સાહિબા બાલી તાજેતરમાં લંડનમાં સાથે જોવા મળ્યા હતા, જેનાથી એવી અટકળો શરૂ થઈ હતી કે તેઓ ડેટ કરી રહ્યા હશે. ૧૯ જુલાઈ, ૨૦૨૬, રવિવારના રોજ લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ત્રીજી વનડે દરમિયાન બોલિવૂડ અભિનેતા અર્જુન અને અભિનેત્રી સાહિબા એકસાથે જોવા મળ્યા હતા. સ્ટેડિયમમાંથી બંનેના ફોટા અને વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.

સાહિબા બાલી અને અર્જુન કપૂરને એકસાથે જોઈને પ્રશ્ન ઉભો થયો છેઃ શું તેમની વચ્ચે ફક્ત મિત્રતા જ નથી? તાજેતરમાં, "લોક અપ ૨" શોમાં અર્જુન કપૂરે પામેલા સેરેનાને મજાકમાં પ્રપોઝ કર્યું ત્યારે અભિનેતા હેડલાઈન્સમાં આવ્યા હતા. લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર ભારત વિરુદ્ધ ઈંગ્લેન્ડ ત્રીજી વનડે દરમિયાન અર્જુન સાહિબા સાથે મેચિંગ બ્લુ પોશાકમાં જોવા મળ્યો હતો. અર્જુન અને સાહિબાના ફોટા અને વીડિયો વાયરલ થયા પછી તરત જ, નેટીઝન્સે ટિપ્પણી વિભાગમાં પોતાના મંતવ્યો શેર કર્યા. એક યુઝરે લખ્યું, "શું ચાલી રહ્યું છે?" ત્રીજા યુઝરે લખ્યું, "શું રસોઈ છે?"

રસપ્રદ વાત એ છે કે, અભિનેતાએ હજુ સુધી આ ડેટિંગ અફવાઓ પર કોઈ પ્રતિક્રિયા આપી નથી. જોકે, સાહિબા બાલીએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર અર્જુન કપૂર સાથેનો પોતાનો એક ફોટો શેર કર્યો, જેનાથી અટકળો વધુ વેગ પામી. ડેટિંગની અફવાઓ ત્યારે શરૂ થઈ જ્યારે સાહિબાએ અર્જુનને તેના જન્મદિવસ પર એક રમુજી ઈન્સ્ટાગ્રામ સ્ટોરી સાથે શુભેચ્છા પાઠવી. ત્યારબાદ અર્જુનના પ્રતિભાવે ચાહકોનું ધ્યાન ખેંચ્યું. તેના વાયરલ ફોટા પર પ્રતિક્રિયા આપતા, એક યુઝરે ટિપ્પણી કરી, "શું તેઓ સાથે છે? શું તે



કોઈ બીજાને જોઈ રહી નહોતી?" નોંધનીય છે કે સાહિબા ૨૦૨૫ માં ક્રિકેટર વોશિંગ્ટન સુંદર સાથે જોડાઈ હતી.

# ઈંગ્લેન્ડ સામે હાર્યા બાદ ટીમ ઈન્ડિયાને આઈસીસી રેન્કિંગમાં નુકસાન થયું

નવીદિલ્હી,

ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડ સામે ત્રણ મેચની વનડે શ્રેણીની અંતિમ મેચ હારી ગઈ હતી, અને તેની સાથે, શ્રેણી પણ સરકી ગઈ છે. આ હારના કારણે ભારતીય ટીમે આઈસીસી રેક્કિંગમાં પણ પોતાનું સ્થાન ગુમાવ્યું છે. જોકે ટીમ હજુ પણ નંબર વન સ્થાન પર છે, તેનું રેટિંગ ઘટી ગયું છે, તેથી ટોચનું સ્થાન હવે જોખમમાં છે. એ પણ એક હકીકત છે કે શુભમન ગિલની કેપ્ટનશીપ હેઠળ ટીમ ઈન્ડિયાએ ચાર વનડે શ્રેણી રમી છે, જેમાંથી ફક્ત એક જીતી છે અને ત્રણમાં હારનો સામનો કરવો પડ્યો છે.

ભારત વિરુદ્ધ ઈંગ્લેન્ડ વનડે શ્રેણીની પહેલી મેચ ૧૪ જુલાઈના રોજ રમાઈ હતી. સૌ પ્રથમ, આપણે ૧૩ જુલાઈના રોજ,આઈસીસી રેક્કિંગમાં બંને ટીમોના રેટિંગ અને રેક્કિંગની તપાસ કરવી જોઈએ. ૧૩ જુલાઈના રોજ, ટીમ ઈન્ડિયા ૧૨૧ રેટિંગ સાથે નંબર વન ક્રમે હતી. ઈંગ્લેન્ડનું રેટિંગ ૮૯ હતું, જે તેમને આઠમા ક્રમે રાખે છે. જોકે, જેમ જેમ શ્રેણી આગળ વધતી ગઈ, તેમ તેમ પરિસ્થિતિ બદલાતી ગઈ.

જો આપણે આજે, ૨૦ જુલાઈના રેક્કિંગ પર નજર કરીએ, તો ભારતીય ટીમ હજુ પણ નંબર વન છે, પરંતુ તેનું રેટિંગ ૧૨૧ થી ઘટીને ૧૧૬ થઈ ગયું છે. ઈંગ્લેન્ડનું રેટિંગ, જે ૮૯ હતું, હવે વધીને ૯૩ થઈ ગયું છે, અને ટીમ આઠમાથી સાતમા સ્થાને આવી ગઈ છે. આનો અર્થ એ છે કે તેને માત્ર રેટિંગના ફાયદાનો ફાયદો થયો નથી, પરંતુ રેક્કિંગમાં એક સ્થાનનો કૂદકો પણ લાગ્યો છે. ટીમ હવે અફઘાનિસ્તાનને પાછળ છોડી ગઈ છે.જેમ આપણે પહેલાથી જ ઉલ્લેખ કર્યો છે, ભારતનું રેટિંગ ૧૧૬ છે, જ્યારે ન્યુઝીલેન્ડ ૧૧૧ રેટિંગ સાથે બીજા સ્થાને છે. આનો અર્થ એ છે કે બંને વચ્ચેનું અંતર ફક્ત પાંચ પોઈન્ટ છે. ભારતીય ટીમ હવે સપ્ટેમ્બરમાં વેસ્ટ ઈન્ડિઝ સામે ત્રણ મેચની વનડે શ્રેણી રમશે, જ્યારે ન્યુઝીલેન્ડની ટીમ હાલમાં વેસ્ટ ઈન્ડિઝ સામે વનડે શ્રેણી રમી રહી છે. ભલે આ તાત્કાલિક ન હોય, પરંતુ જો આ ચાલુ રહેશે, તો ભારતીય ટીમ માટે તેનું ટોચનું સ્થાન જાળવી રાખવું મુશ્કેલ બનશે. ટીમે પોતાનું નંબર વન સ્થાન જાળવી રાખવા માટે જીતના માર્ગો પર પાછા ફરવું પડશે.

# કેટરિના કૈફ જન્મદિવસની ઉજવણીમાં દીકરા વિઆન પર પ્રેમ વરસાવતી જોવા મળી

મુંબઈ,

કેટરિના કૈફે તેના પરિવારના કેટલાક સુંદર ફોટા શેર કરીને ચાહકોને તેના ખાસ ૪૩મા જન્મદિવસની ઉજવણીની હૃદયસ્પર્શી ઝલક આપી. સોશિયલ મીડિયા પર કેટરિનાની પોસ્ટ તેના ખાસ કારણને કારણે હેડલાઈન્સમાં છેઃ તે તેના પુત્ર વિઆન અને પતિ વિકી સાથે ગુણવત્તાયુક્ત સમય વિતાવતો દર્શાવે છે. આ પાંચ ફોટામાંથી, ત્રીજા ફોટાએ બધાનું ધ્યાન ખેંચ્યું, જ્યારે અન્ય બે ફોટામાં, કેટરિના તેના પુત્ર પર પ્રેમ વરસાવતી જોવા મળી રહી છે. જોકે, તેણે વિઆન કૌશલનો ચહેરો બતાવ્યો નહીં. અભિનેત્રીએ એ પણ સમજાવ્યું કે આ જન્મદિવસ તેના માટે કેમ ખાસ હતો.





વિકી કૌશલે ૧૬ જુલાઈએ તેની પત્ની માટે એક સુંદર જન્મદિવસની શુભેચ્છા પોસ્ટ કરી, અને બે દિવસ પછી, કેટે પણ ઉજવણીની એક ઝલક શેર કરી. કેટરિનાએ તેના ૪૩મા જન્મદિવસની ઉજવણીના ફોટા શેર કરીને બધાનું ધ્યાન ખેંચ્યું. આ ફોટામાં તેના પતિ વિકી કૌશલ પણ જોવા મળ્યા, જેનાથી ચાહકોને જન્મદિવસની ઉજવણીની ખાસ ઝલક મળી. રવિવાર, ૧૯ જુલાઈ, ૨૦૨૬ ના રોજ ઈન્સ્ટાગ્રામ પર ફોટા શેર કરીને, કેટરિનાએ સમજાવ્યું કે તેનો જન્મદિવસ કેમ ખાસ હતો. અભિનેત્રીએ એક હૃદયસ્પર્શી નોંધ લખીઃ

ફોટામાં, કેટરિના અદભુત નારંગી મેક્સી ડ્રેસમાં અદભુત દેખાઈ રહી છે. તેણીએ તેના લાંબા વાળ નીચે કર્યા અને સ્પષ્ટ શોટ માટે સ્મિત કર્યું. બીજો એક ફોટો વિકી સાથે ખુશ ક્ષણ વિતાવતો બતાવે છે, અને પોસ્ટમાં ઉમેરવામાં આવેલ આ ત્રીજો ફોટો, જેમાં અભિનેતા તેની પત્ની તરફ જોઈ રહ્યો છે જ્યારે કેટરીના, ડેનિમ આઉટફિટમાં સ્મિત કરી રહી છે. છેલ્લા ફોટાએ બધાનું દિલ જીતી લીધું, જેમાં નાના વિહાને ખૂબ જ સુંદર રીતે કેટરીનાનું નાક પકડી રાખ્યું છે.

કામના મોરચે, કેટરીના છેલ્લે વિજય સેતુપતિ સાથે "મેરી ક્રિસમસ" માં જોવા મળી હતી, જે ૨૦૨૪ માં રિલીઝ થઈ હતી.

# યુવરાજ સિંહે રોહિત શર્મા અને વિરાટ કોહલીના ભવિષ્ય અંગે સ્પષ્ટતાની માંગ કરી

મુંબઈ,

જ્યારે ભારતીય ટીમમાં રોહિત શર્મા અને વિરાટ કોહલીના ભવિષ્ય અંગે ચર્ચા ચાલુ છે, ત્યારે ભૂતપૂર્વ ભારતીય ઓલરાઉન્ડર યુવરાજ સિંહની ચિંતા હાલમાં યુવા ઓપનર યશસ્વી જયસ્વાલ અંગે છે. યુવરાજ માને છે કે જયસ્વાલને પૂરતી તકો મળી રહી નથી, ભલે તેણે તેની છેલ્લી ત્રણ વનડે ઈનિંગ્સમાં બે સદી ફટકારી હોય.

યુવરાજ સિંહે જિયોસ્ટાર પર વાત કરતા કહ્યું કે ટીમ મેનેજમેન્ટે રોહિત શર્મા અને વિરાટ કોહલીના ભવિષ્ય વિશે સ્પષ્ટ ચર્ચા કરવી જોઈએ. તેમણે કહ્યું કે જો બંને ખેલાડીઓને આવતા વર્ષે દક્ષિણ આફ્રિકા, નામિબિયા અને ઝિમ્બાબ્વેમાં યોજાનાર વનડે વર્લ્ડ કપની યોજનાઓમાં સામેલ કરવામાં આવે તો ટીમે તેમને સંપૂર્ણ ટેકો આપવો જોઈએ. યુવરાજે કહ્યું, "વિરાટ અને રોહિત કરતાં વધુ, મારી ચિંતા યશસ્વી જયસ્વાલ વિશે છે. જો વર્લ્ડ કપ આવે અને તેને પૂરતી મેચ નહીં મળે, તો તે અચાનક દબાણમાં આવી જશે."રોહિત શર્માએ ઈંગ્લેન્ડ સામેની ત્રીજી વનડેમાં ૧૧૦ બોલમાં ૧૩૮ રનની શાનદાર ઈનિંગ્સ રમીને પોતાની નિવૃત્તિ અંગેની અટકળોને શાંત કરી દીધી. વિરાટ કોહલીએ ત્રણ મેચની વનડે શ્રેણીમાં સતત બે અડધી સદી ફટકારીને પણ પોતાનું ફોર્મ બતાવ્યું. જોકે, ભારત ૧-૨થી શ્રેણી હારી ગયું. યુવરાજે કહ્યું કે કોચ, કેપ્ટન અને પસંદગીકારો તરફથી સ્પષ્ટતા હોવી જોઈએ.તેમણે કહ્યું, "રોહિત અને વિરાટ આજે જે પરિસ્થિતિમાં





છે તેમાંથી હું પસાર થઈ ચૂક્યો છું. તેથી, તેઓએ રમવું જોઈએ કે નહીં તે નક્કી કરવાનું અમારું કામ નથી. તે ટીમ મેનેજમેન્ટ, કોચ અને પસંદગીકારોનો નિર્ણય છે."

યુવરાજે કહ્યું કે જો રોહિત શર્મા અને વિરાટ કોહલી વર્લ્ડ કપ યોજનાઓનો ભાગ છે, તો તેમને હમણાં જ આત્મવિશ્વાસ આપવો જોઈએ. તેમણે કહ્યું, "જો તમે ઈચ્છો છો કે તેઓ વર્લ્ડ કપ રમે, તો તમારે તેમના ખભા પર હાથ રાખીને કહેવું જોઈએ કે, 'અમે ઈચ્છીએ છીએ કે તમે વર્લ્ડ કપ રમો. અમે તમનેસંપૂર્ણ સમર્થન આપીએ છીએ. તમારે તમારી કુદરતી રમત રમવી જોઈએ.'"

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ન | વિ | ચા | ર | ણા | સ | ર | વા | ળો | કા | મો | ભો |
| ર | લ | ળ | ધ | રી | ક્રો | શિ | સા | ક્ષ | ત | કા | વિ |
| ન | આ | ક્ષ | ક | ર | ઐ | ક્ષ | લ | ઈ | ર | ધ | જ્ઞા |
| કા | હિ | ર | વા | પ્ર | સ | ક | સ | ક | ધ | દ | ન |
| વ | ગી | કા | ણે | ક | બ | ળો | ક | ઐ | ર | રા | હા |
| ક | મા | બં | ધ | ઈ | પ્ર | કા | ઐ | પ્ર | દ | દ | બ |
| ક | ડી | ફ | ર | આ | અં | ફ | પ્ર | બા | ર | સા | ખ |
| ર | ણ | કા | ર | ઓ | વા | ભો | ર | વિ | ર | ક્ષ | સ |
| ળ | હા | ર | ર | શિ | કુ | બ | ખ | લી | સા | કા | કા |
| વિ | સા | ર | ક્ષ | ર | દ | લ | જી | ળ | ર | ર | રો |
| લી | સ | ણ | બં | અ | ફ | મ | વા | ક્ષ | સા | મો | વિ |
| ડો | ભો | મા | ધ | ધ | ભો | શ | ગ | ભ | ગ | ન | રા |

શબ્દ શોધો: મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# કાર્તિક આર્યનને તેનો પહેલો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર મળ્યો; પરિવાર સાથે ઉજવણી કરી

મુંબઈ,

બોલીવુડ અભિનેતા કાર્તિક આર્યન હવે એક નવી સિદ્ધિ માટે સમાચારમાં છે.માહિતી અને પ્રસારણ મંત્રાલયે ૨૦૨૪ ની શ્રેષ્ઠ ફિલ્મો માટે ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની જાહેરાત કરી. નવી દિલ્હીના રાષ્ટ્રીય મીડિયા સેન્ટર ખાતે વિજેતાઓની સત્તાવાર જાહેરાત કરવામાં આવી, જેમાં કાર્તિક આર્યનને ૨૦૨૪ ની ફિલ્મ "ચંદુ ચેમ્પિયન" માટે શ્રેષ્ઠ અભિનેતાનો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર મળ્યો. કાર્તિક મામૂટી સાથે આ પુરસ્કાર શેર કરશે, જેમને "બ્રહ્મયુગમ" માટે શ્રેષ્ઠ અભિનેતાનો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર મળ્યો હતો. જીત પર ખુશી વ્યક્ત કરતા, કાર્તિક આર્યને એક વિડિઓ શેર કર્યો જેમાં તે તેના પરિવાર સાથે આ મોટી જીતની ઉજવણી કરતો જોઈ શકાય છે.

કાર્તિક આર્યનને "ચંદુ ચેમ્પિયન" માં તેમના શાનદાર અભિનય માટે ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં શ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર મળ્યો. ફિલ્મમાં, તેમણે ભારતના પ્રથમ પેરાલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા, મુરલીકાંત પેટકરની ભૂમિકા ભજવી, જેના માટે તેમણે નોંધપાત્ર શારીરિક અને માનસિક પરિવર્તન કર્યું. એવોર્ડ પ્રાપ્ત થયા પછીની પ્રતિક્રિયા દર્શાવતા એક વીડિયોમાં, કાર્તિક આર્યન રડતો, હસતો અને તેના પરિવાર સાથે ઉજવણી કરતો જોઈ શકાય છે. આ વીડિયો પોસ્ટ કરતા, અભિનેતાએ સમજાવ્યું કે તે લાંબા સમયથી આ એવોર્ડનું સ્વપ્ન જોતો હતો.

કાર્તિક આર્યને ઈન્સ્ટાગ્રામ પર એક વિડિઓ શેર કર્યો, જેમાં તે તેના લેપટોપ પર રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની જાહેરાતનું લાઈવ સ્ટ્રીમિંગ જોઈ રહ્યો હતો. "ચંદુ





ચેમ્પિયન" માં તેના અભિનય માટે કાર્તિક આર્યનને શ્રેષ્ઠ અભિનેતા જાહેર કરવામાં આવતાની સાથે જ તે ભાવુક થઈ ગયો. તેનું નામ જાહેર થતાં જ તેણે સ્ક્રીન તરફ ઈશારો કર્યો અને પછી તેના પ્રિયજનો સાથે તે ક્ષણની ઉજવણી કરી.

વીડિયો શેર કરતા, કાર્તિકે કેપ્શનમાં લખ્યું, "હું હજી પણ આ લાગણીને ફરીથી જીવી રહ્યો છું. કેટલીક ક્ષણો શબ્દો કરતાં વધુ શક્તિશાળી હોય છે, અને આ તેમાંથી એક છે. વર્ષોથી મારું એક સ્વપ્ન આખરે સાકાર થયું છે. હું હંમેશા નમ્ર અને આભારી રહીશ. શ્રેષ્ઠ અભિનેતા રાષ્ટ્રીય પુરસ્કાર - ચંદુ ચેમ્પિયન."સાજિદ નડિયાદવાલાએ પણ કાર્તિક આર્યનને તેની જીત પર અભિનંદન આપ્યા. તેઓએ બેનરના સોશિયલ મીડિયા હેન્ડલ પર લખ્યુંઃ "ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન' માટે શ્રેષ્ઠ અભિનેતાનો રાષ્ટ્રીય પુરસ્કાર જીતવા બદલ કાર્તિક આર્યનને ખૂબ ખૂબ અભિનંદન. કામના મોરચે, કાર્તિક આર્યન છેલ્લે "ભૂલ ભુલૈયા ૩" માં જોવા મળ્યો હતો, જે બોક્સ ઓફિસ પર સફળ રહ્યો હતો. સેકનિલ્કના જણાવ્યા મુજબ, હોરર-કોમેડી ફિલ્મે ભારતીય બોક્સ ઓફિસ પર ?૨૬૦.૧૧ કરોડ (નેટ) અને વિશ્વભરમાં ?૪૦૦.૩૫ કરોડની કમાણી કરી હતી. કાર્તિક આર્યનની આગામી ફિલ્મોમાં "નાગઝિલા"નો સમાવેશ થાય છે. તે ૨૦૨૭ માં રિલીઝ થનારી "કેપ્ટન ઈન્ડિયા" માં પણ જોવા મળશે. તાજેતરમાં, ફિલ્મમાંથી કાર્તિકનો લુક રિલીઝ થયો હતો, જેમાં તે ટોપી અને યુનિફોર્મ પહેરેલો જોવા મળ્યો હતો.

# લોધીકા દરબારગઢ સ્થિત શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરનો ભવ્ય પુનરોદ્ધાર પ્રસંગ યોજાશે

## વિશ્વપ્રસિદ્ધ શ્રી સાળંગપુર હનુમાન મહારાજની મૂર્તિ જેવી જ સમગ્ર વિશ્વમાં એકમાત્ર ૧૦ ફૂટની વિશાળ મૂર્તિ



રાજકોટ : સૌરાષ્ટ્રના ઈતિહાસમાં ધર્મનિષ્ઠા, અપ્રતિમ દાનવીરતા અને ક્ષત્રિય ટેકના પ્રતિક તરીકે જેમનું નામ સુવર્ણ અક્ષરે અંકિત થવું છે, તેવા લોધીકાના રાજઋષિ ઠાકોર શ્રી અભયસિંહજી જાડેજાના ભક્તિમય વારસામાં વધુ એક સુવર્ણ પૃષ્ઠ ઉમેરાવા જઈ રહ્યું છે.

યોગેશ્વર કૃપાપાત્ર ઠાકોર સાહેબ શ્રી અભયસિંહજી બાપુની ઉપસ્થિતિમાં તથા પ.પૂ. ગોપાળાનંદ સ્વામી અને પ.પૂ. ગુણાતીતાનંદ સ્વામી દ્વારા સ્થાપિત ૨૫૦ વર્ષથી પણ વધુ પૌરાણિક એવા શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજીના મંદિરનો ભવ્ય પુનરોદ્ધાર પ્રસંગ આગામી મંગળવાર, ૨૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ લોધીકા મુકામે ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવશે.

જીૈ બેંક બિલ્ડીંગની બાજુમાં આવેલા ઐતિહાસિક લોધીકા દરબારગઢ ખાતે યોજાનારા આ ભવ્ય પુનરોદ્ધાર મહોત્સવ અંતર્ગત સાંજે ૭.૩૦ કલાકે 'ભોજન પ્રસાદ' તેમજ સાંજે ૯.૦૦ કલાકે 'સુંદરકાંડ પાઠ'નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

ઠાકોર શ્રી અભયસિંહજી જાડેજાએ પોતાની અંતિમ અવસ્થામાં અક્ષરનિવાસી સદગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીના કૃપાપાત્ર સેવક સંત શ્રી મહાપુરુષદાસજી સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી, રાજકોટ ઠાકોર સાહેબ પાસેથી બોરડીવાળી વાડીની જમીન ખરીદી હતી. વિક્રમ સંવત ૧૯૪૨ (ઈ.સ. ૧૮૮૫-૮૬) માં ત્યાં રૂ. ૧૦,૦૦૦/- ના ખર્ચે એક ભવ્ય અને કલાત્મક છત્રી/મંદિરનું નિર્માણ કરાવી તેનો દસ્તાવેજ શ્રી રાધારમણદેવને અર્પણ કર્યો હતો. આજે રાજકોટના ભૂપેન્દ્ર રોડ પર આ સ્થળ 'બોરડીવાળા મંદિર' તરીકે શોભી રહ્યું છે, જ્યાં હજારો સંતો અને હરિભક્તો દર્શન તથા સત્સંગનો લાભ લઈ રહ્યા છે.

અભયસિંહજીની નિયમનિષ્ઠા અજોડ હતી. એકવાર વિજયાદશમીના પર્વે નવાનગર (જામનગર) દરબારમાં જામશ્રી વિભાજીની કચેરીમાં જ્યારે તેમને કસુંબાની પ્યાલી ધરવામાં આવી, ત્યારે તેમણે પોતાની કંઠી-માળા બતાવીને 'નિયમ છે' કહી નમ્રતાપૂર્વક ઈનકાર કર્યો. સભામાં થયેલા કટાક્ષ સહન ન થતાં, તેમણે કમરમાંથી રેશમી ભેઠ ડટાવી, કટાર હાથમાં લઈ જામશ્રી પાસે જઈને કહી દીધું: "બાપુ! ગળામાં છેદ પાડી આ પ્યાલી રેડી દો. હું પણ ક્ષત્રિય છું અને આપ પણ ક્ષત્રિય છો, બંનેની પ્રતિજ્ઞા પાળવી ને જ ધર્મ છે.''

તેમની આવી જ અડગ ભક્તિનો અન્ય એક કિસ્સો લોધીકા પ્રાંત સાહેબ સાથે જોડાયેલો છે. સાહેબના વારંવારના તેડા છતાં દરબાર પોતાની ૭ કલાકની પૂજામાં લીન રહ્યા અને સેવકોને કડક હુકમ કર્યો કે 'આગ લાગે તો પણ ધ્યાનમાંથી જગાડશો નહીં!. તેમની આ અચળ ધર્મનિષ્ઠાથી પ્રભાવિત થઈને બ્રિટિશ સરકારે ખાસ ફરમાન બહાર પાડવું પડ્યું હતું કે, "બપોરે ૧ વાગ્યા સુધી અભયસિંહજીને કોઈ પણ સરકારી કામે ડાજર કરવા નહી.

લોધીકા દરબારગઢ ખાતે ૨૫૦ વર્ષ જૂના પૌરાણિક શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરનો આ પુનરોદ્ધાર પ્રસંગ એ માત્ર એક ધાર્મિક ઉત્સવ નથી, પરંતુ રાજઋષિ અભયસિંહજી બાપુ અને મહાન સંતો દ્વારા રોપાયેલા ભક્તિના બીજનું વિશાળ વટવૃક્ષ છે.

# બાળકોને વાંચતા કરવા નયારા એનર્જીનો નવતર અભિગમ





જામનગર, આંતરરાષ્ટ્રીય કક્ષાની એકીકૃત ડાઉનસ્ટ્રીમ એનર્જી અને પેટ્રોકેમિકલ્સ કંપની નયારા એનર્જીએ કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલિટીમાં એક નવતર અભિગમ અપનાવ્યો છે જેમાં બાળકોમાં વાંચન પ્રત્યે પ્રેરણા સ્ફુરે અને રીડિંગ ફોર જોય માટે જામનગર ઇઝ રીડિંગની પહેલ શરુ કરી છે. નયારા એનર્જીએ આ પહેલને જામનગર જિલ્લાની ૩૬૯ શાળાઓ અને ૬૮૫ આંગણવાડી કેન્દ્રોના આશરે ૬૧૦૦૦ બાળકો સુધી પહોંચાડવા દેશની શ્રેષ્ઠ બિન લાભકારી સંસ્થાઓને કાર્ય સોંપ્યું છે. બાળકોને વાંચનમાં આનંદદાયક પળોનો અનુભવ થાય એ માટે સમૃદ્ધચિત્રો, સરળ શબ્દ ભંડોળ, કેળવણીદાયક સમજણવાળા પુસ્તકો માટે શાળાઓ અને આંગણવાડીમાં એક ખૂણો પુસ્તકાલય માટેવિશેષરીતે નિર્મિત કરાશે. આ નવતર પહેલનો પ્રારંભ જામનગર જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને નયારા એનર્જીની વાડીનાર રિફાઈનરીના હેડશ્રી અમર કુમારની ઉપસ્થિતિમાં કરાયો હતો. વાંચન પ્રવૃત્તિ થકી નવું શીખવાની જીજ્ઞાશાને વૃદ્ધિ મળે એ માટે નયારા એનર્જીના સીએસઆર વિભાગ દ્વારા આ અભિગમને ખુબજ આયોજનબદ્ધ રીતે અમલીકરણ કરવા અલગ અલગ સંસ્થાઓને જવાબદારી સુપ્રત કરાઈ છે. આંગણવાડીના બાળકો માટે ચિત્ર પુસ્તક, શિક્ષણ સહાયક સાધનો, આંગણવાડીના કાર્યકરો માટે વર્કશોપ, શાળાના બાળકો માટે ગુજરાતી-અંગ્રેજીમાં ૧૦૦ થી વધુ પુસ્તકોનો ક્યુરેટેડ સેટ, શિક્ષકો માટે મોટેથી વાંચન અને વાર્તા આધારિત પ્રવૃત્તિઓ પર તાલીમ આપવાનું પણ આયોજન કરાયું છે. પ્રથમ તબક્કામાં જામનગરની ૫૦ શાળાઓ માટે ડિજિટલ વાંચન કાર્યક્રમમાં પુસ્તકોના ક્યુરેટેડ સંગ્રહની ઍક્સેસ પણ સામેલ કરાઈ છે. દરેક બાળકના હાથમાં એક પુસ્તકના ધ્યેયસાથે આ વિશેષ પહેલને આગળ વધારાશે.

# સ્ટાર હેલ્થની તાવ, ડેન્ગ્યુ અને મેલેરિયા,ચાંદીપુરા વાયરસ (CHPV)ના જોખમ સામે સાવચેતી

## ડૉક્ટરની સલાહ અને હોમ હેલ્થ કેરની સુલભતાને મજબૂત બનાવી

ગાંધીધામ
ગાંધીધામમાં ચોમાસાની ઋતુની શરૂ થતાની સાથે જ ડેન્ગ્યુ,મેલેરિયા,તાવ અને અન્ય ચેપી રોગોના કેસો સામાન્ય રીતે વધવા લાગે છે.આ વર્ષે રાજ્યમાં ચાંદીપુરા વાયરસ (CHPV) અંગે પણ ચિંતા સતત વધી રહી છે.આ પ્રકારની સમયમાં ભારતની અગ્રણી સ્ટેન્ડઅલોન હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીઓ પૈકીની એક સ્ટાર હેલ્થ એન્ડ અલાઈડ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ સમગ્ર રાજ્યમાં તેની ચોમાસા દરમિયાનની હેલ્થકેર અને જનજાગૃતિ અભિયાન (આઉટરીચ)ને વધુ વેગ આપી રહી છે.સ્ટાર હેલ્થના નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ના ગુજરાતના આંકડા દર્શાવે છે કે તાવ અને અન્ય ચેપી રોગો માટે હોમ હેલ્થકેરના વપરાશમાં ત્રણ ગણો વધારો થયો છે. ''આ પહેલ અંગે ટિપ્પણી કરતા સ્ટાર હેલ્થ ઈન્સ્યોરન્સના ગુજરાતના બિઝનેસ હેડ શ્રી વિજય અરોરાએ જણાવ્યું હતું કે "ચોમાસાની ઋતુમાં તાવ, ડેન્ગ્યુ,મેલેરિયા અને અન્ય ચેપી રોગોમાં સામાન્ય રીતે વધારો જોવા મળે છે.આ વર્ષે ચાંદીપુરા વાયરસ (CHPV) જેવીમોસમી ચિંતા પણ લોકોનું ધ્યાન ખેંચી રહી છે ત્યારે પરિવારોએ બાળકોમાં સતત રહેતા તાવ અથવા ન્યુરોલોજીકલ લક્ષણોને નજરઅંદાજ ન કરવા જોઈએ અને સમયસર તબીબી સલાહ લેવી જોઈએ. આ સિઝનમાં અમારો પ્રયાસ સારવારના પ્રથમ પગલાને વધુ સરળ બનાવવાનો છે.પોલિસીધારકો હોમ હેલ્થકેર અથવા હોસ્પિટલમાં દાખલ થવા સંબંધિત માર્ગદર્શન અને સહાય મેળવવા માટે ટોક ટુ સ્ટારના ૭૨૦૦ ૨૨૨ ૩૩૩ નંબર પર કૉલ કરી શકે છે, વિશેષ કરી નાના બાળકોમાં જ્યારે વેક્ટર-જન્ય બીમારી અને ચાંદીપુરા વાયરસ (ઝઉઁફ)ને તાત્કાલિક તબીબી સહાય અને વહેલી તકે ડૉક્ટરનીમદદની જરૂર હોય છે - પોલિસીધારકો માટે ફોન દ્વારા અથવા વ્યાપક જનતા માટે ફ્રી ૨૪/૭ વર્ચ્યુઅલ ઁ૬ દ્વારા - પરિવારોને લક્ષણો વધે તે પહેલાં કાર્ય કરવામાં મદદ કરી શકે છે.

# જિલ્લા પંચાયતમાં ૮ સમિતિઓના ચેરમેનોની ચૂંટણી

## સમર્થકો ઉમટતા ઉત્સવ જેવો માહોલ : કારોબારીમાં નરશી સોજીત્રા : સિંચાઈમાં ઝાપડીયા, બાંધકામમાં ભારતીબેન, આરોગ્યમાં ઢાંકેચા, શિક્ષણમાં હિરપરા



રાજકોટ, રાજકોટ જિલ્લા પંચાયતમાં તાજેતરમાં રચાયેલી તમામ આઠ સમિતિઓના ચેરમેનોની આજે ચૂંટણી યોજવામાં આવી હતી. તમામની ચૂંટણી બીન હરિફ થઈ હતી. મોટી સંખ્યામાં સમર્થકો ઉમટતા ઉત્સવ જેવો માહોલ સર્જાયો હતો. દરેક સમિતિની ચૂંટણીમાં અર્ધો કલાકનું અંતર રાખવામાં આવ્યું હતું. એક જ દિવસમાં તમામ સમિતિમાં પ્રક્રિયા આટોપી લેવામાં આવી હતી.

જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ૩૬માંથી ૩૪ બેઠકો પર ભાજપના ઉમેદવારોનો વિજય થયો હતો. પરિણામના એકાદ મહિના બાદ પ્રમુખ-ઉપપ્રમુખ નકકી થયા હતા અને ત્યારબાદ એક-સવા મહિને પ્રથમ સામાન્યસભામાં સમિતિઓની રચના કરવામાં આવી હતી.

અને હવે આજે દરેક સમિતિની અલગ-અલગ બેઠકમાં ચેરમેનની ચૂંટણી થઈ હતી. ભાજપ નેતાગીરી દ્વારા સમિતિની રચના વખતે જ લીસ્ટમાં પ્રથમ નામ ધરાવતા સભ્યને ચેરમેનપદે સોંપવાની સુચના આપી જ દીધી હતી એટલે આજે માત્ર ઔપચારિક પ્રક્રિયા જ હતી.

જિલ્લા પંચાયતની સૌથી મહત્વની કારોબારી સમિતિના ચેરમેનપદે નરશી સોજીત્રા ચૂંટાય હતા. પ્રમુખ-ઉપપ્રમુખની પસંદગી વખતે જ તેમનું નામ જાહેર કરી દેવાયું હતું. સિંચાઈ સમિતિના ચેરમેનપદે દેવેન્દ્ર ઝાપડીયા, બાંધકામ સમિતિના ચેરમેનપદે ભારતીબેન હુંબલ, આરોગ્ય સમિતિમાં વિલાસભાઈ ઢાંકેચા તથા શિક્ષણ સમિતિમાં નિલેશ હિરપરા ચૂંટાયા હતા. અપીલ સમિતિમાં સંજય પીપળીયા તથા સામાજિક ન્યાય સમિતિમાં જગદીશ પરમાર ચૂંટાયા હતાં.

# રાજકોટ ગ્રામ્યના લેન્ડગ્રેબીંગના ત્રણ કેસોમાં પોલીસ ફરિયાદ દાખલ કરવા કલેક્ટરનો આદેશ

## કલેક્ટર કચેરી ખાતે યોજાયેલ લેન્ડગ્રેબીંગ કમિટીની બેઠકમાં ૧૪ કેસોમાં સમાધાન, ૨ પેન્ડીંગ તેમજ ૨૭ કેસ પડતા મૂકાયા



રાજકોટઃ રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલ લેન્ડગ્રેબીંગ કમિટિની બેઠકમાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ત્રણ કેસોમાં પોલીસ ફરિયાદ (એફઆઈઆર) દાખલ કરવા જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશ દ્વારા આદેશ કરવામાં આવેલ હતો.

આ બેઠકમાં રાજકોટ શહેર-જિલ્લાના ૪૬ કેસોનું હિયરીંગ કરવામાં આવેલ હતું જેમાં ૧૦ જેટલા અરજદારોને રૂબરૂ સાંભળવામાં આવેલ હતાં જ્યારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ત્રણ કેસોમાં પોલીસ ફરિયાદ કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.

આ ઉપરાંત ૧૪ કેસોમાં સમાધાન થતાં તેનો નિકાલ કરવામાં આવેલ હતો. તેમજ જરૂરી આધાર-પુરાવા વગરના ૨૭ જેટલા કેસો રદ્દ કરવામાં આવેલ હતાં તેમજ વધુ તપાસ અને રિપોર્ટ મંગાવવાની જરૂરીયાત જણાતા ૨ કેસો પેન્ડીગ રાખવામાં આવેલ હતા આ ૨ કેસો અંગે આગામી લેન્ડગ્રેબીંગ કમિટીની બેઠકમાં નિર્ણય લેવામાં આવનાર છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે સરકારી જમીન પર પેશકદમી અને પારકી મિલ્કત પચાવી પાડનારાઓ સામે કાયદાનો શિકંજો કસવા માટે લેન્ડગ્રેબીંગનો આ કાયદો અમલી બનાવવામાં આવેલ છે. કલેક્ટર કચેરી ખાતે યોજાયેલ લેન્ડગ્રેબીંગ કમિટિની આ બેઠકમાં અધિક કલેક્ટર બારોટ, પોલીસવડા મ્યુ. કમિશ્નર સહિત કમિટિના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

# વિરાણી હાઈસ્કૂલ ખાતે પરિસંવાદ 'ક ક્રિએટિવિટીનો ક' સંપન્ન

## વૈચારિક શક્તિને ખીલવતા સેમિનારમાં વિધાર્થીઓ પ્રાપ્ત કર્યું સર્જનાત્મક જ્ઞાન




રાજકોટઃ રાજકોટમાં શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર તથા નામાંકિત શૈક્ષણિક સંસ્થા શ્રી એસ.વી. વિરાણી હાઈસ્કૂલ (ગ્રાન્ટેડ) ખાતે વિદ્યાર્થીઓની વૈચારિક અને બૌદ્ધિક શક્તિને નવી દિશા આપવા તથા તેમનામાં રહેલી સુષુપ્ત સર્જનાત્મકતાને જાગ્રત કરવાના હેતુથી એક વિશેષ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વિશેષ જ્ઞાનસત્રનો મુખ્ય વિષય 'ક ક્રિએટિવિટીનો ક' રાખવામાં આવ્યો હતો, જેમાં શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૯ અને ધોરણ ૧૦ના ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓમાં માત્ર પુસ્તકિયું જ્ઞાન જ નહી પરંતુ સર્જનાત્મક વિચારસરણી કેળવાય તે હેતુથી શ્રી એસ.વી. વિરાણી હાઈસ્કૂલના આચાર્ય શ્રી હરેન્દ્રસિંહ ડોડીયાએ આ સમગ્ર કાર્યક્રમની પરિકલ્પના કરી હતી. તેમના જ કુશળ માર્ગદર્શન અને દોરવણી હેઠળ સમગ્ર પરિસંવાદ સંપન્ન થયો હતો.

આ પરિસંવાદમાં મુખ્ય વક્તા તરીકે રાજકોટના જાણીતા લેખક, આકાશવાણીના ઉદઘોષક, સ્ટેજ તથા ટીવી એન્કર અને પ્રખર વ્યાખ્યાતા શ્રી શુભમ પી. અંબાણી ઉપસ્થિત રહ્યા હતા. વિશેષ આનંદ અને ગૌરવની વાત એ છે કે વક્તા શ્રી શુભમભાઈ શ્રી એસ.વી. વિરાણી હાઈસ્કૂલના જ પૂર્વ વિદ્યાર્થી છે. પોતાની જ માતૃસંસ્થામાં વક્તા તરીકે આવીને તેમણે વિદ્યાર્થીઓ સાથે પ્રભાવશાળી શૈલીમાં સીધો સંવાદ સાધ્યો હતો. તેમણે રોજિંદા જીવનના રસપ્રદ ઉદાહરણો આપીને વિદ્યાર્થીઓને ગોખણપટ્ટીથી દૂર રહી મૌલિક અને કંઈક નવું વિચારવા પ્રેરિત કર્યા હતા. પોતાની શાળાના જ એક સફળ પૂર્વ વિદ્યાર્થીને મુખ્ય વક્તા તરીકે સાંભળીને શાળાના વિદ્યાર્થીઓ પણ ભારે ઉત્સાહિત થયા હતા.

પરિસંવાદના અંતે વિદ્યાર્થીઓએ પૂછેલા પ્રશ્નોના સચોટ જવાબો આપી શ્રી શુભમભાઈએ વિદ્યાર્થીઓની જિજ્ઞાસા સંતોષી હતી. આ કાર્યક્રમના સફળ આયોજન બદલ સમગ્ર શાળા પરિવારે આચાર્ય શ્રી હરેન્દ્રસિંહ ડોડીયા અને વક્તાશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વર્લ્ડ પ્રીમિયરમાં જોવા મળી બિલકુલ નવી નિસાન ટેકટોનની ઝલક સૌથી અલગ

## હવે રસ્તા પર રજૂ થઈ રહી છે એક અનોખી એસયુવી

રાજકોટ, નિસાન મોટર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડે (એનએમઆઈપીએલ) આજે ભારતમાં યોજાયેલા વર્લ્ડ પ્રીમિયર દરમિયાન નવી નિસાન ટેકટોન લોન્ચ કરી હતી. ટી ૨૮૦ રેન્જની પ્રારંભિક કિંમત રૂ. ૧૪.૯૯ લાખથી શરૂ થાય છે, જ્યારે ટી ૧૬૦ રેન્જની કિંમત રૂ. ૧૦.૪૯ લાખથી શરૂ થાય છે. કંપનીની નવી પ્રોડક્ટ વ્યૂહરચનામાં આ લોન્ચ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. આ પ્રીમિયમ સી- એસયુવી તેના સેગમેન્ટમાં એકમાત્ર એવી એસયુવી છે, જેમાં તમામ વેરિઅન્ટમાં ૧૦૦ ટકા ટર્બોચાર્જ્ડ એન્જિન આપવામાં આવ્યા છે. ઉપરાંત તેમાં ૨૮૦દ્વદ્ઘ ટર્બો પરફોર્મન્સ, ગૂગલ બિલ્ટ-ઈન કનેક્ટિવિટી અને સેગમેન્ટમાં અગ્રણી ૭૦૦ લિટરની બૂટ સ્પેસ જેવી અનેક શ્રેષ્ઠ સુવિધાઓ આપવામાં આવી છે.

નિસાનના એએમઆઈઈઓ રિજનના ચેરપર્સન મેસિમિલિયાનો મેસિનાએ જણાવ્યું હતું કે, "ભારત નિસાનના વિવિધ દેશો અને વિસ્તારોમાં નિસાનના વિકાસને નવો વેગ આપી રહ્યું છે. ટેકટોન અમારી 'વન કાર, વન વર્લ્ડ' વિચારધારાનું ઉત્તમ ઉદાહરણ છે. આ એક વૈશ્વિક પ્રોડક્ટ છે, જેનું એન્જિનિયરિંગ ભારતમાં થયું છે, ભારતીય ગ્રાહકો માટે તેનું ઉત્પાદન કરવામાં આવ્યું છે અને સમગ્ર પ્રદેશના નિકાસ બજારોને ધ્યાનમાં રાખીને તેને વિકસાવવામાં આવી છે. આ મોડલ નિસાન માટે ભારતને ગ્રોથ એન્જિન અને એસયુવી ઉત્પાદનના મુખ્ય કેન્દ્ર તરીકે વધુ મજબૂત બનાવે છે.

# ટાટા એઆઈએએ ગુજરાતમાં એમડીઆરટી લાયકાત ધરાવતા ૨૬૫ એજન્ટની નોંધણી સાથે પોતાની મજબૂત એજન્સી ડિસ્ટ્રીબ્યુશન નિપુણતા દર્શાવી

## રાજકોટમાં ૧૨ એમડીઆરટી, અમદાવાદમાં ૭૦ એમડીઆરટી અનેસુરતમાં ૫૬ એમડીઆરટી છે

રાજકોટ, દેશની અગ્રણી લાઈફ ઈન્શ્યોરન્સ કંપનીઓમાંની એક ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ (ટાટા એઆઈએ) ગર્વભેર જાહેર કરે છે કે તેણે ગુજરાતમાં ૨૬૫ મિલિયન ડોલર રાઉન્ડ ટેબલ (એમડીઆરટી) લાયકાત ધરાવતા એડવાઈઝરની નોંધણી કરીને ફાઈનાન્શિયલ એડવાઈઝરી સર્વિસીસમાં શ્રેષ્ઠતા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બનાવી છે. વર્ષ ૨૦૨૬ના ગ્લોબલ એમડીઆરટી રેન્કિંગ મુજબ, કંપનીએપ્રતિષ્ઠિત એમડીઆરટીના ગૌરવપૂર્ણ સ્થાન માટે રાજકોટના ૧૨, અમદાવાદના ૭૦ અનેસુરતના ૫૬ એડવાઈઝર્સની નોંધણી કરી છે. ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સના ચીફ ડિસ્ટ્રીબ્યુશન ઓફિસર - પ્રોપ્રાઈટરી બિઝનેસ, રાકેશ શર્માએ જણાવ્યું હતું કે, "ભારતમાં સતત ચોથા વર્ષે એમડીઆરટી લાયકાત ધરાવતા એડવાઈઝરની સંખ્યાના આધારે પ્રથમ સ્થાન મેળવવું અમારા માટે ગૌરવની બાબત છે. આ સન્માન અમારા એડવાઈઝરની ગુણવત્તા, સતત શ્રેષ્ઠ કામગીરી અને પ્રતિબદ્ધતા દર્શાવે છે. લાંબા સમયથી એમડીઆરટીનું સ્થાન જાળવી રાખનારા સભ્યો તેમજ સતત પાંચથી નવ વર્ષ સુધી એમડીઆરટી લાયકાત ધરાવતા એડવાઈઝરને મળેલી માન્યતા ખાસ કરીને પ્રોત્સાહક છે, કારણ કે તે સતત શ્રેષ્ઠ કામગીરીનો પુરાવો આપે છે. અમે ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ એવા એડવાઈઝર સમુદાયનું નિર્માણ કરવાનું ચાલુ રાખીશું, જે આ ઉમદા વ્યવસાયને પૂર્ણ સમય સમર્પિત રહે અને સમગ્ર ભારતમાં ગ્રાહકોને તેમની જરૂરિયાતોને અનુરૂપ વિશ્વસનીય નાણાંકીય માર્ગદર્શન આપે. એમડીઆરટી ક્ષેત્રમાં ટાટા એઆઈએનું નેતૃત્વ અને પર્સિસ્ટન્સીમાં તેનું મજબૂત પ્રદર્શન દર્શાવે છે કે કંપની વ્યાવસાયિક નાણાંકીય માર્ગદર્શન સાથે ગ્રાહકોને લાંબા ગાળાનું મૂલ્ય પ્રદાન કરવાની પોતાની પ્રતિબદ્ધતા નિભાવી રહી છે.

# ગોંડલમાં કિશોરીઓને હેરાન કરતા વ્યક્તિને 'અભયમ' ટીમે પોલીસ હવાલે કર્યો

રાજકોટઃરાજકોટ જિલ્લાના ગોંડલ શહેરમાં અભ્યાસ અર્થે જતી કિશોરીઓને સતત હેરાન-પરેશાન કરતા એક ઈસમ સામે ૧૮૧ 'અભયમ' મહિલા હેલ્પલાઈનની ટીમે ત્વરિત કાર્યવાહી કરી છે. બસની રાહ જોઈને ઊભેલી કિશોરીઓને એક વ્યક્તિ દ્વારા અવારનવાર પીછો કરી, અપશબ્દો બોલીને હેરાન કરવામાં આવતી હતી. આ માનસિક ત્રાસથી કંટાળીને આખરે એક જાગૃત કિશોરીએ હિંમત દાખવીને ૧૮૧ 'અભયમ' મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કરી મદદ માગી હતી.

કોલ મળતાની સાથે જ ૧૮૧ ગોંડલ 'અભયમ'ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ટીમે ભયભીત થયેલી કિશોરીઓને સાંત્વના આપીને તેમનું કાઉન્સેલિંગ કર્યું હતું. કાઉન્સેલિંગ દરમિયાન કિશોરીઓએ જણાવ્યું હતું કે, તેઓ રોજ અભ્યાસ માટે બસમાં મુસાફરી કરે છે. બસ સ્ટેન્ડથી સ્કૂલે ચાલીને જતી વખતે તેમજ સ્કૂલેથી પરત બસ સ્ટેન્ડ આવતી વખતે આ ઈસમ રોજ તેમનો પીછો કરતો હતો અને પાછળ-પાછળ આવીને અપશબ્દો બોલી હેરાન કરતો હતો.

'અભયમ'ની ટીમે સ્થળ પર જ કિશોરીઓને હેરાન કરનાર ઈસમને ઝડપી પાડીને પાઠ ભણાવ્યો હતો. ત્યારબાદ આ મામલે આગળની કાયદાકીય કાર્યવાહી કરવા માટે ૧૧૨ 'જનરક્ષક' ટીમની મદદ લેવામાં આવી હતી અને ઈસમને વધુ કાર્યવાહી અર્થેસંબંધિત પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યો હતો. આમ, 'અભયમ' ટીમે વધુ એક ઘટનામાં મહિલાઓને નિર્ભયતાનું વચન પૂરું પાડ્યું હતું.

# અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની કેનેડાને ટેરીફ મામલે ચેતવણી

## કેનેડીયન જંગલની આગના ધુમાડાને કારણે અમેરિકાની હવાની ગુણવત્તા પર અસર પડતા સંભવિત ટેરિફ અંગે ટ્રમ્પની આકરી ચેતવણી

વોશિંગ્ટન/ટોરોન્ટો,

એક મહત્વના ઘટનાક્રમમાં અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે, તેમણે કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્ની સાથે જંગલની આગના ધુમાડા યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રવેશી રહ્યા છે તે અંગે વાત કરી હતી. તેમણે તેમના કેનેડિયન સમકક્ષને જો સમસ્યા ચાલુ રહે તો ટેરિફ અંગે ચેતવણી પણ આપી હતી. પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું, "મેં તેમને કહ્યું હતું. મારો મતલબ, તમારે આ આગને અંદર આવતી અટકાવવી પડશે અને તમે જાણો છો કે તે આપણી હવાને ઝેરી બનાવી રહી છે. આપણી હવા ઝેરી બની ગઈ છે." "માર્ક કાર્ની સાથે સારા સંબંધો રાખો, પરંતુ તમે જાણો છો કે આપણે ત્યાં આગને રોકવી પડશે. જો આપણે તેમને મદદ કરી શકીએ, તો આપણે તેમને મદદ કરીશું. પરંતુ કદાચ તેઓએ અમને થોડું નુકસાન



અથવા કંઈક ચૂકવવું જોઈએ, અથવા આપણે કેટલાક ટેરિફ કરવા જોઈએ," તેમણે ઉમેર્યું.

શુક્રવારે ટ્રૂથ સોશિયલ પર એક પોસ્ટમાં, ટ્રમ્પે કહ્યું કે કેનેડા ઘણા યુએસ શહેરોમાં બગડતી હવાની ગુણવત્તા માટે જવાબદાર છે. "અમે કેનેડાને એ હકીકત માટે જવાબદાર ઠેરવી રહ્યા છીએ કે તેઓ તેમના જંગલોને યોગ્ય રીતે જાળવી રહ્યા નથી, અને તેમાં બ્રશ કરી રહ્યા નથી, અને યુનાઈટેડ સ્ટેટ્સ બિનજરૂરી રીતે ગંદા, પ્રદૂષિત અને બિનઆરોગ્યપ્રદ હવા દ્વારા આક્રમણ કરી રહ્યું છે, જેની ગુણવત્તા ખતરનાક અને સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે!" તેમણે લખ્યું. ટ્રમ્પની આ ટિપ્પણી વ્હાઈટ હાઉસે કેનેડિયન ફોરેસ્ટ્રી મેનેજમેન્ટને વેપાર દંડ સાથે જોડ્યાના થોડા દિવસો પછી આવી છે, જ્યારે યુએસ રાષ્ટ્રપતિએ અગાઉ ઓટ્ટાવા પર ઝેરી વાયુ પ્રદૂષણને રોકવામાં નિષ્ફળ રહેવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કેનેડા પર વન વ્યવસ્થાપન પ્રત્યે "ઈરાદાપૂર્વકની બેદરકારી"નો આરોપ લગાવતા કહ્યું હતું કે ધુમાડાના પ્રવાહથી ઘરમાં નોંધપાત્ર આર્થિક નુકસાન થયું છે.

અહીં નોંધનીય છે કે બંને દેશો વચ્ચે રાજદ્વારી અવરોધ વધુ તીવ્ર બની રહ્યો છે કારણ કે સેંકડો સક્રિય કેનેડિયન આગનો ધુમાડો દક્ષિણ તરફ સ્થળાંતર કરી રહ્યો છે, જેના કારણે ઘણા યુએસ અધિકારક્ષેત્રોમાં જાહેર આરોગ્ય ચેતવણીઓ શરૂ થઈ છે.

કેનેડાના જંગલોમાં આગ લાગેલી છે

કેનેડિયન ઈન્ટરએજન્સી ફોરેસ્ટ ફાયર સેન્ટરે જણાવ્યું હતું કે શુક્રવારે કેનેડામાં ૮૮૮ થી વધુ જંગલી આગ લાગી હતી, જેમાંથી મોટાભાગની નિયંત્રણ બહાર તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી. વધુમાં, ઓન્ટારિયો સૌથી વધુ પ્રભાવિત થયો છે, જેમાં ૧૯૦ થી વધુ સક્રિય આગની જાણ કરવામાં આવી છે.પરિણામે ધુમાડાને કારણે મિનેસોટા, મિશિગન, પેન્સિલવેનિયા, ઓહિયો અને ન્યુ યોર્ક સહિત અનેક યુએસ રાજયોમાં હવાની ગુણવત્તામાં ઘટાડો થયો છે, IQAir અનુસાર, શુક્રવારે ડેટ્રોઈટ વિશ્વની સૌથી ખરાબ હવા ગુણવત્તામાં સ્થાન મેળવ્યું હતું, ત્યારબાદ શિકાગો, વોશિંગ્ટન ડીસી અને ન્યુ યોર્કનો ક્રમ આવે છે.

# ભારતે નાગરિકોને ઈરાન પ્રવાસ મુલતવી રાખવા અને ઈરાન છોડી દેવા આપી સલાહ

## અપડેટ્સ માટે દૂતાવાસની વેબસાઈટ અને સોશિયલ મીડિયા હેન્ડલ્સનું સતત નિરીક્ષણ કરવાની સલાહ

નવી દિલ્હી/તેહરાન,

થોડા દિવસ અગાઉ યુદ્ધવિરામ કરાર તૂટી ગયા પછી અમેરિકા (યુએસ) અને ઈરાન એકબીજાને નિશાન બનાવવાનું સતત ચાલુ રાખતા, ભારતે રવિવારે તેના નાગરિકોને ઈસ્લામિક રિપબ્લિકની મુસાફરી મુલતવી રાખવા અને ઉપલબ્ધ ફ્લાઈટ વિકલ્પોનો ઉપયોગ કરીને દેશમાં રહેવાનું વિચારવાની સલાહ આપી.

ઈરાનમાં ભારતીય દૂતાવાસે કહ્યું હતું કે, નાગરિકોએ સુરક્ષા વાતાવરણમાં સુધારો ન થાય ત્યાં સુધી મધ્ય પૂર્વના રાષ્ટ્રની મુસાફરી ન કરવી જોઈએ, તેમને શક્ય તેટલી ઉચ્ચતમ સ્તરની સાવધાની રાખવાની સલાહ આપી. વધુમાં, તેણે કહ્યું કે ઈરાનમાં જે ભારતીય નાગરિકોએ દૂતાવાસમાં નોંધણી કરાવી નથી તેઓએ તાત્કાલિક આમ કરવું જોઈએ.

આ ઉપરાંત, તેમને સતત અપડેટ્સ માટે દૂતાવાસની વેબસાઈટ અને સોશિયલ મીડિયા હેન્ડલ્સનું સતત નિરીક્ષણ કરવાની સલાહ આપવામાં આવી હતી.

"તેઓએ સંપૂર્ણ પરિસ્થિતિગત જાગૃતિ જાળવવા માટે સમાચારોનું કાળજીપૂર્વક નિરીક્ષણ કરવું જોઈએ, અને દેશના દક્ષિણ કિનારા જેવા ઉચ્ચ સ્તરની લશ્કરી પ્રવૃત્તિ જોતા સ્થળો ટાળવા જોઈએ. સ્થાનિક અધિકારીઓ દ્વારા જારી કરાયેલા સૂચનોનું કાળજીપૂર્વક પાલન કરવું જોઈએ," દૂતાવાસે એક નિવેદનમાં જણાવ્યું હતું.

ભારતની સલાહ ત્યારે આવી છે જ્યારે ગયા મહિને હસ્તાક્ષર કરાયેલ યુદ્ધવિરામ કરાર તૂટી પડ્યા પછી મધ્ય પૂર્વમાં કટોકટી ફરી ઘેરી બની છે. અમેરિકા અને ઈરાન બંનેએ એકબીજા પર વેપારી હુમલા ચાલુ રાખ્યા છે.

જોર્ડનમાં ઈરાની હુમલામાં બે અમેરિકી સૈનિકો માર્યા ગયા અને ઘણા લોકો ઘાયલ થયા પછી પરિસ્થિતિ વધુ વણસવાની ધારણા છે, વોશિંગ્ટને તેના હુમલાઓને વધુ તીવ્ર બનાવવાની ધમકી આપી છે. અહીં ઉલ્લેખનીય છે કે અમેરિકાએ છેલ્લા કેટલાક દિવસોમાં ઈરાનના દરિયાકાંઠાના સર્વેલન્સ યુનિટ્સ અને મિસાઈલ અને ડ્રોન સ્થળોને ઘણી વખત નિશાન બનાવ્યા છે.

# ઉજ્જૈનમાં ભાજપ નેતાના બે ભત્રીજાઓની હત્યા,પાસી જૂથ પર હુમલો કરવાનો આરોપ

## જુના અખાડા ચોકડી પર બે જૂથો વચ્ચે લોહિયાળ ગેંગવોર

(એચ.એસ.એલ),ઉજ્જૈન,તા.૨૦

બાબા મહાકાલની નગરી ઉજ્જૈનમાં નીલગંગા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતા જુના અખાડા ચોકડી પર બે જૂથો વચ્ચે લોહિયાળ ગેંગવોર ફાટી નીકળ્યું. જૂની દુશ્મનાવટને કારણે હુમલાખોરોએ દરબાર ફૂડ રેસ્ટોરન્ટની સામે અંધાધૂંધ ગોળીબાર કર્યો. ભાજપના એક વરિષ્ઠ નેતાના બે ભત્રીજાઓની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી, જ્યારે પરિવારના અન્ય સભ્યો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ આઘાતજનક ઘટના બાદ, વિસ્તારમાં સાંપ્રદાયિક અને સામાજિક તણાવનું વાતાવરણ પ્રવર્તી ગયું છે, જેના કારણે ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

મૃતક, જેની ઓળખ લોકેશ ગૌરકર તરીકે થઈ છે, તે તેના ઘરની બહાર ઊભો હતો ત્યારે બીજા જૂથ (પાસી જૂથ) ના સભ્યોએ તેને ઘેરી લીધો અને વિવાદ શરૂ કર્યો. ઝઘડો એ હદ સુધી વધ્યો કે હુમલાખોરોએ પોતાના હથિયારો ખેંચી લીધા અને લોકેશ પર સીધો ગોળીબાર કર્યો. લોકેશ જમીન પર પડી ગયો, ખૂબ લોહી વહેતું હતું.

મૃતક યુવક મધ્યપ્રદેશ ભાજપના ખૂબ જ પ્રભાવશાળી પરિવારનો હતો. મળતી માહિતી મુજબ, મૃતક લોકેશ ગૌરકર અને જય ગૌરકર વરિષ્ઠ ભાજપ નેતા દિલીપ રાવ ગૌરકરના ભત્રીજા

# શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું, વાંગચુકની મુક્તિ: નડ્ડા સાથેની મુલાકાત દરમિયાન CJP દ્વારા માંગણીઓ

## જ્યાં સુધી તેમની માંગણીઓ પૂર્ણ નહીં થાય ત્યાં સુધી તેમનો વિરોધ ચાલુ રહેશે

નવી દિલ્હી,

સોમવારે દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટીના 'ચલો સંસદ' કૂચ દરમિયાન અંધાધૂંધીભર્યા દ્રશ્યો જોવા મળ્યા હતા, ત્યારે તેમના પ્રતિનિધિઓ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જેપી નડ્ડા સાથે મળ્યા હતા, જેમાં NEET UG પરીક્ષામાં ગેરરીતિઓ અંગે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણીનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો.

ઠ પરની એક પોસ્ટમાં, CJP પ્રવક્તા સૌરવ દાસે જણાવ્યું હતું કે નડ્ડા દ્વારા તેમને ખાતરી આપવામાં આવી હતી કે તેમની માંગણીઓ પર વિચાર કરવામાં આવશે. જોકે, તેમણે નિર્દેશ કર્યો હતો કે સરકારે કોઈ વચન આપ્યું નથી, અને પુનરાવર્તન કર્યું હતું કે જ્યાં સુધી તેમની માંગણીઓ પૂર્ણ નહીં થાય ત્યાં સુધી તેમનો વિરોધ ચાલુ રહેશે.

"આશુતોષ રંકા અને હું બપોરે ૧૨ વાગ્યાથી જે.પી. નડ્ડાના નિવાસસ્થાને છીએ. માંગણીઓ પહોંચાડવામાં આવી છે, જેમાં ધર્મેન્દ્ર પ્રધાનનું તાત્કાલિક રાજીનામું/ બરતરફ કરવાનો સમાવેશ થાય છે. મંત્રીએ અમને ખાતરી આપી હતી કે તેઓ યોગ્ય સ્તરે આ અંગે ચર્ચા કરશે. જોકે, અત્યાર સુધી કોઈ વચન આપવામાં આવ્યું નથી. શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ માંગણી પૂર્ણ ન થાય ત્યાં સુધી શાંત નહીં રહે!" દાસે કહ્યું.

CJP પ્રવક્તાએ એક પત્ર પણ શેર કર્યો હતો, જેમાં તેમના વિરોધ દરમિયાન ઉઠાવવામાં આવેલી ત્રણ માંગણીઓનો સમાવેશ થતો હતો. પહેલી અને મુખ્ય માંગ પ્રધાનનું રાજીનામું હતું. તેમણે એવી પણ માંગણી કરી હતી કે સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કાર્યકર્તા સોનમ વાંગચુકને મુક્ત કરવામાં આવે અને તેમની હિલચાલ પર કોઈ પ્રતિબંધ ન હોવો જોઈએ.

આ ઉપરાંત, CJP એ પેપર લીક બાદ આત્મહત્યા કરનારા તમામ



NEET ઉમેદવારો માટે ૧ કરોડ રૂપિયાના વળતરની પણ માંગ કરી હતી. નડ્ડા સાથેની તેમની મુલાકાત દરમિયાન, દાસે એમ પણ કહ્યું હતું કે દિલ્હી પોલીસે CJP વિરોધીઓ સામે બળનો ઉપયોગ બંધ કરવો જોઈએ, એમ કહીને કે તેમની માંગણીઓ "કાયદેસર અને ભારતના યુવાનોની આકાંક્ષાઓ સાથે સુસંગત છે.

# કોંગોમાં ઈબોલા વાયરસના ચેપથી ઓછામાં ઓછા ૯૩૦ લોકોનાં મોત

## વાયરસથી સંક્રમિત ૩૬ આરોગ્ય કર્મચારીઓ મૃત્યુ પામ્યા

બ્રાઝાવિલ,

કોંગોના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે કે, ઈબોલા વાયરસના ચેપ લાગવાથી દેશમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૯૩૦ લોકો મૃત્યુ પામ્યા છે.

આરોગ્ય મંત્રાલયે સોમવાર રાત સુધી જણાવ્યું હતું કે શનિવાર સુધીમાં પુષ્ટિ થયેલા ૨,૩૪૪ કેસમાંથી આ મૃત્યુ નોંધાયા છે. એક દિવસમાં સૌથી વધુ કેસોમાંના એકમાં પાછલા ૨૪ કલાકમાં ૩૭ નવા મૃત્યુ નોંધાયા છે.

૧૫ મેના રોજ પૂર્વી કોંગોમાં જાહેર કરાયેલ ઈબોલા ફાટી નીકળવાનો રેકોર્ડ સૌથી ઝડપથી વિકસતો ઈબોલા ફાટી નીકળ્યો છે. આ ફાટી નીકળવા માટે જવાબદાર બુંદીબુગ્યો વાયરસ ઈબોલા રોગનું કારણ બનેલા અન્ય વાયરસ કરતા ઓછો સામાન્ય છે, અને તેની કોઈ માન્ય રસી કે સારવાર નથી.

મૃત્યુમાં વધારો એ કારણે થયો છે કારણ કે સૌથી વધુ અસરગ્રસ્ત પ્રાંત ઈટુરીમાં સલામતીના ભયથી પ્રતિક્રિયા મર્યાદિત થઈ ગઈ છે.

અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું કે મેના મધ્યમાં ફાટી નીકળવાની ઘોષણા થઈ ત્યારથી આરોગ્ય સુવિધાઓ અને ટીમો પર ઓછામાં ઓછા ૧૨ હુમલા નોંધાયા છે. દરમિયાન, ઘણા આરોગ્ય કર્મચારીઓએ ચૂકવણીના અભાવે તેમની નોકરી છોડી દીધી છે.

વાયરસથી સંક્રમિત ઓછામાં ઓછા ૩૬ આરોગ્ય કર્મચારીઓ મૃત્યુ પામ્યા છે.

# ત્રિપુરાના ડીજીપી એમ અનુરાગ ધનખરનું શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ : પોલીસ હેડક્વાર્ટરમાં મૃતદેહ મળ્યો

## મુખ્યમંત્રી માણિક સાહા અને મુખ્ય સચિવ જે.કે. સિંહા સહિત વરિષ્ઠ સરકારી અધિકારીઓ હોસ્પિટલ દોડી ગયા

અગરતલા,

ત્રિપુરા અહીં રાજધાની અગરતલામાં, ત્રિપુરાના ડીજીપી અનુરાગ ધનખરનું શંકાસ્પદ હાલતમાં મૃત્યુ થયું છે. અહેવાલો અનુસાર, ડીજીપી અનુરાગ ધનખર અગરતલા પોલીસ હેડક્વાર્ટરમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. અહેવાલો અનુસાર, તેમનો મૃતદેહ પોલીસ હેડક્વાર્ટરમાં તેમના ઓફિસ રૂમમાં લટકતો મળી આવ્યો હતો. તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. આ ઘટનાથી પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે. પોલીસ ટીમો હાલમાં ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે. ઘટના બાદ, મુખ્યમંત્રી માણિક સાહા અને મુખ્ય સચિવ જે.કે. સિંહા સહિત વરિષ્ઠ સરકારી અધિકારીઓ હોસ્પિટલ પહોંચ્યા.

પ્રારંભિક માહિતી અનુસાર, ડીજીપી અનુરાગ ધનખર અગરતલા પોલીસ મુખ્યાલયમાં તેમના ઓફિસ રૂમમાં લટકતા મળી આવ્યા હતા. તેમને તાત્કાલિક જીબીપી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જોકે, તેમના મૃત્યુના સંજોગો હજુ પણ અસ્પષ્ટ છે, અને અધિકારીઓ ચોક્કસ કારણ નક્કી કરવા માટે પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોઈ રહ્યા છે. ઘટનાની માહિતી મળતાં, વરિષ્ઠ પોલીસ અધિકારીઓ પોલીસ મુખ્યાલયે દોડી ગયા અને વિસ્તારને ઘેરી લીધો. ધનખરના મૃત્યુ તરફ દોરી



જતી ઘટનાઓનો ક્રમ નક્કી કરવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે. એવું અહેવાલ છે કે અધિકારીઓ કેસના તમામ પાસાઓની તપાસ કરી રહ્યા છે, અને ફોરેન્સિક અને મેડિકો-કાનૂની પ્રક્રિયાઓ તપાસમાં મુખ્ય ભૂમિકા ભજવશે. પોલીસે હજુ સુધી મૃત્યુના સંભવિત કારણ પર કોઈ ટિપ્પણી કરી નથી અને કહ્યુંછે કે તપાસ આગળ વધતાં વધુ માહિતી બહાર આવશે.

# નેપાળના લુમ્બિની પ્રાંતના પૂર્વ રુકુમ જિલ્લામાં ૫ ની તીવ્રતાનો ભૂકંપનો જોરદાર આંચકો

## ભૂકંપનું કેન્દ્ર કાઠમંડુથી લગભગ ૪૦૦ કિલોમીટર પશ્ચિમમાં પૂર્વ રુકુમના કોલ પ્રદેશમાં નોંધાયુ

કાઠમંડુ,

નેપાળની ધરતી ફરી એકવાર જોરદાર ભૂકંપથી ધ્રુજી ઉઠી. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૫ માપવામાં આવી હતી. ભૂકંપ આવતાની સાથે જ લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો. લોકો પોતાના ઘરોમાંથી બહાર ખુલ્લામાં દોડી ગયા. હાલમાં ભૂકંપથી કોઈ નુકસાન થયું નથી.

નેપાળના લુમ્બિની પ્રાંતના પૂર્વ રુકુમ જિલ્લામાં ૫ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. રાષ્ટ્રીય ભૂકંપ દેખરેખ અને સંશોધન કેન્દ્ર અનુસાર, સ્થાનિક સમય મુજબ સાંજે ૪:૩૦ વાગ્યે આવેલા ભૂકંપનું કેન્દ્ર કાઠમંડુથી લગભગ ૪૦૦ કિલોમીટર પશ્ચિમમાં પૂર્વ રુકુમના કોલ પ્રદેશમાં હતું.

આ ભૂકંપના આંચકા પડોશી જિલ્લાઓ રોલ્પા, બાગલંગ અને મ્યાગ્દીમાં પણ અનુભવાયા હતા. કેન્દ્રના વરિષ્ઠ ભૂકંપશાસ્ત્રી લોક વિજય અધિકારીએ જણાવ્યું હતું કે અત્યાર સુધી કોઈ નુકસાન થયું નથી. નેપાળ વાર્ષિક ધોરણે અસંખ્ય ભૂકંપનો અનુભવ કરે છે અને વિશ્વના સૌથી સક્રિય ભૂકંપીય ક્ષેત્રો, ઝોન ૪ અને ૫ માં આવેલું છે, જેના કારણે તે ભૂકંપ માટે ખૂબ જ સંવેદનશીલ બને છે.

# પેશ્વા યુગના શિવ મંદિરમાં શિવલિંગ પર મૂકવામાં આવેલ ૧ ૨ કિલોગ્રામ ચાંદીનો મુગટ ચોરાઈ ગયો

## મુગટની અંદાજિત કિંમત આશરે ૫૦ લાખ રૂપિયા હોવાનો અંદાજ

મુંબઈ,

મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના ખોપોલી શહેરમાં એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. અહેવાલો અનુસાર, અજાણ્યા ચોરોએ અહીંના ઐતિહાસિક અને પેશ્વા યુગના શિવ મંદિરમાંથી શિવલિંગ પર મુકવામાં આવેલ આશરે ૧૨ કિલોગ્રામ વજનનો ચાંદીનો મુગટ ચોરી લીધો છે. આ મુગટની અંદાજિત કિંમત આશરે ૫૦ લાખ રૂપિયા હોવાનો અંદાજ છે. આ ચોરી, ચોરોની હિંમત સાથે મળીને, બધાને ચોંકાવી દીધા છે. ચાલો જાણીએ કે આ ઘટના વિશે અત્યાર સુધી શું માહિતી બહાર આવી છે. પેશ્વા યુગના શિવ મંદિરમાં થયેલી ચોરી નોંધપાત્ર છે, કારણ કે મંદિર પરિસરમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા હોવા છતાં ચોરો ગુનો કરી શક્યા હતા, જેના કારણે સમગ્ર શહેરમાં ભારે રોષ અને ચિંતા ફેલાઈ ગઈ છે. આ ઘટનાથી ભક્તોમાં વ્યાપક ગુસ્સો અને ચિંતા ફેલાઈ ગઈ છે. ખોપોલી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. વરિષ્ઠ પોલીસ નિરીક્ષક સચિન હિરેના માર્ગદર્શન હેઠળ એક વિશેષ તપાસ ટીમની રચના કરવામાં આવી છે. પોલીસ સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ પુરાવા અને અન્ય સંકેતોના આધારે આરોપીઓની શોધ કરી રહી છે. તપાસ ચાલુ છે. ચોરી પાછળનો હેતુ નક્કી કરવા, ચોરોની ઓળખ કરવા અને ચોરાયેલ મુગટ પાછો મેળવવા માટે પોલીસ સંપૂર્ણ તપાસ કરી રહી છે. અધિકારીઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આ સનસનાટીભર્યા ચોરીનો ભેદ ટૂંક સમયમાં ઉકેલાઈ જશે.

બીજી તરફ, સુપ્રીમ કોર્ટ અયોધ્યા પ્રસાદ ચોરી કેસની સુનાવણી કરવાની છે. ભારતના મુખ્ય ન્યાયાધીશની અધ્યક્ષતામાં ત્રણ ન્યાયાધીશોની બેન્ચ આ કેસની સુનાવણી કરશે. આ પહેલા, પ્રસાદ ચોરીની તપાસ માટે રચાયેલી ઉત્તર પ્રદેશ સરકારની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમએ સુપ્રીમ કોર્ટમાં સ્ટેટસ રિપોર્ટ દાખલ કર્યો છે.

# સિંધુ જળ સંધિ પર ભારત વિરુદ્ધ પાકિસ્તાનનું દરેક પગલું નિરર્થક : ચીનનો ઉપયોગ હથિયાર તરીકે કરશે

## ઈસ્લામાબાદને ડર છે કે ભારત ઉપરવાસના વિસ્તારોમાં પાણીનું નિયંત્રણ કબજે કરી શકે છે

નવીદિલ્હી,

ભારત દ્વારા સિંધુ જળ સંધિને સસ્પેન્ડ કર્યા પછી પાકિસ્તાન ગભરાટની સ્થિતિમાં છે. પાકિસ્તાને આરોપ લગાવ્યો છે કે ભારત પાકિસ્તાનનું પાણી રોકીને દેશની ૮૦ ટકા વસ્તીને જોખમમાં મૂકી રહ્યું છે. તાજેતરના દિવસોમાં, પાકિસ્તાનની હતાશા વધુ તીવ્ર બની છે, તેના મંત્રીઓએ પાણી પર યુદ્ધની ધમકીઓ આપી છે. આ પશ્ચિમી નદીઓ પર ભારતના ઝડપી માળખાગત વિકાસને કારણે છે, જેના કારણે પાકિસ્તાનમાં ચિંતા વધી છે.

ભારતે પશ્ચિમી નદીઓ પર અનેક પ્રોજેક્ટ્સ પર કામ ઝડપી બનાવ્યું છે, જેમાં ચેનાબ-બિયાસ લિંક ટનલ અને રણવીર કેનાલનું વિસ્તરણનો સમાવેશ થાય છે. ભારતે પાકિસ્તાન સાથે હાઈડ્રોલોજિકલ ડેટા શેર કરવાનું પણ બંધ કરી દીધું છે, જેના કારણે પાકિસ્તાન નદીઓમાં પાણીના પ્રવાહમાં વધારો અને ઘટાડો અંગે માહિતી મેળવી શકતું નથી.

પાકિસ્તાન વારંવાર ભારતીય પ્રોજેક્ટ્સ પર શોક વ્યકત કરે છે, પરંતુ તેનો વાસ્તવિક ભય તેનાથી આગળ રહેલો છે. ઈસ્લામાબાદને ડર છે કે ભારત ઉપરવાસના વિસ્તારોમાં પાણીનો નિયંત્રણ કબજે કરી શકે છે. તાજેતરમાં, ભારતના જળ ઉર્જા મંત્રી, ઝઈ પાટીલે જણાવ્યું હતું કે ૨૦૨૮ સુધીમાં પાણીનું એક પણ ટીપું પાકિસ્તાન સુધી પહોંચવા દેવામાં આવશે નહીં. આ નિવેદનથી ભારતીય પ્રોજેક્ટ્સ અંગે પાકિસ્તાનમાં ભય પેદા થયો છે.

સિંધુ જળ સંધિ પર ભારતના કડક વલણ બાદ, પાકિસ્તાન પ્રતિ-પગલાં પર ચર્ચા કરી રહ્યું છે. આ પગલાંમાં રાજકીય પહેલ, રાજદ્વારી કામગીરી અને પાણીના મુદ્દા પર નવી દિલ્હીના પ્રહારોને ટાળવા માટે વ્યૂહાત્મક સંરક્ષણ પદ્ધતિઓનો સમાવેશ થાય છે. પાકિસ્તાનના રાજકીય અને લશ્કરી નેતૃત્વએ વારંવાર ભાર મૂક્યો છે કે પાણીનો મુદ્દો રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો છે અને પાકિસ્તાન માટે, અસ્તિત્વનો મુદ્દો છે.

પાકિસ્તાને તાજેતરમાં ઈસ્લામાબાદમાં સિંધુ જળ સંધિ અંગે એક આંતરરાષ્ટ્રીય સેમિનારનું આયોજન કર્યું હતું. સેમિનારમાં પાકિસ્તાનને સિંધુ સંસ્કૃતિ પર આધારિત સિંધુ નદીના વારસાના દાવેદાર તરીકે રજૂ કરવામાં આવ્યું હતું. તેમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે ભારત એકમાત્ર ઉપલા-નદીવાળો દેશ નથી જેમાં સામેલ છે. આ વિવાદમાં ચીનને સામેલ કરવાનો સંકેત છે. વિશ્લેષકોએ નિર્દેશ કર્યો હતો કે સિંધુ અને તેની મુખ્ય ઉપનદીઓ હિમાલય અને કિંઘાઈ-તિબેટીયન ઉચ્ચપ્રદેશમાંથી ઉદ્ભવે છે.

# વાહન ટ્રાન્સફર અને NOC માટે પરિવહન પોર્ટલ પર આધાર લિંક કરવું ફરજિયાત

## ભારત સરકારે પરિવહન પોર્ટલ પર એક મહત્વપૂર્ણ સુધારો કર્યો

ગાંધીનગર,

દેશભરમાં વાહન માલિકીની તબદીલી અને નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ ર્દ્બઝ મેળવવાની પ્રક્રિયાને વધુ પારદર્શક, સુરક્ષિત અને સરળ બનાવવાના હેતુથી ભારત સરકાર દ્વારા પરિવહન પોર્ટલ પર એક મહત્વપૂર્ણ સુધારો કરવામાં આવ્યો છે.

આ નવી વ્યવસ્થા અંતર્ગત હવે વાહનની માલિકી ફેરફાર અને અન્ય રાજયોમાં વાહન તબદીલ કરવાના કિસ્સામાં પરિવહન પોર્ટલ પર આધાર કાર્ડ લિંક કરવું ફરજિયાત કરવામાં આવ્યું છે. ગુજરાત સહિત દેશભરમાં આ નિર્ણયનો અમલ ગત ૧૫ જુલાઈ ૨૦૨૬થી કરી




દેવામાં આવ્યો છે.

વાહન ધરાવતા તમામ નાગરિકોને વાહન રેકોર્ડ અને આધાર કાર્ડના રેકોર્ડમાં કોઈપણ પ્રકારની વિસંગતતા કે સમસ્યા સર્જાય નહીં તેવા હેતુથી આ બે સુધારા કરાયા છે. જેવા કે

આ પ્રક્રિયા અંતર્ગત દરેક અરજદારે પોતાના આધાર કાર્ડની વિગતો પરિવહન પોર્ટલ પર દાખલ કરવાની રહેશે. જો આધાર કાર્ડની વિગતો સંપૂર્ણ મેચ હશે તો જ વાહન માલિકી બદલવાની પ્રક્રિયા ઓનલાઈન માધ્યમથી પૂર્ણ થઈ શકશે.

આધાર કાર્ડ અને પરિવહન પોર્ટલની વિગતોમાં કોઈ તફાવત જણાશે તો અરજદારે પોતાના ડ્રાઈવિંગ લાયસન્સની વિગતો દાખલ કર્યા બાદ જ આ પ્રક્રિયા આગળ વધશે. આ ઉપરાંત જો આરસી બુક અને ડ્રાઈવિંગ લાયસન્સની વિગતોમાં પણ કોઈ વિસંગતતા હોય તો તેવા કિસ્સામાં અરજદારે જરૂરી આધાર-પુરાવા સાથે સંબંધિત આર.ટી.ઓ. કચેરીએ રૂબરૂ જઈને જ પ્રક્રિયા પૂર્ણ કરાવવાની રહેશે.

# અમરેલી જિલ્લાના નાસતા ફરતા ૧૦ આરોપીઓની યાદી જાહેર

## ચોક્કસ માહિતી આપનારને રૂ.૧૦,૦૦૦નું ઈનામ આપવાની જાહેરાત કરતા જિલ્લા પોલીસ અધિક્ષક





અમરેલી:રાજ્ય સરકારના ગૃહ વિભાગના ઠરાવ મહક/૧૦૯૮/૫૨૮(૧) વ તા.૧૭.૦૮.૨૦૨૨ના અનુસંધાને પોલીસ અધિક્ષકશ્રી અમરેલી દ્વારા અમરેલી જિલ્લાના નાસતા ફરતા ટોપ - ૧૦ આરોપીઓની યાદી પ્રસિદ્ધ કરી છે. આ આરોપીઓ વિશે સાચી માહિતી આપનારને રૂ. ૧૦,૦૦૦નું ઈનામ આપવામાં આવશે. વધુમાં આ અંગે ચોક્કસ માહિતી આપનારની સલામતી માટે તેમની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે.

આ યાદી મુજબ આરોપી નં. ૦૧ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના ફ.ગુ.ર.નં. ૧૮૫/૨૦૦૫ ઈ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૬, ૧૮૦ ના આરોપી મગન ચીમન ગોહિલ, સરનામું – કેવન બારીયા, જિ.દાહોદ, હાલ રહે. અમરેલી, રંગપુર રોડ, દિનેશભાઈની વાડીએ, જિ. અમરેલી. આરોપી નં. ૦૨ લાઠી પોલીસ સ્ટેશનના ફ.ગુ.ર.નં. ૪૧/૧૯૯૪ ઈ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦, ૧૧૪ના આરોપી છલીયા ભાવસિંહ પલાસ, રહે. સરસોલા, વીરસીંગ ફળિયા, જિ.દાહોદ. આરોપી નં. ૦૩ બાબરા પોલીસ સ્ટેશનના ફ.ગુ.ર.નં. ૧૬/૧૯૯૯ ઈ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૬ના રામદાસ ઉર્ફે કાળુ અમરદાસ ગોંડલીયા, રહે. ચમારડી તા. બાબરા, જિ. અમરેલી. આરોપી નં. ૦૪ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના ફ.ગુ.ર.નં. ૭૦/૧૯૯૭ ઈ.પી.કો. કલમ ૪૦૬,૪૨૦ આરોપી બાબુભાઈ એસ.પટેલ, રહે, પાલનપુર જિ. બનાસકાંઠા. આરોપી નં. ૦૫. સાવરકુંડલા પોલીસ સ્ટેશનના ફ.ગુ.ર.નં. ૫૪/૨૦૧૨ ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, વૈભવ બીપીનભાઈ માટલીયા, રહે. મગીયા શેરી, તા. સાવરકુંડલા, જિ. અમરેલી.

આરોપી નં. ૦૬ રાજુલા પોલીસ સ્ટેશનના સે.ગુ.ર.નં. ૧૮૫/૧૯૮૮ ઈ.પી.કો. કલમ ૫૦૬(૨)ના આરોપી ગોબર નાથા પટેલ, રહે. દાતરડી,તા. રાજુલા, જિ, અમરેલી. આરોપી નં. ૦૭ રાજુલા પોલીસ સ્ટેશનના ફ.ગુ.ર.નં. ૭૨/૨૦૦૫ ઈ.પી.કો ૪૦૬ના આરોપી ત્રિકમલાલ કે. ચાવડા, રહે. ખેરવા, તા. દશાડા, જિ. સુરેન્દ્રનગર.

આરોપી નં. ૦૮ ધારી પોલીસ સ્ટેશનના પ્રો.હી. ગુ.ર.નં. ૨૪૬/૨૦૧૩ પ્રો.હી. કલમ નં. ૧૧૬(બી) ૮૧ના આરોપી અશોકભાઈ મારવાડી, રહે. નડીયાદ, તા.નડીયાદ, જિ. ખેડા. આરોપી નં. ૦૯ ખાંભા પોલીસ સ્ટેશનન ગુ.ર.નં ૧૧૧૯૩૦૨૭૨૧૦૫૨૬/૨૦૨૧ ઈ.પી.કો. કલમ નં. ૩૬૩,૩૭૬(૨)(જે)(એન), ૩૨૮ તથા પોક્સ એક્ટ, કલમ ૪, ૮ના આરોપી ગણપતભાઈ નાનજીભાઈ પરમાર, રહે બાવળા, જિ. અમદાવાદ. આરોપી નં. ૧૦ રાજુલા પોલીસ સ્ટેશનન ગુ.ર.નં ૧૫૨/૨૦૦૩ ઈ.પી.કો. કલમ નં ૪૦૬ના આરોપી પ્રકાશ રતિલાલ બધાણી, રહે. પીપાવાવ, તા. રાજુલા, જિ. અમરેલી મુળ રહે. મુંબઈ, મલાડની જાહેરાત કરવામાં આવી છે.ઉક્ત આરોપીઓ અંગેની ચોક્કસ વિગતો હોય તેમણે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીનો સંપર્ક કરવા માટે જણાવાયું છે.

# ખાંભાના નાની ધારી ગામે થયેલ હત્યાના આરોપીઓને પકડી પાડતી અમરેલી એલ.સી.બી.



અમરેલી: ખાંભા તાલુકાના નાની ધારી ગામે રહેતા જયરાજભાઈ ઉર્ફે લાલાભાઈ ગોદડભાઈ ધાખડા ગત તા.૧૫ નાં રોજ પોતાની મોટર સાયકલ પાછળ શકિતરાજભાઈ અમરૂભાઈ વાળાને બેસાડીને નાની ધારી ગામ તરફ જતા હોય, તે દરમિયાન જાફરાબાદ તાલુકાના કંથારીયા ગામે રહેતા આરોપી મયુરભાઈ વલકુભાઈ વરૂ તથા અજાણ્યા ત્રણ ઈસમો ફોર વ્હીલ લઈને આવી અને અંગત મનદુ:ખ રાખી આ જયરાજભાઈની મોટર સાયકલ સાથે ફોર વ્હીલ અથડાવી અન મોટર સાયકલ ઉપર સવારને બન્નેને પછાડી દઈ, ફોર વ્હીલ કારમાંથી આરોપી મયુરભાઈ તથા અજાણ્યા માણસો નીચે ઉતરી જયરાજભાઈને તલવાર, કુહાડી, લોખંડના પાઈવ વડે માર મારી, ગંભીર ઈજાઓ કરી, આ જયરાજભાઈનું મોત નિપજાવી ગુનો કરેલ હોય, જે અંગે ગૌતમભાઈ ધીરૂભાઈ વાળાએ પોલીસમાં જાહેર કરતા આરોપીઓ મયુરભાઈ વલકુભાઈ વરૂ તથા અજાણ્યા ત્રણ ઈસમો વિરૂધ્ધમાં ખાંભા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાય હતી.

અમરેલી એલ.સી.બી.પોલીસ ઈન્?સ.સી.પી.વાઘેલા તથા એલ.સી.બી. ટીમ દ્વારા ખાંભા તાલુકાના નાની ધારી ગામે ખુનના ગંભીર ગુનો કરી ફરાર થયેલ આરોપીઓને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે જાફરાબાદ તાલુકાના કંથારીયા ગામે રહેતા આરોપી મયુરભાઈ વલકુભાઈ વરૂ, ધારી તાલુકાના ડુંગરી ઈંગોરાળા ગામે રહેતા ચાપરાજભાઈ દિલુભાઈ વાળા, જાફરાબાદ તાલુકા ના બાલાની વાવ ગામે રહેતા સુરેશભાઈ મધુભાઈ વરુ તથા રાજુલા તાલુકાના ચોત્રા ગામે રહેતા ઉમેશભાઈ કથુભાઈ વરૂ સહિત ચાર આરોપીઓને પકડી પાડી, આગળની કાર્યવાહી થવા ખાંભા પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ છે.

# અમરેલીના ખીજડિયા ખારી ગામે કુવામાં ડૂબી જતાં વૃદ્ધનું મોત



અમરેલી:અમરેલી ફાયર કંટ્રોલ રૂમને ટેલિફોનિક જાણ કરવામાં આવી હતી કે, ખીજડિયા ખારી ગામે પ્રવીણભાઈ મોહનભાઈ પઢિયારની વાડી વિસ્તારમાં આવેલ કુવામાં એક વ્યક્તિ ડૂબી ગઈ છે.

આ બનાવની જાણ મળતા જ ઈન્ચાર્જ ફાયર ઓફિસર એચ.બી. બાંભણિયાના માર્ગદર્શન હેઠળ અમરેલી ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી પહોંચી હતી.

ફાયર ટીમે પોતાની સૂઝબૂઝ અને અનુભવના આધારે કુવામાંથી ડૂબી ગયેલા વ્યક્તિના મૃતદેહનું સફળ રેસ્ક્યુ કરી બહાર કાઢ્યો હતો. અને જરૂરી કાર્યવાહી બાદ મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો.

આ બનાવમાં મૃતકની ઓળખ જખવાડીયા હિંમતભાઈ મોહનભાઈ (ઉ.વ.૮૦), રહે. ખીજડિયા ખારી તરીકે થઈ છે.

આ રેસ્ક્યુ કામગીરીમાં ફાયર કર્મચારી ભગવતસિંહ ગોહિલ, ડાભી સવજીભાઈ, ભુરીયા જગદીશભાઈ અને પરમાર કૌશિકભાઈએ નોંધપાત્ર કામગીરી બજાવી હતી. આ બનાવ અંગે આગળની કાર્યવાહી સંબંધિત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

# અમરેલી- સાવરકુંડલામાં નવા રસ્તા તો બનાવી નાખ્યા; પાણીના નિકાલની વ્યવસ્થા ન હોવાથી ૮ દિ'થી ભરાવો

અમરેલી:

અમરેલીમાં નવા રસ્તાના કામના કારણે ઠેર ઠેર ખોદકામ કરી નખાતા વાહન ચાલકોને હાલાકી વેઠવી પડે છે. નાના બસ સ્ટેન્ડ ચોકમાં સામાન્ય વરસાદમાં પાણી ભરાય છે.અમરેલીમાં નવા રસ્તાના કામના કારણે ઠેર ઠેર ખોદકામ કરી નખાતા વાહન ચાલકોને હાલાકી વેઠવી પડે છે. નાના બસ સ્ટેન્ડ ચોકમાં સામાન્ય વરસાદમાં પાણી ભરાય છે.અમરેલી અને સાવરકુંડલા શહેરમાં પાછલા કેટલાક સમયગાળામાં અણઘડ રીતે રસ્તાઓ બનાવવામાં આવતા અને તેમાં વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા રાખવામાં ન આવતા સામાન્ય વરસાદમાં પણ ઠેર ઠેર પાણીનો ભરાવો થઈ રહ્યો છે. વળી પાણીના ભરાવામાં ખાડા પડી જતા હોય આ ખાડાઓ ન દેખાવાથી વાહન ચાલકોની મુશ્કેલી વધી છે.




અમરેલીમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા છેલ્લા એક વર્ષ કરતા વધુ સમયથી મુખ્ય રસ્તાનું કામ ચાલી રહ્યું છે. જો કે અનેક સ્થળે પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી નથી. ભારે વરસાદના સંજોગોમાં તો શહેરના દરેક વિસ્તારમાં પાણી ભરાઈ છે. પરંતુ કેટલાક વિસ્તારો એવા છે જ્યા સામાન્ય વરસાદ પડે ત્યારે પણ પાણીનો ભરાવો થાય છે. અમરેલીના ફોરવર્ડ સર્કલ પર આ પ્રકારની સ્થિતિ જોવા મળે છે. આ ઉપરાંત નાના બસ સ્ટેન્ડ ચોકમાં પણ આ જ સ્થિતિ છે.

આવી જ સ્થિતિ સાવરકુંડલા શહેરમાં પણ જોવા મળે છે. અહી મેઈન બજારમાં ઢોળાવવાળા માર્ગ નજીક પાણીનો ભરાવો થાય છે. જેના કારણે વેપારીઓ પરેશાન થઈ ગયા છે. સાવરકુંડલાના મહુવા રોડ પર પણ અનેક સ્થળે પાણી ભરાઈ છે.

અમરેલીમાં નવા રસ્તાના કામના કારણે ઠેર ઠેર ખોદકામ કરી નાખવામાં આવ્યું છે. જેના કારણે વાહન ચાલકોને હાલાકી વેઠવી પડે છે.

# બગસરામાં વધુ ૧૦ મીમી, વડિયા-અમરેલીમાં ઝાપટાં

## અમરેલીના હનુમાન પરામાં પાણી ભરાતા બાઈકચાલક ખાબક્યા

અમરેલી:

અમરેલી જિલ્લામાં રવિવાર બાદ સોમવારે પણ વિવિધ તાલુકાઓમાં હળવાથી મધ્યમ વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જ્યારે શહેરો અને ગામડાઓમાં લોકોને ગરમી અને ઉકળાટમાંથી રાહત મળી હતી.જિલ્લામાં આજે બગસરામાં સૌથી વધુ ૧૦ મીમી વરસાદ નોંધાયો હતો. ઉપરાંત વડીયામાં ૯ મીમી, અમરેલીમાં ૮ મીમી, બાબરામાં ૬ મીમી, ખાંભામાં ૫ મીમી, સાવરકુંડલામાં ૪ મીમી, ધારીમાં ૨ મીમી તથા જાફરાબાદમાં ૧ મીમી વરસાદ નોંધાયો હતો.જો કે ખેડૂતો સારા વરસાદની હજુ પણ રાહમાં છે. ખેડૂતો ખરીફ પાકની જાળવણી સહિતની કામગીરીમાં વ્યસ્ત બન્યા છે. આગામી દિવસોમાં પણ સારા વરસાદ પડવાની શક્યતા વ્યકત કરવામાં આવી રહી છે.



# મોરબી ખાતે રહેતા આરોપીએ ટાઈલ્સ આપવાના બહાને ૧ લાખ લીધા બાદ કરી ઠગાઈ

અમરેલી:

લાઠીના વેપારી પાસે મોરબી ખાતે રહેતા આરોપીએ ટાઈલ્સનો ઓર્ડર મેળવી અને એડવાન્સ પેટે રૂપિયા ૧ લાખ મેળવી લીધા બાદ ઓર્ડર મુજબ સ્ટાઈલ્સ કે રકમ પરત નહીં આપતા લાઠીના વેપારી પાસે મોરબી ખાતે રહેતા આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે

લાઠી ગામે આવેલ લુવારીયા દરવાજા પાસે રહેતા પીયુષભાઈ અરવિંદભાઈ ગાંગડીયા નામના ૨૭ વર્ષીય વેપારી શકિત ટ્રેડસ નામની દુકાન ચલાવતા હોય અને મોરબી ગામે રહેતા શૈલેષભાઈ ઉર્ફે બાબુભાઈ હુંબલ નામના આરોપી છેલ્લા માસથી આ વેપારીને સ્ટાઈલ્સ ખરીદવા સારૂ ઓર્ડર લખાવાનુ કહેતા હતા. તેથી આ વેપારીએ મોરબીના ઈસમને એક હજાર બોકસ સ્ટાઈલ્સનો ઓર્ડર આપી ઓર્ડર સાથે એડવાન્સ પેટેના રૂપિયા ૧,૦૦,૦૦૦ લાઠી ગામેથી પી. શૈલેષ આંગડીયા પેઢી મારફતે આરોપીને મોરબી પી શૈલેષ આંગડીયા પેઢીમાં રૂપિયા ૧,૦૦,૦૦૦ મોકવેલ હતા. અને આરોપીને આ પૈસા મળી જતા લાઠીના વેપારીને આજદિન સુધી ફોન કે મેસેજનો જવાબ નહી દઈ અને લાઠીના વેપારીને પૈસા પરત નહીં કરી કે, માલ નહી આપી મોરબીના આરોપીએ લાઠીના વેપારીને તેની પાસેથી ટાઈલ્સ આપવાના બહાને રૂા.૧,૦૦,૦૦૦ મેળવી લઈ ઠગાઈ કાર્યની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે

# બગસરા શહેરમાં ભૂગર્ભ ગટરના ઢાંકણા રોડથી નીચે ઉતરી જતા અકસ્માતનો ભય

બગસરા:બગસરા શહેરમાં પાલિકા દ્વારા ભૂગર્ભ ગટરની સુવિધા શરૂ કરાયા બાદ તેનો વેરો પણ નિયમિત વસૂલવામાં આવી રહ્યો છે. પરંતુ શહેરના મુખ્ય માર્ગો તેમજ વિવિધ સોસાયટીઓમાં આવેલા ભૂગર્ભ ગટરના ઢાંકણા રોડની સપાટીથી અડધો ફૂટથી એક ફૂટ સુધી નીચે ઉતરી જતાં વાહન ચાલકો અને રાહદારીઓ માટે અકસ્માતનું જોખમ ઊભું થયું છે.વરસાદી માહોલમાં પાણી ભરાઈ જતાં આ ખાડા દેખાતા ન હોવાથી વારંવાર અકસ્માતની ઘટનાઓ બની રહી છે.



શહેરના અનેક વિસ્તારોમાં કેટલાક ઢાંકણા તૂટેલી હાલતમાં છે. ઉપરાંત કેટલીક જગ્યાએ ગટરના પાણી રોડ પર વહેતા હોવાથી સમસ્યા વધુ ગંભીર બની છે.લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રોડનું નિર્માણ કરતી વખતે ગટરના ઢાંકણા અને રોડનું લેવલ સમાન રાખવાની જવાબદારી હોવા છતાં કામગીરીમાં બેદરકારી રાખવામાં આવી છે.

અનેક રજૂઆતો છતાં સમસ્યાના નિરાકરણ માટે અસરકારક પગલાં લેવામાં આવ્યા નથી. વરસાદી ઋતુ દરમિયાન આ સ્થિતિ વધુ જોખમી બની હોવાથી કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં શહેરના તમામ ઊંડા ઉતરી ગયેલા અને તૂટેલા ભૂગર્ભ ગટરના ઢાંકણાનું તાત્કાલિક સમારકામ અને લેવલિંગ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

# સુત્રાપાડાની સોલાજ પ્રાથમિક શાળામાં દીપડાનાં આંટા ફેરા

(કૈલૈશ ભટ્ટ દ્વારા) ઉના:

સુત્રાપાડાના સોલાજ ગામની શ્રી સોલાજ પ્રાથમિક શાળામાં પણ દીપડાના અવારનવાર પ્રવેશની ઘટના સામે આવતા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોમાં ચિંતાનો માહોલ સર્જાયો છે.

શાળાના આચાર્ય દ્વારા સુત્રાપાડા રેન્જના વન વિભાગને લેખિત રજૂઆત કરીને જણાવ્યું છે કે શાળામાં બાલવાટિકાથી ધોરણ-૮ સુધી કુલ ૧૯૨ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શાળાનો સમય સવારે ૧૦:૩૦થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધીનો છે.

શાળાની આસપાસ વાડી વિસ્તાર હોવાથી અહીં વારંવાર દીપડા જોવા મળે છે, જેના કારણે વિદ્યાર્થીઓની સુરક્ષાને લઈને ગંભીર ચિંતા ઉભી થઈ છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ, તા. ૧૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ રવિવારે સવારે અંદાજે ૮:૩૦ વાગ્યે બે દીપડા શાળાની દિવાલ કૂદીને શાળાના મેદાનમાં પ્રવેશ્યા હતા. તે દિવસે શાળામાં રજા હોવાથી કોઈ વિદ્યાર્થી કે સ્ટાફ હાજર ન હોવાથી જાનહાનિ ટળી હતી.

આચાર્યએ વન વિભાગને શાળાની આસપાસ પીંજરું મૂકીને દીપડાને ઝડપી અન્ય સુરક્ષિત વિસ્તારમાં ખસેડવા, શાળા પરિસરમાં નિયમિત પેટ્રોલિંગ કરવા તેમજ જરૂરી સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવા વિનંતી કરી છે.

# રાજુલામાં ખુલ્લા વીજ વાયરોનો કહેર:કરંટ લાગતાં આખલાનું મોત

રાજુલા:રાજુલાના આંબેડકર સર્કલથી જાફરાબાદ રોડ વચ્ચે આવેલા ટ્રાન્સફોર્મર પાસે ખુલ્લા વીજ વાયર અને લટકતા તારના કારણે વહેલી સવારે એક આખલાને કરંટ લાગતાં તેનું મોત નીપજ્યું હતું. બનાવ બાદ સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો હતો.



લોકોએ જણાવ્યું હતું કે ઘટના સ્થળે લાંબા સમય સુધી કરંટનો પ્રવાહ ચાલુ રહેતાં કોઈ વ્યક્તિ આખલાની નજીક જઈ શકી ન હતી. બાદમાં કરંટ બંધ થયા પછી દુકાનદારોએ મૃત આખલાને બહાર કાઢી અન્યત્ર ખસેડ્યો હતો.

ગંભીર ઘટના બન્યા છતાં શરૂઆતમાં PGVCLનો કોઈ અધિકારી ઘટના સ્થળે પહોંચ્યો ન હતો.મોડે મોડે અકસ્માતની જાણ થયા બાદ અધિકારીઓ આવ્યા હતા.વેપારીઓએ જણાવ્યું હતું કે છેલ્લા એક વર્ષથી આ જોખમી વીજપોલ અને ટીસી અંગે અનેક વખત લેખિત રજૂઆત કરવા છતાં માત્ર અંડરગ્રાઉન્ડ વાયરિંગ થશે એવી ખાતરી સિવાય કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

ઘટના સ્થળથી ૧૦૦ ફૂટ દૂર ICICI બેંક નજીક પણ આવી જ સ્થિતિ છે. અહીં ગ્રાહકો અને રાહદારીઓ સતત જોખમ વચ્ચે અવરજવર કરે છે. વરસાદી દિવસોમાં પાણી ભરાવાથી શોર્ટ સર્કિટ અને કરંટ ફેલાવાનો ભય પણ વધે છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા લોકોમાં માંગ ઉઠી છે.

# સાવરકુંડલા-લીલીયામાં ત્રણ રેલવે અન્ડરબ્રિજને મંજૂરી

## રૂ. ૩૨.૫૪ કરોડના ખર્ચે નિર્માણ થશે, ફાટક મુક્ત બનશે વિસ્તાર

અમરેલી:સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારમાં ત્રણ રેલવે અન્ડરબ્રિજ બનાવવા માટે કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ માટે રૂ. ૩૨.૫૪ કરોડનો ખર્ચ થશે. આ અન્ડરબ્રિજ લીલીયાના જાહેર હોસ્પિટલ નજીક, અમરેલી-ક્રાંકચ રોડ પરના નાના લીલીયા ફાટક અને સાવરકુંડલાના સ્મશાન પાસે બનશે. આ માટે ટેન્ડર પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ છે.



ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ટ્રાફિકની સમસ્યા, વિદ્યાર્થીઓ, ખેડૂતો, વેપારીઓ, દર્દીઓ અને ઈમરજન્સી સેવાઓને પડતી મુશ્કેલીઓ અંગે રેલવે વિભાગમાં રજૂઆતો કરી હતી.

આ અન્ડરબ્રિજોના નિર્માણથી રેલવે ફાટકો બંધ રહેવાને કારણે થતી લાંબી રાહ, ટ્રાફિક જામ અને અકસ્માતોનું જોખમ ઘટશે. એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડ જેવી ઈમરજન્સી સેવાઓ ઝડપથી પહોંચી શકશે, જેનાથી નાગરિકોનો કિંમતી સમય પણ બચશે.

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ આ મંજૂરી બદલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને અમરેલી જિલ્લાના સાંસદ ભરતભાઈ સુતરીયાનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું કે, 'ફાટક મુક્ત સાવરકુંડલા-લીલીયા' પ્રજાની સુરક્ષા, સમયના સન્માન અને આધુનિક વિકાસ તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે.

# સાક્ષી મરણ જતા નામ કમી કરાવવાની કાર્યવાહી કરતી પેરોલ ફર્લો સ્કવોર્ડ

અમરેલી:

અમરેલી પોલીસ અધિક્ષક દ્વારા જિલ્લાના નાસતા ફરતા આરોપી તથા ફરાર કેદીઓ પકડવા તેમજ ટાર્ગેટેડ જુના કેસોના આરોપીઓ પકડવા અને સાક્ષીઓને હાજર રખાવવા સારૂ જરૂરી સુચના આપેલ હતી. જેથી અમરેલી એલ.સી.બી. પોલિસ ઈન્સ. સી.પી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો ટીમ દ્વારા સાવરકુંડલાના એડી.ચીફ. જ્યુડી. મેજી.સા. કોર્ટ દ્વારા ફો.કે. નં.૪૪૫/૨૦૧૪ IPC ક.૪૦૬,૪૨૦ ,૧૧૪ મુજબના ગુન્હાના કામના સાક્ષી જીવરાજભાઈ અરજણભાઈ દોંગા (રહે.મીઠાપુર ડુંગરી ચલાલા) જે છેલ્લા ૧૧ વર્ષથી પોતે ઉપરોકત ગુન્હાના કામે કોર્ટમાં હાજર રહેલ ન હોય જે બાબતે અમરેલી પેરોલ ટીમ મારફતે સાક્ષી બાબતે તપાસ તજવીજ કરાવતા મજકુર ઈસમ મરણ ગયેલ હતા. જેથી પેરોલ ટીમ દ્વારા મજકુર સાક્ષીના સગા-સંબંધીનો ટેલીફોનીક સંપર્ક કરી ખરાઈ કરી આ સાક્ષીના મરણના આધાર પુરાવા મેળવી સદરહુ કામગીરી કરેલ હતી.

# ટ્રાફિક સમસ્યા વકરી:અમરેલીમાં રાજકમલ, લાઈબ્રેરી ચોક સહિત મુખ્ય માર્ગો પર પશુનો અડીંગો



અમરેલી:અમરેલી શહેરના રાજકમલ ચોક, લાઈબ્રેરી ચોક, હરી રોડ તથા સ્ટેશન રોડ સહિતના મુખ્ય માર્ગો પર રખડતા ઢોરનો ત્રાસ દિવસેને દિવસે વધી રહ્યો છે.રસ્તાની વચ્ચોવચ મોટી સંખ્યામાં ગાયો બેસી રહેતાં વાહનચાલકો, રાહદારીઓ તેમજ વેપારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ખાસ કરીને વ્યસ્ત સમય દરમિયાન માર્ગ પર ઢોરના ઝુંડ બેસી જતાં વાહનોની અવરજવર ધીમી પડી જાય છે અને ટ્રાફિકજામ જેવી સ્થિતિ સર્જાય છે. બાઈક ચાલકો ઢોર વચ્ચેમાંથી પસાર થવું પડતું હોવાથી અકસ્માતનો ભય વધે છે.અમરેલીમાં રખડતા ઢોરની સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી. શહેરના મુખ્ય માર્ગો પર રોજબરોજ આવી સ્થિતિ સર્જાતી હોવાથી તંત્ર દ્વારા ઢોર પકડવાની ઝુંબેશ હાથ ધરી શહેરને રખડતા ઢોરના ત્રાસમાંથી મુક્ત કરાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.